# નિકાહ તથા તલાક઼ સંબંધી શરઈ માર્ગદર્શન


સંપાદક

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)



પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web. barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૨૦૩ આવૃત્તિ-૨ પ્રત: ૪૦૦૦

૨૫ સફરુલ મુઝફ્ફર હિ.સ. ૧૪૩૫ ડિસેમ્બર-૨૦૧૩

નૂરાની આર્ટ-દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ❊ પ્રકાશકના બે બોલ...... | 03 |
| (પ્રકરણ : ૧) | |
| ❊ આ આપણી શાદીઓ છે કે આપણી બર્બાદીઓ ?! | 05 |
| (પ્રકરણ : ૨) | |
| ❊ શાદીની મોસમ કે ફુઝૂલખર્ચી તથા બેહયાઈઓની મોસમ ! | 15 |
| (પ્રકરણ : ૩) | |
| ❊ વહાબીઓ સાથે નિકાહ શા માટે નહીં ?! | 25 |
| (પ્રકરણ : ૪) | |
| ❊ દહેજની માંગણી કરનારાઓ સાવધાન! | 33 |
| (પ્રકરણ : ૫) | |
| ❊ નિકાહમાં ઓછામાં ઓછી મહેર કેટલી રાખી શકાય ? | 39 |
| (પ્રકરણ : ૬) | |
| ❊ એક નઝર ઈધર ભી ! | 41 |
| (પ્રકરણ : ૭) | |
| ❊ સ્ત્રીઓને તલાકનો અધિકાર કેમ નથી ?! | 45 |
| (પ્રકરણ : ૮) | |
| ❊ એક બેઠકમાં ત્રણ તલાકોનો શરઈ હુકમ કુર્આન તથા હદીષની રોશનીમાં | 52 |
| (પ્રકરણ : ૦૯) | |
| ❊ વર્તમાનકાળમાં આડેધડ થતી તલાકો અને તેનું નિવારણ | 59 |
| (પ્રકરણ : ૧૦) | |
| ❊ તલાક઼ વિશે સવાલ જવાબ | 79 |
| (પ્રકરણ : ૧૧) | |
| ❊ તલાક઼ની અધિક્તાના સબબો તથા તેનો ઈલાજ | 81 |




# પ્રકાશકના બે બોલ......

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

ફર્માને ઈલાહી છે :– وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ "અને મેં જિન્નાત તથા માનવી એટલા માટે જ બનાવ્યાં છે કે (તેઓ) મારી બંદગી કરે." *(સૂરએ ઝારિયાત, આયત : ૫૬)*

આ આયત પરથી જાહેરી રીતે તો એ જ સમજાય છે કે માણસે કેવળ આ દુનિયામાં અલ્લાહની ઈબાદત જ કર્યા કરવાની છે, તો પછી માણસ રોજી રોટી કઈ રીતે કમાય શકે, તેમજ અન્ય કામો રોજનીશીનાં ખાવું, પીવું, ઉઠવું, બેસવું, સૂવું, પતિ પત્ની સાથે દાંમ્પત્ય જીવન ગુજારવું, પઢવું, ભણવું, હરવું, ફરવું, ખેતી, વેપાર, ધંધો, નોકરી.....વગેરે કઈ રીતે કરી શકે છે ?!

તો એનો સરળ ખુલાસો એ છે કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના જે હુકમો છે તેની પાબંદી સાથે દુનિયાનાં સર્વ કામો કરતા રહેવું એ પણ રબની ઈબાદતમાં જ ગણાશે. ખાવું, પીવું, સૂવું, વાતચીત કરવી, હરવું, ફરવું, રોજી કમાવી.....વગેરે કામો જો નબી કરીમ ﷺની સુન્નત પ્રમાણે કરવામાં આવશે તો એ સર્વ અલ્લાહની ઈબાદતમાં ગણાશે અને એનો કરનાર સવાબનો હક્કદાર બનશે. ખાશો, પીશો, કમાશો તમે ! અને તમે જ સવાબના હક્કદાર પણ ઠરશો.

એવું જ એક કામ શાદી કરવું, નિકાહ કરવું છે કે જેમાં કેવળ અને કેવળ માણસ જાતનો જ ફાયદો અને દુનિયાદારીનું જ કામ છે, પણ સાથોસાથ એ અલ્લાહના પ્યારા મહબૂબ ﷺની સુન્નત છે. જેમ કે ફર્માવ્યું, "નિકાહ મારી સુન્નત છે, જે મારી સુન્નતથી વિમુખતા કરે તે મારા તરીકા પર નથી." *(બુખારી : ૫૦૬૩, મુસ્લિમ : ૩૪૬૯)* જેથી નિકાહ જો નબી કરીમ ﷺની સુન્નત સમજીને કરવામાં આવે તો તે પણ ઈબાદતમાં ગણાશે અને નિકાહ કરનાર સવાબનો હક્કદાર થશે.



જ્યારે નિકાહ આપણા, આપણી જાનથી પ્યારા નબી ﷺની સુન્નત છે, તો આ સુન્નતને અદા કરવામાં હરામ કામો નબી પાક ﷺનો આશિક઼ કેવી રીતે કરી શકે છે ?! પણ અફસોસ ! કે આજકાલ નિકાહ જેવી મહાન સુન્નતને ગુનાહિત તથા હરામ અને જહન્નમમાં લઈ જનારાં કામોથી એવી રીતે ઘેરી દેવામાં આવેલ છે કે અલ્લાહની પનાહ ! જેથી પ્રસ્તુત કિતાબમાં નિકાહમાં, શાદીઓમાં થતી ખરાબીઓ દર્શાવી છે તથા એનાથી બચવા માટે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો રજૂ કર્યા છે. મુસલમાનો માટે જરૂરી છે કે આ કિતાબનો અભ્યાસ કરે અને તેના મુજબ નિકાહ તથા શાદીઓને અમલમાં લાવે એમાં જ બંનેવ જહાનની બરકતો તથા ભલાઈઓ સમાએલી છે.

તેમજ આજે હાલતાં ચાલતાં તલાક઼ો થઈ રહી છે, સહેજ દિમાગ ઉશ્કેરાયું નથી કે ફટ દઈને ભાઈ એક બે નહીં ત્રણ તલાક઼ બોલી નાખે છે ! બોલતી વેળા વિચારતા નથી, પછી વાસ્તવિક્તાનું ભાન થતાં "હલાલા"થી ભાગવા રસ્તા શોધે છે ! જ્યારે કે **ત્રણ તલાક઼ આપ્યા પછી પત્નીને ફરીથી નિકાહમાં લાવવી હોય તો એના (હલાલા) સિવાય કોઈ ચારો નથી.** જો જૂઠ કે બનાવટ કે બેપરવાહી કરીને હલાલા વિના પત્નીને ફરીથી ઘરમાં રાખી તો **જે સંબંધ થશે તે જીવનભર હરામનો થશે એટલે ઝિના, અને જે ઔલાદ થશે તે હરામની થશે,** આ ઈસ્લામી શરીઅતનો ફેંસલો છે.

જેથી આ બાબતે વિસ્તારપૂર્વક સમજ આપતા લેખો અત્રે સમાવ્યા છે, તથા તલાક઼ આપવી જ પડે એમ હોય તો તેનો તરીક઼ો પણ દર્શાવ્યો છે કે જેમાં તબક્ક઼ાવાર રીતે પ્રથમ એકવાર એક, પછી બીજીવાર એક તલાક઼ આપ્યા બાદ પણ સંજોગો બદલાતાં સ્ત્રીને હલાલા વિના નિકાહ દોહરાવી ફરી ઘરમાં રાખી શકાય છે. પણ ત્રીજી તલાક઼ અથવા એક સાથે ત્રણ આપી દીધી તો હલાલા વિના મૂળ પતિ સાથે ફરી નિકાહ થશે નહીં. સારાંશ કે તલાક઼ વિશે શક્ય તેટલી સમજ પૂરી પાડવામાં આવી છે તેનો પણ દરેક સ્ત્રી પુરૂષે અભ્યાસ કરવો જરૂરી છે. રબ તઆલા આપણને સૌને શરીઅતે મુસ્તફા ﷺ પર ચાલવાની નેક તૌફીક઼ અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૪–ડિસેમ્બર–૨૦૧૩, મંગળવાર, હિ.સ. ૧૪૩૫, ૧૯ સફરુલ મુઝફ્ફર)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ    اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

*....પ્રકરણ : ૧*

# આ આપણી શાદીઓ છે કે આપણી બર્બાદીઓ ?!

આજે કોઈક ઠેકાણે શાદી હોય તો મોટાભાગે આ દશ્ય જોવા મળે છે કે કેટલાક નવયુવાનો, વડીલો, ફટાકડાની હાર ગોઠવે છે, અથવા દારૂગોળાવાળી કોઠીઓ ગોઠવી જોરદાર ધડાકાઓથી સમગ્ર વાતાવરણને હચમચાવી નાખવામાં આવે છે, સાથે સાથે બેન્ડ બાજા પર માઈકો સાથે ફિલ્મી ગીતોની ધૂન ચાલે અને તેના તાલ પર કેટલાક ડાન્સ કરતા હોય છે, વળી કેટલાક ઉત્સાહીઓ બગીમાં ઠાઠથી કોટ પેન્ટ તથા ટાઈ સાથે ચશ્મા લગાડી હારતોરા પહેરલ દુલ્હાને પણ ઉઠાવી લાવે છે અને તેને નચાવે તથા નાચે છે ક્યારેક છોકરીઓ પણ નાચતી હોય છે અને ખૂબ મેકઅપ કરીને બનીને ઠનીને આવેલી યુવતીઓ યુવાનોમાં ભેળસેળ થઈ છૂટથી સૌ આ મન્ઝરની મજા માણે છે, સ્ત્રીઓ ટૂંકી બાંય, પહોળા ગળાના તથા પારદર્શક ચુસ્ત કપડાં પહેરી અંગપ્રર્દશન કરતી પોતાના સૌંદર્ય તરફ પુરૂષોને આકર્ષવાના હેતુથી અવનવા નખરાં સાથે કૂદાકૂદ કરતી હોય છે. યુવાનો યુવતીઓમાં ક્યારેક ઠઠ્ઠા મશ્કરી ચાલે છે, ફિલ્મી ગીતોને કટ કરવાની હરીફાઈ ચાલે છે તેમાં કશીય શરમ વિના છોકરા છોકરીઓ સામ સામે થાય છે, હુરીયો બોલાવાય છે, નજરોને બેલગામ છોડી મૂકીને સૌ





સ્વચ્છંદી વાતાવરણ સર્જીને શૈતાની લિજ્જત માણવામાં ડૂબી જાય છે. કેટલીક જગાએ શરાબ પીને જાનૈયા છાકટા બને છે.

*યહ મુસલમાં હૈ ! જિસે દેખ કે શરમાએ યહૂદ !*

આ પ્રમાણે શરીઅતનું સરે આમ ઉલ્લંઘન કરતાં કરતાં (મુસલમાનભાઈ બહેનોની) બારાત લગ્નના માંડવે પહોંચે છે અથવા ક્યાંક હોલ પર જાય છે. ત્યાં સ્ટેજ પર નિકાહની વિધિ થયા બાદ દુલ્હા દુલ્હનને સાથે સાથે ખુરશી પર બેસાડીને એકબીજાની જાહેરમાં મશ્કરી કરતા ક્રિશ્ચન ટાઈપ અવનવા ખેલ સૌ લોકો સમક્ષ થાય છે. વળી પછી દુલ્હાને મુબારકબાદી આપવા માટે હાર પહેરાવીને સૌ તેને ગળે મળે છે. પુરૂષો તો ઠીક પણ **નામહરમ સ્ત્રીઓ, જુવાન છોકરીઓ તેને ગળે બાઝે છે ! હાથ મેળવવાની વાત નહીં ! બાકાયદા ભેટે છે.** નીચે તે યુવાન બૈરીનો પતિ ઉભો છે, ભાઈ ઉભો છે, બાપ ઉભો છે તે સર્વ આ તમાશો બેશરમ બનીને જોતા રહે છે. (એવાને જ શરીઅતમાં **"દય્યૂષ"** કહેવાય છે, કે જે જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં એવું હદીષમાં છે.)

અને આ સર્વ ચીજોનું પિક્ચર શરૂથી અંત સુધી વીડીઓ પર ઉતરી રહ્યું છે. સર્વનું વારાફરતી શુટીંગ થતું હોય છે. તદ્દન નાચનારી જેવા શણગારો, પોતાના શરીરનું પ્રદર્શન કરતા ડ્રેસીસ પહેરીને આવતી સ્ત્રીઓને વીડીઓ ઉતારનારો અવનવી એક્ટિંગ કરવાનું કહીને તેવા બેશરમીભર્યા પોઝ ઉતારે છે અને પછી આ કેસેટો દેશ વિદેશ સગા સંબંધીઓને જોવા મોકલવામાં આવે છે જ્યાં ફિલ્મના શોની જેમ પોતાની જ પુત્રીઓનું પિક્ચર સર્વ લોકો જોઈને આનંદ માણે છે.

*શર્મે નબી ખૌફે ખુદા, યહ ભી નહીં વો ભી નહીં !*

વળી તદ્દન યહૂદી તથા ક્રિશ્ચન ટાઈપ રસમો શરૂ થઈ ગઈ છે ! દુલ્હા દુલ્હન ક્રિશ્ચન જેવા ડ્રેસમાં સજ્જ થઈને કેક કાપવાની રસમ કરે છે તથા અન્ય ન જાણે શું શું નાટકો થાય છે ! વળી દુલ્હન જે રૂમમાં બેસે છે ત્યાં અન્ય સહેલીઓ હોય છે ત્યાં બિભત્સ ફિલ્મી ગીતો સતત કલાકો સુધી વાગતાં રહે છે, ન કોઈને ખુદાનો ડર ન શરમ ન હયા ! ન નમાઝના સમયનો ખયાલ ! ન શરીઅતના હુકમોની કાંઈ પરવા ! આ બધુ તદ્દન સામાન્ય થતું જઈ રહ્યું છે.

કલ્બમેં સોઝ નહીં રૂહમેં એહસાસ નહીં
કુછ ભી પૈગામે મુહમ્મદ કા તુમ્હેં પાસ નહીં

અને માહોલ એવો થઈ ગયો છે કે કદાચ જ આ ખેલોથી કોઈ ઘર બાકી રહે. કેટલાક **તો બાપુ કહેવાતા તથા મોલ્વી, હાફેઝ કે પીર મુર્શિદોને ત્યાં પણ આ રસમો થાય છે ! ધામધૂમથી બેન્ડબાજા, માઈકો પર ગીતો, મર્દ ઔરતની ભેળસેળ, વીડીઓ શુટીંગ તથા સર્વ ઈસ્લામ વિરૂધ્ધની રસમો થતી અમો જોઈ રહ્યા છીએ !** આવા જ લોકો માટે ડો. ઈકબાલે કહ્યું હશે કે :–

ઉઠા મૈં મદ્રસાઓં ખાનકાહોંસે નમનાક
ન ઝિંદગી, ન મહોબ્બત, ન મઅરેફત, ન નિગાહ !

સાચુ જ કહ્યું છે, કોઈક દર્દે દિલ રાખવાવાળા રહબરે કે, **"બગાડ ઉપરથી આવે છે ! રહબર ભટકે છે તો કૌમ ભટકે છે."** એંજીન પાટા પરથી ઉતરી જાય તો બીચારા ડબ્બા ક્યાં જવાના !

પણ હે મુસલમાનો ! હે રસૂલેપાકના આશિકો ! શરમ કરો ! શરમ કરો ! તમે ક્યાંથી ક્યાં પહોંચી ગયા ! શાદીઓમાં થતી આ રસમો તમારી દુનિયા તથા આખેરત બંને માટે બર્બાદીનો સબબ છે. મારી પ્યારી બહેનો ! **તમે ક્રિશ્ચન કે યહૂદણો નથી પણ તમે હઝરત ફાતમાની કનીઝાઓ છો !** આ નગ્નતાના તમાશા અને બેલગામ નજરો તમને ક્યાં લઈ જશે જાણો છો ?! સાંભળો ! અલ્લાહના રસૂલે ફર્માવ્યું કે :

**"જે કપડાં તો પહેરશે છતાં નગ્ન હશે, પુરૂષોને પોતાની પ્રતિ આકર્ષનારી અને પોતે પુરૂષો તરફ આકર્ષિત થવાવાળી.... આવી સ્ત્રીઓ જન્નતમાં દાખલ નહીં થાય અને જન્નતની ખુશ્બુ પણ એમને મળશે નહીં ! જ્યારે કે જન્નતની ખુશ્બુ દૂર દૂર સુધી પહોંચતી હશે."** *(સહીહ મુસ્લિમ, મિશ્કાત, પેજ–૩૦૬)*

હે બહેનો ! **શું તમને રસૂલુલ્લાહ ﷺ ની વાત પર વિ□ાસ નથી ?** તમારામાં જરા પણ શરમ હોય તો સાંભળો કે આપણને પૈદા કરનાર રબ, આપણને આ રૂપ, રંગ, હાથ, પગ, કાન તથા આ આંખો આપી તે જ રબ પોતાના પ્યારા રસૂલ થકી પયગામ પહોંચાડે છે કે હદીષોમાં છે :–





**"જે સ્ત્રી એટલા માટે શણગાર સજે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે ઝાનિયહ્ (બદ્ચલન) છે !"**

વિચારો ! **ક્યાંક રસૂલે પાક ﷺ ની બોલીમાં તમે તો બદ્ચલન નથી ને !** સાવધાન થઈ જાવ અને શરમને અપનાવો અને ઈજ્જતવાળી બનો. અને દરેકને નજરોને પણ બચાવવાનો હુકમ છે કે આપણો પેદા કરનાર રબ ફર્માવે છે :–

''હે મહબૂબ ! તમે મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની નજરોને નીચી રાખે અને પોતાની શરમગાહની હિફાઝત કરે.'' (સૂરએ નૂર) એ જ પ્રમાણે નજરોને કંટ્રોલ કરવાનો સ્ત્રીઓને પણ કુર્આનમાં હુકમ છે.

હદીષમાં છે કે, **જે આંખ હરામથી ભરવામાં આવશે (હરામ ચીજો જોશે) તે આંખમાં કિયામતમાં આગના સળીયા નાખવામાં આવશે.**

હે મુસલમાન ભાઈઓ તથા બહેનો ! ઈમાની ગૈરતને જાગૃત કરો અને વિચારો કે આ શાદીઓમાં શું થઈ રહ્યું છે ?! અને આપણે એ લાયક છીએ ! કે અલ્લાહની જ ભૂમિ પર રહીને, તેનો જ ખોરાક ખાઈને તેણે જાઈઝ કામ કરવા માટે આપેલ આંખો, કાન, હાથ, પગનો દુરુપયોગ કરીએ પછી કઈ ભલાઈ આપણા ભાગે આવી શકે છે ?!

હદીષમાં એ પણ છે કે, **"જે નામહરમ સ્ત્રી પુરૂષ એક બીજાને મુસાફો કરશે કે હાથ પકડશે તો કિયામતના દિવસે તે હાથોને આગની સાંકળો વડે જક્ડવામાં આવશે."** તો શાદીમાં દુલ્હાને ભેટી પડતી નામહરમ સ્ત્રીઓ વિચારે કે તેણીઓ કેવા ભયાનક અઝાબને વહોરી રહી છે !

જેઓ શાદીની ખુશીના નશામાં ફટાકડા ફોડે છે તેના વિશે આ'લા હઝરત رضي الله عنه ફર્માવે છે : **''આતશબાજી (ફટાકડા... વગેરે)** જે રીતે શાદીઓ અને શબે બરાતની રાતે કરવામાં આવે છે, બેશક ! **હરામ** અને **સંપૂર્ણ ગુનોહ** છે કેમ કે એ માલનો વ્યય છે.

કુર્આનમાં એ લોકોને **''શૈતાનના ભાઈ''** કહેવામાં આવ્યા છે.'' *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૭૭)*

બીજા એક ઠેકાણે શાદીમાં બેન્ડબાજા વિશે આ'લા હઝરતે જણાવ્યું

કે, ''કેવળ ફૂલોનો સેહરો જાઈઝ અને આ જે **વાજાંઓ** શાદીઓમાં વગાડાય છે તથા તેનો રિવાજ છે તે બધું **નાજાઈઝ** તથા **હરામ** છે.'' *(અલ્મલ્ફૂઝ કામિલ, પેજ–૩૮)*

બેન્ડ બાજાંઓ, ગીતો, ગાયનો, તથા ફુહશ (બેહૂદા) વાતો વિશે આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે : આ ગાવા વગાડવાનો જે શહેરોમાં રિવાજ છે તે કશી શંકા વગર મના તથા નાજાઈઝ છે. ખાસ કરીને તે મલઊન તથા નાપાક રસમ કે જે તમીઝ વગરના મૂર્ખ જાહિલોએ મલઊન હુનૂદ શૈતાનોથી આ ગંદી વાત શીખી છે એટલે કે બિભત્સ ગાળોનાં ગીતો ગવડાવવાં અને હાજર રહેલ સ્ત્રી પુરૂષોને લચ્છેદાર સંભળાવવું, દુલ્હા, દુલ્હનના ઘરાનાની પાક દામન ઔરતોને ઝિનાના શબ્દોથી વર્ણન કરવું કરાવવું, ખાસ કરીને આ મલઊન બેહયા રસમનો મજમો ઔરતોમાં થવો, તેઓનું આ નાપાક બિભત્સ હરકત પર હસવું, અટ્ટહાસ્યો કરવાં, પોતાની કુંવારી છોકરીઓને આ બધું સંભળાવીને બદ્લેહાજ, બેગૈરત (બેશરમ), ખબીષ, બદ્તમીજ પુરૂષોના હાજર થવાની જગાએ રાખવી, ક્યારેક નામ માત્રનું લોકોને દેખાડવા માટે એકાદવાર ધમકાવી દેવું પણ સંપૂર્ણ બંદોબસ્ત ન કરવો. **આ બુરી ગંદી રસમ છે, જેના પર અલ્લાહ તઆલાની સેંકડો લાનતો ઉતરે છે.** તેના કરવાવાળા, તેના પર રાજી થનારા, પોતાને ત્યાં તેની (રોકથામ માટે) પૂરતો બંદોબસ્ત ન કરનારા સૌ ફાસિક, ફાજિર, કબીરા ગુનાહમાં પડનારા, જબ્બારના અઝાબના તથા જહન્નમના અઝાબના હક્કદાર છે.... *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૧૦, પેજ–૭૭)*

## ★ શાદી સંબંધે વધુ એક પ્રશ્ન અને તેનો જવાબ ★

**સવાલ** : અમારે ત્યાં મુસલમાનોની શાદી પોતાના પૂરાણા રિવાજ મુજબ જ થાય છે. જેમ કે દુલ્હામિયાંને સેહરો બાંધીને ગળામાં નોટોના હાર નાખી દીધા, હાથમાં તલ્વાર આપીને દુલ્હામિયાંને ઘોડા પર, પાલકીમાં કે ગાડીમાં બેસાડીને સાથે જાનૈયાઓનું મોટું સરઘસ નીકળે છે જેની આગળ ઢોલ, શહનાઈઓ વગાડતા દુલ્હનના ઘરે પહોંચે છે. ત્યાં દુલ્હનવાળા દુલ્હનને સોના ચાંદીનાં ઘરેણા પહેરાવેલ હોય છે. ત્યારબાદ હક્ક પ્રમાણે મહેર નક્કી કરીને ઈમામ સાહબ અને અન્ય વડીલ લોકો શરીઅત પ્રમાણે નિકાહખ્વાની કરે છે. શું પૂરાણા રિવાજ પ્રમાણે થયેલ શાદીમાં દુલ્હા





દુલ્હનના નિકાહ શરીઅતની રૂએ દુરુસ્ત તથા જાઈઝ થયા કે નહીં ? બૈયનૂ તૂજરૂ.

**જવાબ** : જણાવેલ સંજોગોમાં ઢોલ વગાડવું નાજાઈઝ તથા ગુનોહ છે. કેવળ એલાન કરવાના હેતુસર નાબાલિગા (નવ વરસથી નાની) બાળકીઓએ દફ વગાડવાની ઈજાઝત છે, જ્યારે કે સંગીતના કાયદા હેઠળ ન હોય અને ન તેના વગાડવાવાળા મર્દ હોય કે મર્દોના માટે સદંતર મના છે. આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ લખે છે : ''પવિત્ર શરીઅતે શાદીમાં નિકાહના એલાનના હેતુસર કેવળ દફ વગાડવાની ઈજાઝત આપી છે જ્યારે કે શરીઅત પ્રમાણેના હેતુથી આગળ ન વધે. અને શૈતાની લિજ્જત પામવા (મજા માણવા)ની હદો સુધી ન પહોંચે. ઉલમા શર્ત લગાડે છે કે સંગીતના કાયદાઓ પ્રમાણે (દફ) ન વગાડવામાં આવે, તાલ સુરના પ્રમાણે ન હોય ન તેમાં (દફમાં) ઝાંઝર હોય અને તેની (તેને વગાડવાની) રજા કેવળ નાબાલિગા બાળકીઓના માટે છે, નહીં તો મર્દોના માટે દરેક રીતે મકરૂહ છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ–૭૭)*

નવશાને પાલકીમાં, ઘોડા પર તેમજ ગાડીમાં સવાર કરવો જાઈઝ તથા દુરુસ્ત છે. એવું જ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૯, પેજ–૭૭ પર છે. અને સેહરો બાંધવો પણ જાઈઝ તથા દુરુસ્ત છે, પણ એવો સેહરો જે ખાસ હિંદુઓમાં રિવાજ છે તે નાજાઈઝ છે. એવું ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૧૨ પર છે.

અને **નોટોનો હાર નાજાઈઝ** છે કે હાર કેવળ ફૂલોનો જ જાઈઝ છે. અને જ્યાં સુધી નિકાહની વાત છે તો નિકાહ તો દરેક રીતે થઈ જાય છે, એમાં કાંઈ વાંધો આ નાજાઈઝ કામોના સબબે નથી પડી શક્તો.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ અજમલહુસૈન બલરામપુરી *(દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ, બસ્તી, યુ.પી., બહવાલા માહનામા કન્ઝુલ ઈમાન–દિલ્હી, ફેબ્રુ.–૦૪)*

તો જેઓ અલ્લાહની આપેલી દૌલતનો નાજાઈઝ ઉપયોગ કરી શાદીઓમાં ડાન્સપાર્ટીઓ, મ્યૂઝિક પાર્ટીઓ, બેન્ડબાજા તથા અન્ય ક્રિશ્ચનો જેવા પ્રોગ્રામો કરી લાખો ઉડાવે છે તેમણે ખુદાનો ખૌફ કરીને તે નાણાને ગરીબ મુસ્લિમો તથા ગરીબ સાદાતોની શાહઝાદીઓની શાદીમાં સહાય

કરવી જોઈએ કે જેઓ પૈસાના વાંકે પોતાના અરમાનોને ટુંપો દઈને બેઠેલી છે. તમારામાં ખરેખર મહબ્બતે રસૂલ છે, મહબ્બતે આલે રસૂલ છે તો આ બાબતે ગંભીરતાથી વિચારશો.

હે મુસલમાનો ! તમે જે યૂરોપ તથા અમેરિકાની ગંદી સંસ્કૃતિનું અનુકરણ કરો છો ! તેઓ કેટલા નીચ છે તે જાણવું છે ? સાંભળો ! ''ત્યાં શીલ, ચારિત્ર્યનું કોઈ મૂલ્ય જ નથી... આપણે ત્યાં પરબમાં જઈને પાણી પીવું એ ગુનો નથી બનતો તેમ ત્યાં નાઈટ કલબોમાં જઈ સેક્સ માણવામાં કોઈ નીચાજોણું થતું નથી ! જરા આંચકો લાગે એવી વાત છે પણ સાચી છે. અમેરિકાથી પધારેલા એક મિત્રે કહ્યું, અમારે ત્યાં ક્યારેક તો એવો ય ઈત્તેફાક બને છે કે દીકરો સેક્સશોપ (વૈશ્યાઘર)નાં પગથિયાં ઉતરી ઘર તરફ જઈ રહ્યો છે અને બાપ પગથિયા ચઢી અંદર જતો હોય ! બંનેની આંખો મળે છે પણ સહજ રીતે તેઓ આગળ વધી જાય છે. કોઈની આંખ શરમથી ઢળી જતી નથી !'' *(ગુજરાત મિત્ર, ૨૮ નવે. ૦૪)* શું તમે આટલી હદે નીચ થવા માંગો છો ?! અગર ''ના !'' તો એમના તરીકાને છોડો ! અને ઈસ્લામના પાકીઝા તરીકાને અપનાવો.

## ★ ઈસ્લામમાં નિકાહનું મહત્વ ★

''નિકાહ'' (શાદી) તથા પતિ પત્નીનો સંબંધ એ માનવજાતની પાયાની તથા પ્રાકૃતિક જરૂર છે, એટલા માટે દરેક માનવજાતિમાં એ કોઈ ન કોઈ રૂપમાં મૌજૂદ છે. અને વિ□ના દરેક ધર્મમાં એના કાંઈ ન કાંઈ નિયમ ઘડાયેલા છે. પરંતુ લગભગ દરેકે તેને કેવળ એક રિવાજ તથા દિલ બેહલાવવાના હેતુથી અધિક નથી મૂલવ્યો ન તો તેની દુરંદેશીપૂર્ણ હિકમતોને લક્ષમાં લીધી છે. પણ ઈસ્લામે તેના અન્ય કાનૂનોની જેમ નિકાહ તથા પતિ પત્નીના સંબંધોના નિયમોની પણ વિસ્તારપૂર્વક સ્પષ્ટતા કરી છે એટલું જ નહીં પણ તેને એક ઈબાદત તથા અલ્લાહની નિકટતા પામવાનો ઝરીયો દર્શાવ્યો છે. અલ્લાહના રસૂલ ﷺ એ ફર્માવ્યું કે :–

**“જ્યારે બંદો નિકાહ (શાદી) કરી લે છે તો તેનો અડધો દીન મુકમ્મલ થઈ જાય છે.”** *(મિશ્કાત, પેજ–૬૭૮, બહાવાલા બયહકી)*

એક હદીષમાં છે કે, **“પરણિતની નમાઝ એ અપરણિતની નમાઝ**





**કરતાં ચાલીસ ગણી અફ઼ઝલ છે.''**

એક હદીષમાં છે, **“નિકાહ (શાદી) કરો ! કેમ કે પરણિત શખ્સની એક દિવસની ઈબાદત અપરણિતની એક હજાર વરસની ઈબાદતથી અફ઼ઝલ છે.”**

શક્તિ હોવા છતાં નિકાહ ન કરનારને ચેતવણી આપણાં રસૂલે કાઈનાત ﷺ એ ફર્માવ્યું : **“અપરણિત પુરૂષો શૈતાનોના ભાઈ છે, જો નસરાની હોત તો વાત જુદી હતી પણ મુસલમાને તો મારી સુન્નત પ્રમાણે નિકાહ કરવો જોઈએ.”** *(નુઝહતુલ મજાલિસ)*

અને એ સીધી વાત છે કે જે માણસ શાદી કરી લે છે તે ભયાનક ગુનાહોના ખતરાઓથી સુરક્ષિત થઈ જાય છે. બદ્નઝરી તથા ઝિના જેવા ગુનાહોથી તે બચી જાય છે કેમ કે શરીઅતના કાનૂન પ્રમાણે પતિ તથા પત્નીનું પવિત્ર બંધન તેમના માટે બસ હોય છે.

સુબ્હાનલ્લાહ ! શાદી તથા નિકાહનો ખયાલ ઈસ્લામમાં કેટલો પાકીઝા તથા પવિત્ર છે કે એક પવિત્ર માહોલને બકરાર રાખવા માટે ઈસ્લામ શાદીનો હુકમ આપે છે તથા તેમાં અગણિત ભલાઈઓ દર્શાવવામાં આવી રહી છે, જેમ કે ઉપર દર્શાવવામાં આવ્યું. નિકાહને ઈબાદતનો દરજ્જો આપવામાં આવ્યો અને પરિણત વ્યક્તિની ઈબાદતના પણ દરજ્જાઓ વધારી દેવામાં આવ્યા. પરંતુ અફસોસ કે નિકાહ જેવી સુન્નતને અદા કરવાના પ્રસંગે આપણા સમાજમાં અજબનાં દશ્યો જોવા મળે છે અને અસંખ્ય હરામ કામોથી આ પ્રસંગને ઘેરી લેવામાં આવે છે.

બીજી એક અતિ ગંભીર બાબત શાદીઓમાં જોવા મળે છે કે લોકો શાદી નક્કી કરવામાં સામા પક્ષની ધન, દૌલત, રૂપ વગેરે જુએ છે પણ તેઓ ઈમાનવાળા છે કે નહીં તેના પ્રતિ ઘણા લોકો લક્ષ જ નથી આપતા અને વર્તમાન સમયના મુનાફિકો વહાબી, દેવબંદી, મૌદૂદી, ગૈરમુક઼લ્લિદ વગેરેને ત્યાં પણ સંબંધો કરતા જાય છે. જ્યારે કે ઈસ્લામી રૂએ સુન્નીના નિકાહ તેમને ત્યાં થઈ શક્તા જ નથી, ભલે ધામધૂમથી ગમે તે વિધિઓ થાય. અને તેમના નિકાહમાં હાજરી આપનારા **ઝિનાના દલાલ** ગણાશે. આવો ! એ જ બાબતની સ્પષ્ટતા કરતો એક ફત્વો જોઈ લો ! :–

**મસ્અલા** : એક શહેરમાં અમુક લોકો વહાબી, તબ્લીગી ખયાલના છે

અને અધિકતર લોકો સુન્ની છે. લોકોની સુન્નીઓ સાથે છોકરીઓની લેણદેણ થાય છે પણ તે છોકરા, છોકરીઓના ખયાલ નામાલૂમ જેવા હોય છે બલ્કે મોટે ભાગે સુન્નિયતના માનવાવાળાં હોય છે. તો આ સંજોગોમાં કોઈ ઈમામનું તેમના નિકાહમાં શરીક થવું અને પઢાવવું શરીઅતની રૂએ કેવું છે ? તેમજ આવા ઈમામની ઈકતેદા સહી છે કે નહીં ? તહકીક વગર કોઈને વહાબી, દેવબંદી બનાવી દેનારના બારામાં શું હુકમ છે ?

**અલ્જવાબ** : અમુક લોકો જેઓ વહાબી, તબ્લીગી ખયાલોના છે, જો તે લોકોને મોલ્વી અશરફઅલી થાનવી, કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી અને ખલીલ અહમદ અંબેઠીના કુફ્રી લખાણો હિફઝુલ ઈમાન, પેજ : ૮, ૧૪, ૨૮ અને બરાહીને કાતિઅહ, પેજ–૫૧ ઉપર યકીની માહિતગારી હોવા છતાં વર્ણવેલ મોલ્વીઓને કાફિર મુર્તદ નથી કહેતા, તો તેઓ ફતાવા હુસ્સામુલ હરમૈન પ્રમાણે કાફિર તથા મુર્તદ છે, તેમની સાથે રિશ્તો જોડવો હરામ તથા નાજાઈઝ છે, કેમ કે મુર્તદના નિકાહ કોઈની સાથે થઈ શકતા જ નથી. જેમ કે ફતાવાએ આલમગીરી, ભાગ–૧, મિસ્રી પેજ–૨૬૩ માં છે : (અર્થ) મુર્તદના નિકાહ મુર્તદ સ્ત્રી, મુસલમાન સ્ત્રી અને અસલી કાફિર સ્ત્રી કોઈની સાથે જાઈઝ નથી અને એ જ પ્રમાણે **મુર્તદ સ્ત્રીના નિકાહ કોઈની સાથે પણ જાઈઝ નથી** એવું જ મબસૂતમાં છે.

અને મુર્તદ મા બાપના છોકરા, છોકરીઓ જો તેમની સાથે રહે સહે છે અને તેમની સાથે સંબંધ નથી તોડયા તો ભલે તેમના (છોકરા છોકરીઓના) ખયાલો નામાલૂમ જેવા હોય તેમની સાથે નિકાહનો રિશ્તો જોડવો જાઈઝ નથી. **કેમ કે તેઓ મુર્તદ નથી તો કમસે કમ ગુમરાહ જરૂર છે અને ગુમરાહ સાથે પણ નિકાહ કરવું જાઈઝ નથી.** અને વળી તેમના ખયાલો નામાલૂમ જેવા કેમ હોય છે ? છોકરા, છોકરી આપનારાં પ્રથમ તેમનો અકીદો શા માટે માલૂમ નથી કરી લેતાં ?

**ખુલાસો** : એ કે જેનાં મા બાપ મુર્તદ કે ગુમરાહ હોય અને તેઓના (છોકરાઓનો) તેમની સાથે સંબંધ કટ થયેલો ન હોય તો **તેમના નિકાહમાં શરીક થવું અને તેમનો નિકાહ પઢાવવો જાઈઝ નથી.** અને જે ઈમામ પૈસાની લાલચે જાઈઝ નાજાઈઝ ન જુએ તેની પાછળ નમાઝ ન પઢો કેમ કે એવો ઈમામ વિના ગુસ્લ, વુઝૂ એ પણ નમાઝ પઢાવી શકે છે. કોઈને તહકીક વિના વહાબી, દેવબંદી બનાવનાર સખ્ત ગુનેહગાર





છે. વહુવ તઆલા અઅ્લમુ બિસ્સવાબ.

**લખનાર** : જલાલુદ્દીન અહમદ અમજદી *(૧૯, સફર, હી. ૧૪૦૧)*

મૌલા તઆલા આપણને શરીઅત પર ચાલવાની તૌફીક અતા ફર્માવે. (આમીન) *–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી–૨૦૦૫, તંત્રી લેખ)*

....પ્રકરણ : ૨

# શાદીની મોસમ કે ફ઼ુઝૂલખર્ચી તથા બેહયાઈઓની મોસમ !

"શાદી" કે "લગ્ન" કે "Marriage Ceremony" શબ્દ સામાન્યતઃ બોલવામાં આવે છે તો માનસપટ પર એક ધાંધલ ધમાલવાળુ અનેરૂ ચિત્ર ઉપસી આવે છે કે પુરૂષો, નવયુવાનો, યુવતીઓ તથા સ્ત્રીઓ બની ઠનીને છેલ્લી કક્ષાની ફેશનવાળાં કપડાં અને ખાસ કરીને યુવતીઓ શરીર પ્રદર્શન થાય તેવા ભડકાવનારા પારદર્શક ચુસ્ત પોશાકો પહેરી, વાળોને ખુલ્લા રાખી પોતાની સુંદરતાનુ પ્રદર્શન કરવા જાણે સુંદરી હરીફાઈમાં ઉતરી હોય તેમ જાહેરમાં નીકળી પડી છે, એક તરફ કાન ફાડી નાખે તેવા ફટાકડા તથા હવાઈઓના ધડાકા બોલી રહ્યા છે, બીજી તરફ ડી.જે. કે બેન્ડ વાગી રહી છે અને નાચનારાં નાચી રહ્યાં છે, સ્ત્રી પુરૂષોની ભેળસેળ થઈ રહી છે, ક્યાંક ડાન્સપાર્ટી કે ઓરકેસ્ટ્રા મ્યુઝિકપાર્ટી પર ફિલ્મી ગીતોની ધૂમ મચી છે અને નાચનારાઓ પર પૈસા લૂટાવાઈ રહ્યા છે, ક્યાંક દાંડીયા સાથે ગરબા ગવાઈ રહ્યા છે, વળી ક્યાંક પીઠીની રસમ થઈ રહી છે તો નામેહરમ ભાભીઓ તથા અન્ય યુવતીઓ દુલ્હાની છેડછાડ કરીને તેને રંગી રહી છે તો વળી ક્યાંક સૌ ઘરના સભ્યો તથા અન્ય યુવાન યુવતીઓ હોળીની જેમ એકબીજાને રંગી તથા ભીગી રહ્યાં છે ! **શાદીનો પ્રસંગ એટલે જાણે કે બેહયાઈ તથા ગુનાહો કરવાનુ લાયસન્સ હાથ લાગી ગયું હોય તેમ વિવિધ પ્રકારની છૂટછાટો સાથે ગુનાહો થઈ રહ્યા છે** અને આ બધાયનું પિક્ચર વીડિયો થકી ઉતરી રહ્યું છે. ક્યાંક સ્ટેજ રચાયું છે અને એક તરફ દુલ્હો તથા દુલ્હાના મિત્રો અને બીજી તરફ દુલ્હન તથા દુલ્હનની સહેલીઓ આમને સામને બેહયા તથા નાલાયક બનીને અવનવી ગમ્મતો કરીને એક બીજાની છેડતી કરી શર્મો હયાનો જનાઝો કાઢી રહેલ છે. અસ્તગફિરુલ્લાહ ! અને સૌનાં મા બાપો તથા સમાજના અગ્રેસરો ખામોશ તમાશાઈ બનેલા છે બલ્કે તમાશામાં શરીક





પણ છે. અને લગ્નના આયોજકો સર્વના કુલ ગુનાહોનો વબાલ નાહક્ક઼ માથે લઈ રહ્યા છે.

### ★ શાદીના ઓઠા હેઠળ ઈસ્લામી ક઼ાનૂનોથી બગાવતની બહાદુરી ! ★

આ બધું ગૈર ક઼ૌમોમાં થતુ હોત તો તે જાણે ! કેમ કે તેમને ત્યાં "ખૌફે ખુદા" કે "શર્મે નબી" જેવી કોઈ ચીજ નથી, પણ આ બધું મુસલમાનોમાં અને કહેવાતા "આશિક઼ે નબી" તથા "આશિક઼ે અવલિયા" તથા "આશિક઼ે અહલે બયત"માં થઈ રહ્યું છે. (અલ્લાહની પનાહ !) ફક્ત જમવા માટે પણ મંડપ કે હોલમાં જાવ તો **એક દીની ગૈરતમંદ માણસ ત્યાં ઉભો પણ ન રહી શકે** એવી સ્ત્રી પુરૂષોની મિશ્ર ભીડભાડ તથા સ્પીકરો પર લચકદાર મ્યૂઝિક તથા ફિલ્મી ગીતો રેલાઈ રહ્યાં હોય છે. દુલ્હાને મુબારકબાદ આપનારાઓની લાઈન લાગી છે તેમાં **નામેહરમ જવાન સ્ત્રીઓ દુલ્હાને ગળે મળી રહી છે અને તેમના "દય્યૂષ" પતિઓ, ભાઈઓ, નિઃસંકોચપણે જોઈ રહ્યા છે !** એક તરફ મસ્જિદમાં નમાઝ થઈ રહી છે તો બીજી બાજુ જાનૈયાઓ અજબના નશામાં હોય તેમ બેન્ડબાજા સાથે ધાંધલ ધમાલ કરી રહ્યા છે, ન મસ્જિદનો અદબ છે, ન નમાઝની અદબ છે, સૌ પોતાની મસ્તીમાં ચૂર છે, આનંદની ચીસો સીટીઓ બજાવી રહ્યા છે. સાચુ જ કહ્યું છે શાઈરે મશ્રિક ડૉ. ઈકબાલે કે :–

**વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ**
**યહ મુસલમાં હય જિસે દેખ કે શર્માએ યહૂદ**

*(વઝઅમેં = દેખાવમાં, નસારા = ક્રિશ્ચન, તમદ્દુન = સંસ્કાર, વર્તન, આદતો, હુનૂદ = હિંદુ, યહૂદ = યહૂદી)*

### ★ શું આશિક઼ે પાક પંજતન આવા હોય છે ?! ★

વિચારો મુસલમાનો ! ઉપર વર્ણન થઈ ચૂકી એમાંની કઈ ચીજ એવી છે જેનાથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ નારાજ નથી થતા ?! કઈ ચીજ હલાલ છે ?! તો પછી શા માટે અલ્લાહ વ રસૂલને નારાજ કરીને તેનો ગઝબ સભાન હાલતમાં વહોરી રહ્યા છો ?! હે મુસલમાનો ! શરમાવ ! ખૌફ કરો ! **ઈસ્લામમાં શાદીનો હેતુ તો ગુનાહો પર બંધ બાંધવા**

**માટેનો છે, એ તો સુન્નતે રસૂલ છે ! (બુખારી, મુસ્લિમ), અને ગુનાહોથી મુસલમાન બચી જાય તેના માટે છે. (મુસ્લિમ શરીફ) અને તમે તે જ રસૂલેપાક ﷺની સુન્નતની અદાયગીના પ્રસંગે ગુનાહોના પુરમાં નહાવા લાગો છો ?! ક્યાં છે તમારી ઈમાની ગૈરત તથા શરમ ?! ક્યાં છે તમારો મહબ્બતે રસૂલનો દાવો ?! ક્યાં છે ઈમામે હુસૈનની મહોબ્બતનો દાવો ?! આશિક઼ે રસૂલ, આશિક઼ે પંજતન પાક આ ધંધા કરે ?! શક્ય જ નથી !** કેમ કે પાક પંજતનના ઘરાનાની શાદીઓ આવી રીતે થતી ન હતી, બલ્કે તેઓ તો પુષ્કળ ખુદાથી ડરનારાં અને હયાવાળાં હતાં તો તેમના આશિક઼ોનો આ હાલ ?! સાંભળો ! આ સર્વ કામોથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ સખ્ત નારાજ થાય છે, ઈમામે હસન તથા ઈમામે હુસૈન رضی اللہ عنہما તથા સર્વ પાક પંજતનની રૂહો નારાજ થાય છે. **રસૂલેપાક ﷺને હાઝિર નાઝિર માનનારા ભાઈઓ બહેનો ! સમજો ! અલ્લાહ તમને જોઈ રહ્યો છે અને તેની અતાથી તેના મહબૂબ રસૂલેપાક ﷺ પણ તમને જોઈ રહ્યા છે એ તમારું ઈમાન છે તો પછી તેમની સમક્ષ તેમના જોતાં તમારી તેમના જ હુકમ વિરુદ્ધ કામો કરવાની હિંમત કઈ રીતે થઈ શકે છે ?! ક્યાં છે તમારું ઈમાન ?!** તેઓ તો તમારા દિલની નિય્યતો તથા ભેદોને જાણે તથા જુએ છે તો પછી આ ખુલ્લમ ખુલ્લા હરામ કામો કરવાની કુબુદ્ધિ તમને કેમ કરીને સુઝી રહી છે ? સમજો ! સમજો ! ખુદાથી ડરો !

## ★ નેકી પર નાઝ ન કરો ! તે ક઼બૂલ જ થઈ તેની ગેરંટી છે ?! ★

વળી કેટલાકને કહેવામાં આવે છે કે, "ખુદાએ દૌલત આપી છે તો તેને નેક કામોમાં વાપરો ! ગુનાહનાં કામોમાં ન ખર્ચો !" તો કહે છે કે, "અમે નેક કામો પણ ખૂબ કરીએ છીએ ! ખૈરાત કરીએ છીએ, ગરીબો તથા બેવાઓને મદદ કરીએ છીએ, મસ્જિદો બનાવીએ છીએ......વગેરે તો હવે એક દિવસ શાદીના પ્રસંગે થોડુ મનોરંજન કરી લઈએ તો શું થઈ ગયું ?!" અલ્લાહુ અકબર ! અહીં મને ઈસ્લામમાં ૪૦મા મુસલમાન થનાર, કા'બામાં સૌ પ્રથમ અલલ એલાન બહાદુરીપૂર્વક નમાઝ શરૂ કરાવનાર, જેમની રાય પ્રમાણેની લગભગ ૨૦ આયતો કુર્આનમાં નાઝિલ થઈ એવા





અલ્લાહના મક઼બૂલ બંદા, અશરાએ મુબશ્શિરામાંના એક કે જેમને દુનિયામાં જ અલ્લાહના નબી ﷺએ જન્નતી હોવાની બશારત આપી, ઈસ્લામના બીજા ખલીફા, જેમના માટે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું કે, **મારા બાદ નબી થાત તો ઉમર થાત !** શૈતાન જેમને જોઈને રસ્તો બદલતો હતો.....વગેરે પુષ્કળ ખૂબીઓના માલિક જેમનામાં ખૌફે ખુદાનો આલમ એ હતો કે કુર્આનમાં અઝાબની આયતો સાંભળી બેહોશ થઈ જતા અને દિવસો સુધી બીમાર રહેતા ! આટલા તક઼્વાવાળા મહાન સહાબી ચોધાર આંસૂંએ ઈદના દિવસે રડી રહ્યા છે. લોકોએ કહ્યું, "હુઝૂર ! આજે ઈદની ખુશીનો દિવસ છે અને તમે રડી રહ્યા છો ?!" **મુસલમાનો ! હઝરત ઉમર رضی اللہ عنہનો જવાબ સાંભળો અને ઈમાની ગૈરત જગાડો ! ફર્માવે છે, "ખુશી તો તે મનાવે જેની નમાઝો તથા રોઝા અલ્લાહને ત્યાં ક઼બૂલ થઈ ગયા ! મને શું ખબર કે મારી ઈબાદતો ક઼બૂલ થઈ પણ છે કે નહીં !"** આ તો હઝરત ઉમર رضی اللہ عنہની ઈન્કેસારી તથા રબની બારગાહમાં આજીજી છે, નહીં તો **આપણુ ઈમાન છે કે જેમને રસૂલે પાક علیہ الصلوٰۃ والسلامએ અલલ એલાન જન્નતી દર્શાવ્યા તેમની ઈબાદત ક઼બૂલ ન થાય તો કોની થાય ?!** પણ મુસલમાનો વિચારો ! આવી મહાન હસ્તી જ્યારે ખુદાથી ડરીને ઈદના દિવસે પણ ખુશી મનાવવાના બદલે રડે ! તો **તમે પોતાને શું હઝરત ઉમરથી મહાન સમજો છો કે ગેરંટી વગરની ઈબાદત તથા નેકીઓ કરવા પર ગર્વ કરો છો?! અને જાણે એના બદલ એહસાન જતાવી ગુનાની પરમિશન માંગો છો ?! શરમ કરો ! શરમ કરો !** ગૌષપાક رضی اللہ عنہની જિંદગી જુઓ, ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہની જિંદગી જુઓ, **બુઝુર્ગો તો નેકીઓ કરીને પણ પોતાને ગુનેહગાર સમજીને ખુદાના ખૌફથી રડતા રહેતા હતા અને તમે ગુનાહો કરીને બેચાર અનગેરેંટેડ નેકીઓ પર વટ મારો છો ?!** (અલ્લાહની પનાહ !) **ખુદા તઆલા બેનિયાઝ છે, તેના કહેરથી ડરો ! તે ચાહે તો એક જ ગુનાના બદલામાં જહન્નમમાં ધકેલી આપે !** માટે સતત તેનાથી ડરી ગુનાહોથી દૂર રહ્યા કરો, અને નેકીઓ પર વટ ન મારો ! શૈખી ન મારો ! બલ્કે રડી રડીને ગુનાહોથી તૌબા કર્યા કરો.

## ★ દા'વત સંબંધે સામાન્ય માણસ તથા આલિમ–પીર માટે સાવચેતીઓ ★

જે શાદીઓમાં આવી ખરાબીઓ હોય તેવી શાદીઓમાં જવું કે નહીં ? તથા આલિમ–પીર આવી શાદીઓ તથા આવી દા'વતોમાં જાય કે નહીં એના વિશે ક઼ાનૂને શરીઅતમાં હુકમ આ પ્રમાણે છે :–

**દા'વતમાં જવું ત્યારે જ સુન્નત ગણાશે જ્યારે ખબર જ હોય કે ત્યાં ગાવું, બજાવવું, લહવો લઈબ (મનોરંજન) નથી અને જો ખબર હોય કે આ બધી ખરાબીઓ (બેહૂદા વાતો) ત્યાં છે તો ન જાય.** ગયા પછી ખબર પડી કે અહીં તો બધી બેહૂદા વાતો, ખરાબીઓ છે ! (ખરેખર) ત્યાં એવી ચીજો (બેહૂદા) જોવા મળે **તો પાછા ચાલ્યા આવવું.** જો મકાનના બીજા ભાગમાં હોય અને જ્યાં ખાવા ખવડાવવામાં આવતું હોય ત્યાં ન હોય તો ત્યાં બેસી શકે છે અને ખાય શકે છે. જો તે જનાર માણસ એને રોકી શકતો હોય તો રોકે અને જો ન રોકી શકતો હોય તો સબર કરે. *(ક઼ાનૂને શરીઅત, ભાગ : ૨)* જો કે ઉપરોક્ત વાત તેને માટે છે કે એ (જનાર) માણસ મઝહબી પેશ્વા ન હોય અને જો મુક્તદા (પેશ્વા) હોય તો દા.ત. **આલિમ, મશાઈખ એ લોકો જો ન રોકી શકતા હોય તો ત્યાંથી ચાલ્યા આવવું, ત્યાં બેસે નહીં અને ખાય પણ નહીં. અને જો પહેલેથી જ ખબર હોય કે ત્યાં આવી બધી ખરાબીઓ છે તો પેશ્વા હોય કે ન હોય કોઈએ પણ જવું જાઈઝ નથી, ભલે મકાનના તે હિસ્સામાં આ બધી ચીજો હોય કે ન હોય.** *(હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર, ક઼ાનૂને શરીઅત)*

આ પરથી તે પીરો, મૌલ્વીઓ, હાફિઝો, ઈમામો જે તે માલદારને સારું લગાડવા અનેક ખરાબીઓ શાદીમાં થતી હોવા છતાં ત્યાં હાજરી આપવા જાય છે તેઓ સબક઼ લે અને પોતાના આલિમાના વક઼ારની ઈજ્જતને બાકી રાખે અને આવી શાદીઓથી દૂર રહીને હરામ કામો તથા ફુઝૂલખર્ચી સાથે શાદી કરનારાને એહસાસ અપાવે, એના સામે જેહાદ જગાડે.

## ★ ઔલાદ માબાપનું ન માનવાનો સબબ અને તેનો ઈલાજ ★

એક યુવાન પરદેશથી ખૂબ ધન કમાઈને આવ્યો અને શાદીમાં રંડીઓ





નચાવી તથા અન્ય મનોરંજનના ખૂબ પ્રોગ્રામો કર્યા અને ખૂબ ફુઝૂલખર્ચી કરી. તેને તેના બાપે રોક્યો તો કહ્યું કે આટલા વરસો પરદેશમાં એમ જ થોડી મહેનત કરી છે ! શાદી ધામ ધૂમથી કરવા તો કમાયો છું ! અને બાપનુ ન માન્યો ! બાપ પણ લાચાર બની ચુપ થઈ ગયો !

પ્રથમ તો જરૂરી એ છે કે **આપણે મુસલમાન છીએ તો મુસલમાન જ રહીએ, યહૂદી, ઈસાઈ જેવા ન બની જઈએ !** આપણી ઔલાદને પહેલેથી જ ઈસ્લામી ઢબથી જીવવા સમજાવીએ, અને ઘરનો માહોલ એવો ઈસ્લામી પહેલેથી જ હોય કે શરીઅત વિરુદ્ધ વાત કરતાંય ઘરના મેમ્બરને શરમ આવે, **ઔલાદ માબાપનો આઈનો છે, જેવું તેમને કરતાં જોશે તેવું તે કરશે.** જેથી પોતે મા બાપો શરીઅતનાં એટલાં પાબંદ રહે અને માબાપના હક઼્ક઼ની એવી તા'લીમ આપે કે પુત્ર તથા પુત્રી માબાપને રાજી રાખવા પોતાની સર્વ મનેચ્છાઓને કુર્બાન કરી આપે. તો લગભગ આ દિવસો નહીં જ આવે કે કહેવું પડે કે ઔલાદ માનતી નથી ! પણ તમો જ ઘરમાં ટી.વી. પાછળ લાગેલા રહો, દીકરા તથા દીકરીની સાથે વીડિયો ફિલ્મની કેસેટો, વી.સી.ડી. મંગાવી રાત્રે જોયા કરો, ફજરમાં સૂઈ રહીને મોડેથી ઉઠો, નમાઝોની પરવા ન કરો, ઘરમાં પર પુરૂષો સાથે ઘરની સ્ત્રીઓને ભેગી બેસવા દો, રસોડા સુધી નિઃસંકોચ પર પુરૂષો જતા રહે તેવી છૂટ હોય, પર્દાની વ્યવસ્થા ન રાખો, હરામ હલાલની તમીઝ ન કરો, ન બાળકોને સમજાવો તો ઈસ્લામી પાકીઝા માહોલ ક્યાંથી બને ?! ઘરના માહોલથી નિષ્કાળજીની શું વાત કરીએ ! સામાન્ય માનવી તો ઠીક પણ એક પીરને ત્યાં હું શાદીમાં પહોંચી ગયો તો મંડપમાં થોડીવારે માઈક પર ગાયનો વાગવા માંડયા. મેં એક ઓળખીતાભાઈને કહ્યું કે આ શું ?! તો તે બંધ કરાવી આવ્યા. ફરી થોડીવારમાં ગાયનો શરૂ થયાં તો મેં ફરી વિનંતિ કરી. તે ભાઈ પાછા આવ્યા અને કહેવા લાગ્યા કે જવા દો ! છોકરો ગાયનો વગેરે નહીં વગાડાય તો ઘર છોડીને નાસી જવાનુ કહે છે ! પછી જાણવા મળ્યું કે ત્યાં બેન્ડ પણ આવેલી છે ! અને ત્યાં બેપર્દગી ?! તૌબા ! તૌબા ! આ કહેવાતી હસ્તીઓના ત્યાંની હાલત છે, તો અન્યની વાત શું કરીએ ! ઘણાને મારી વાત કડવી લાગશે, પણ શું કરું ! **મેં આટલાં વરસોમાં ઘણી કહેવાતી હસ્તીઓને નજીકથી જોઈ નાખી ! આ વાત તો ફક્ત ઝલક તરીકે જ છે !** કેટલીય કહેવાતી હસ્તીઓ વિશે બધું લખવા હું

સમર્થ નથી, નહીં તો આપણા કેટલાક અંધશ્રદ્ધાળુ ભાઈઓ એ બર્દાશ્ત નહીં કરી શકે માટે આટલે જ અટકુ છું.

બીજુ કે **માણસ પાસે જે કાંઈ છે તે "અલ્લાહની દૈન"** છે અને તેને દરેક ચીજનો એટલે કે માલ, દૌલત, શરીરનો "અમીન" બનાવાયો છે. દરેક ચીજને કઈ રીતે વાપરી તેના વિશે ક઼યામતમાં પકડ થશે. જેથી જાનવર જેવા ન બનો પણ ઈન્સાન બનો ! કેમ કે **જાનવરની પૂછતાછ થશે નહીં** અને તમે બુદ્ધિ વિનાના જાનવર નથી પણ અલ્લાહે તમને સમજ તથા એહસાસ આપેલ છે એટલે ક઼યામતમાં તમારી જ પકડ થશે. **દૌલત વિશે પણ ક્યાંથી મેળવી અને ક્યાં વાપરી ?** એની પૂછતાછ થશે, જેથી રબથી ડરો કે ક્યાંક એવું ન બને કે આજે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَને નારાજ કરીને નાચો કૂદો અને ફુઝૂલ રકમ ઉડાડો તો ક઼યામતમાં એ રબ તમારા પર ગઝબનાક હોય, અને ક઼યામતના અઝાબો તથા જહન્નમના અઝાબો તમને ચખાડવામાં આવે. **જાણી જોઈને ગુનાહ કરીને પછી જૂઠી આશિક઼ીનો ઢોંગ રચી ખોટા ભરમોમાં ન રહેશો !** બલ્કે આજે એવી ગુનાહિત વાતોથી તૌબા કરી અલ્લાહના શુક્રગુઝાર બંદા બનો, નાશુક્રા ન બનો ! સાચા આશિક઼ બનો તો અલ્લાહ પણ રાજી રહેશે અને નબી કરીમ ﷺની શફાઅત પણ મયસ્સર થશે.

## ★ ફુઝૂલખર્ચી કરનારા શૈતાનના ભાઈ છે ! ★

શાદી વગેરે પ્રસંગોમાં સંગીત કે જે ઈસ્લામમાં હરામ છે તેની જ ધૂમ મચાવવા હજારોની કિંમતમાં બેન્ડબાજા તથા ડી.જે. તેમજ મ્યૂઝિકપાર્ટી તથા ડાન્સના પ્રોગ્રામો, લોકોમાં ભપકો પાડવા તથા વાહ વાહ દર્શાવવા હદથી વધુ ભપકાદાર લાઈટીંગ તથા ફટાકડાના ધડાકા તથા હવાઈઓ ઉડાડવી, અતિ મોંઘા ભાવના ઊંચા ભાડાવાળા રથ તથા ભપકાદાર ગાડીઓ એટલે સુધી કે નાજાઈઝ એવી સવારીઓ પણ લોકોમાં વાહ વાહ કરાવવા ફક્ત અમુક કલાકોના માટે લાવીને સરઘસો કાઢવાં તથા વીડિયો શુટિંગ વગેરે જે બિનજરૂરી કામો થાય છે તે સૌ ફુઝૂલખર્ચી છે અને ફુઝૂલખર્ચી હરામ તથા ગુનોહ છે. **આપણને માલ દૌલત આપનારો રબ જ કુર્આને પાકમાં એલાન ફર્માવે છે કે :-**





**ولا تبذر تبذيرا، ان المبذرين كانوا اخوان الشياطين وكان الشيطان لربه كفورا۔**

**"બેશક ! ઉડાવનારા (ફુઝૂલખર્ચી કરનારા) શૈતાનના ભાઈ છે, અને શૈતાન પોતાના રબનો ઘણો જ નાશુક્રો છે."** *(સૂ. બની ઈસ્રાઈલ, આયત : ૨૭, પારા : ૧૫)* બીજી આયતમાં છે કે, **ولا تسرفوا انه لا يحب المسرفين** "નિરર્થક ખર્ચ ન કરો, બેશક ! અલ્લાહ તઆલા નિરર્થક ખર્ચ કરનારાઓને દોસ્ત નથી રાખતો." *(સૂ. અન્આમ, આયત ૧૪૧, પારા : ૮)* ઈબ્ને અબી હાતિમે સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના શાગિર્દ ઈમામ મુજાહિદ رضی اللہ عنہથી રિવાયત કરી : **"જો અલ્લાહના હુકમના પાલનમાં અબુકુબૈસ પહાડના બરાબર સોનુ ખર્ચ કરી આપે તો એ પણ ફુઝૂલખર્ચી ન ગણાશે, અને જો તું એક સાઅ (મામૂલી વજન જેટલુ) પણ અલ્લાહની નાફર્માનીમાં ખર્ચ કરે તો તે ફુઝૂલખર્ચી ગણાશે."** *(તફસીરે કબીર, ૧૩/૨૧૪, બહવાલા સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૧૧)*

ફક઼ીહે ઈસ્લામ, મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ "વુઝૂ (તહારત)માં વિના કારણે પાણી વધુ વાપરવાના" સંબંધે એક સવાલના જવાબમાં કિતાબ લખી જે ૧૧૫ પેજીસની થઈ. **વિચારો ! ફક્ત વુઝૂમાં વધુ પાણી વાપરવા સંબંધે ફુઝૂલખર્ચીનો હુકમ લાગુ પડી જાય ! તો ગુનાહનાં કામોમાં રૂપિયાની નોટોનો વરસાદ વરસાવનારા કેટલા મોટા ફુઝૂલખર્ચી કરનારા તથા શૈતાનના ભાઈ કહેવાશે ! અને જહન્નમમાં પણ પોતાના આ ભાઈ સાથે જ જશે !**

## ★ નાચગાનથી દૂર થવા ખુદા વ રસૂલના ફર્માનો ★

ઈસ્લામમાં નાચગાનને કોઈ સ્થાન નથી કેમ કે **નાચગાન બંનેવ શૈતાનનાં હથિયારો છે** જેના વડે શૈતાન માણસને સીધા માર્ગેથી ગુમરાહ કરે છે, એટલા માટે ઈસ્લામમાં નાચગાન હરામ છે અને તેને ધંધો બનાવવો પણ હરામ છે. એ ઝિના તરફ પ્રેરે છે. રબ તઆલાનું ફર્માન છે : "ઝિનાની નજીક પણ ન જાવ ! બેશક ! તે બેહયાઈ છે અને ઘણી જ બુરી રાહ છે." *(સૂ. અસ્રાર, આ. ૩૨)*

એક હદીષમાં છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, **"મને**

**અલ્લાહ તઆલાએ વાજિંત્રોને ખતમ કરવા અને તોડવાના માટે મોકલ્યો છે."**

હઝરત અનસ رضی اللہ عنہ નબીપાક صلی اللہ علیہ وسلمથી રિવાયત કરે છે કે, **"આખર જમાનામાં કેટલાક લોકો વાંદરા તથા સુવ્વરના ચહેરામાં ફેરવાઈ જશે."** સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું તેઓ તૌહીદ તથા રિસાલતનો ઈકરાર કરતા હશે ?! ફર્માવ્યું, હા ! નમાઝ, રોઝા તથા હજ્જ પણ કરતા હશે. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તો પછી તેમનો આવો હાલ શાથી થશે ?! ફર્માવ્યું, **તેઓ સંગીત, ડાન્સરો તથા તબલા સારંગી વગેરેના રસીયા હશે,** અને શરાબો પીધા કરશે અને રાતભર મોજ મજા, મનોરંજન (ખેલકૂદ)માં વ્યસ્ત રહેશે, અને સવાર થશે તો વાંદરા તથા ડુક્કરના રૂપમાં ફેરવાઈ ચૂક્યા હશે." *(અલહદીષ)*

હવે નાચગાનની, સંગીતની મેહફિલો કરનારા, સરઘસ તથા શેરીઓમાં ફુલેકાં ફેરવનારા, દિવસ કે રાતભર ડી.જે. બેન્ડબાજાનું મનોરંજન માણનારા વિચારે કે આ ખરાબ કામો ઝિનાનો ફેલાવો કરનારાં છે અને ઝિના માનવની બંને જહાનમાં તબાહીનો સબબ છે જેથી કુર્આને એની નજીક પણ જવાથી રોક્યા. અને નજીક જવું એટલે આવી મેહફિલો કરવી છે, જેથી તેનાથી તૌબા કરે, અને ખૂદ રસૂલેપાક صلی اللہ علیہ وسلم પોતાનો દુનિયામાં આગમનનો હેતુ એ પણ દર્શાવે છે કે વાજિંત્રોનો નાશ કરી દઉં, છતાં તમો આશિક઼ે રસૂલ થઈને તમારા જાનથી પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمના હેતુ વિરુદ્ધ બગાવતનું બ્યૂગલ વગાડો ! જેથી ડરો કે ઉપરોક્ત હદીષ પ્રમાણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની નાફર્માની કરી તો ક્યાંક વાંદરા તથા સુવ્વર જેવા તમારા ચેહરા ન થઈ જાય ! કે જે બંને જહાનની બર્બાદીનો સંકેત છે. રબ્બે કરીમ આપણને સૌને સાચા પાકા આશિક઼ે રસૂલ صلی اللہ علیہ وسلم બનાવે અને સર્વ ખરાબીઓથી દૂર રાખે.

## ★ અંગ પ્રદર્શન કરનારીઓ જન્નતની હવા પણ નહીં પામે ! ★

શાદીમાં પહેરવા માટે તો ખાસ ટૂંકો ટૂંકો ચુસ્ત લિબાસ જેનાથી શરીરનાં ઢાંકવાનાં અંગો ઉપસી આવે તથા જાહેર થાય તેવો તથા નેટની



નિકાહ તથા તલાક઼ સંબંધી શરઈ માર્ગદર્શન

બાંયોવાળો લિબાસ સીવડાવવામાં આવે છે અને બ્યૂટી પાર્લરોમાં જઈને બેહયા જેમ સજાવટ કરવામાં આવે છે. પણ યાદ રાખો કે સ્ત્રીનું ગૈરોને પોતાની સુંદરતા દેખાડવાના માટે બેપર્દગી કરવું જન્નતથી મેહરૂમીનો એક સબબ છે. જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "દોઝખવાસીઓના બે ગિરોહ એવા છે જેને મેં નથી જોયાં. એક તે ક઼ૌમ જેની પાસે બળદોની પૂછડીઓના જેવા કોરડા હશે જેના વડે તેઓ લોકોને મારશે. અને બીજી **તે સ્ત્રીઓ જે લિબાસ પહેરવા છતાં નગ્ન હશે, આકર્ષિત થનારી તથા આકર્ષિત કરનારીઓ હશે,** તેમનાં માથાં બખ્તી ઊંટની નમી ગયેલી ખાંધની જેમ હશે, **તેણીઓ જન્નતમાં દાખલ થશે નહીં અને ન જન્નતની હવા પણ પામશે,** જ્યારે કે જન્નતની હવા આટલા આટલા દૂરથી મેહસૂસ થાય છે." *(સહીહ મુસ્લિમ અન અબી હુરૈરહ્ رضی اللہ عنہ)*

પ્રથમ પ્રકારના લોકોથી મુરાદ તે સમયના સત્તાધારીઓ તથા સિપાહીઓ છે અને બીજો પ્રકાર તે સ્ત્રીઓનો છે જેઓ પોતાના શરીરનો અમુક હિસ્સો ખોલશે અને અમુક હિસ્સાને છુપાવશે. તો જે સ્ત્રીઓ અલ્લાહ વ રસૂલ પર ઈમાન ધરાવે છે અને જહન્નમથી બચવા ચાહે છે અને જન્નતમાં જવા ચાહે છે તે તેણીઓ શાદીઓમાં બેહયા બનીને ગાંડી ન બની જાય અને અંગ પ્રદર્શન ન કરે, નહીં તો જન્નતની હવા પણ નહીં પામે એવું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે. ત્યાંનો અઝાબ એટલો સખ્ત છે કે શબે મેઅરાજમાં ઔરતોને જહન્નમમાં વિવિધ અઝાબોમાં જોઈને ખૂદ હુઝૂર صلی اللہ علیہ وسلم રડી પડયા ! છતાં ન માનવું હોય અને હિંમત હોય તો જહન્નમમાં જવાનો નિશ્ચય પાકો કરી લો પછી જેમ ફાવે તેમ કર્યે જાવ ! (અલ્લાહની પનાહ !)

આ સિવાય ઈમાની ગૈરતને તદ્દન બાજુ પર મૂકી ઘણા લોકો વહાબી દેવબંદી ફિર્ક઼ાવાળા વગેરે સાથે શાદીઓ કરે છે તેમના તો નિકાહ જ થતા નથી ! અને જે ઔલાદ થશે તે હરામની ! એ શરીઅતનો હુકમ છે. રબ્બે કરીમ સુન્ની મુસ્લિમોને પોતાના ઈમાન તથા અમલની હિફાઝતની તૌફીક઼ આપે. (આમીન)

## ....પ્રકરણ : 3

# વહાબીઓ સાથે નિકાહ શા માટે નહીં ?!

પ્યારા દીની ભાઈઓ ! આપણે અલ્લાહ તેમજ અલ્લાહ પાકના મહબૂબ બંદાઓ નબી વલીના ચાહકો છીએ જેથી આપણા સગાંઓ પણ એવાં જ હોય તે બાબતે ખાસ ધ્યાન રાખવું જોઈએ અને કોઈનાથી નિકાહ કરતા પહેલાં તેમનો દીન શું છે ? અક઼ીદા શું છે ? કયા ફિર્ક઼ાથી તેઓ સંબંધિત છે ? તેની સૌ પ્રથમ પાકી તપાસ કરવી જોઈએ પછી સંબંધનો હાથ ફેલાવવો જોઈએ. આવો ! વહાબી દેવબંદીઓનો ધર્મ કયો છે ? તેમણે અલ્લાહ તઆલા અને હુઝૂર ﷺ અને અવલિયાએ કિરામ અને બુઝુર્ગાં દીનની શું ગુસ્તાખીઓ કરી છે તે હું તમારી સમક્ષ તેમના જ મુલ્લાઓની કિતાબોમાંથી હવાલા સાથે રજૂ કરું છું :–

### ★ શાદી પહેલાં સામા પક્ષનો દીન ચકાશો ! ★

હઝરત આદમ عليه السلامથી આજ સુધી મુસલમાનોનો અક઼ીદો છે કે અલ્લાહ તબારક વ તઆલા દરેક ઐબથી પાક છે, તે જૂઠુ બોલે તે મુહાલ (અશક્ય) છે પણ આ વહાબીઓએ એક એવો અક઼ીદો ઘડી લીધો છે કે જેનાથી તેઓ ઈસ્લામમાંથી બહાર થઈ જાય છે. તેમના જ મોટા મૌલાના જેને વહાબી લોકો પોતાના વડા માને છે તે પોતાની કિતાબમાં લખે છે કે, "અલ્લાહ તઆલા જૂઠુ બોલી શકે છે." *(બરાહીને ક઼ાતિઆ, લેખક : મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી, પેજ–૬ અને ૭)*

અને પછી તેમના બીજા વડા મોલ્વી ક઼ાસિમ નાનોત્વી જેમણે એહલે સુન્નત વ જમાઅતનો એક અક઼ીદો એટલે કે સરવરે કૌનેન ﷺ આખરી નબી છે અને આપના પછી કોઈ નબી નહીં આવે, એને વિખેરી નાખ્યો અને પોતાની કિતાબમાં લખી નાખ્યું કે :–

"જો એ જ પ્રમાણે માની લેવામાં કે નબીના જમાના પછી કોઈ નબી પેદા થાય તો પણ ખાતમિયતે મુહમ્મદીમાં (હુઝૂરના આખરી નબી હોવામાં) કાંઈ ફરક નહીં આવે, ભલે પછી આપના જ જમાનામાં કોઈ બીજી જમીનમાં અથવા માની લો એ જ જમીન પર કોઈ બીજો નબી બનાવી





લેવામાં આવે." *(તહઝીરુન્નાસ, લેખક : મોલ્વી ક઼ાસિમ નાનોત્વી, પેજ–૨૫)*

એવી રીતે આપણા સૌ સુન્નીઓનો અક઼ીદો છે કે આપણા હુઝૂર ﷺ ઈલ્મે ગૈબ જાણનાર છે અને અલ્લાહ તઆલાએ આપને ઈલ્મે ગૈબ અતા કર્યો છે પણ આ વહાબી જમાત એવો અક઼ીદો ધરાવે છે કે :

"અને આ અક઼ીદો રાખવો કે આપને ઈલ્મે ગૈબ હતું ખુલ્લમ ખુલ્લા શિર્ક છે." *(ફતાવા રશીદિય્યા, લેખક : મોલ્વી રશીદ અહમદ ગંગોહી, પેજ–૧૦૩)*

અને તેમના જ એક મૌલાના જેને વહાબીઓ મુજદ્દિદ તથા હકીમુલ ઉમ્મત કહે છે તે લખે છે :–

"જેવું ઈલ્મે ગૈબ હુઝૂરને છે તેવું ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમર, બલ્કે દરેક નાના બાળક અને પાગલ, બલ્કે બધાં જાનવરો અને ચોપગાંઓને માટે પણ છે." *(હિફ઼ઝુલ્ ઈમાન, લેખક : મોલ્વી અશરફ અલી થાનવી, પેજ–૧૫)*

અને મોહર્રમમાં હઝરત ઈમામ હુસૈન رضي الله عنهનું ઝિક્ર કરવું, સબીલ લગાડવી, શરબત પીવડાવવું અને ચંદો સબીલમાં આપવો આ બધું વહાબી જમાતમાં નાજાઈઝ છે પણ હોળી દિવાળીની પુરી, લાડુ ખાવા જાઈઝ છે ! તેવું તેમના જ મૌલાના રશીદ અહમદ ગંગોહી પોતાની કિતાબમાં લખે છે : "મોહર્રમમાં ઝિક્રે શહાદતે ઈમામ હુસૈન કરવું, સબીલ લગાડવી, શરબત પીવડાવવું અને તેના માટે ચંદો કરવો હરામ છે."

અને એ જ કિતાબમાં બીજી જગ્યાએ લખે છે : "હોળી દિવાળીની પુરી કચોરી, મમરા ખાવા જાઈઝ છે." *(ફતાવા રશીદિયા, લેખક : મોલ્વી રશીદ અહમદ ગંગોહી, પેજ–૧૧૪ અને પજ ૪૮૮)*

અને દર વર્ષે કાઢવામાં આવતું હુઝૂર ﷺની વિલાદતની ખુશીનું જુલૂસ અને નઅતની, બયાનની મેહફિલો સજાવવી વગેરેને પણ વહાબી જમાત નાજાઈઝ કહે છે.

"મજલિસે મીલાદ દરેક હાલતમાં નાજાઈઝ છે." *(ફતાવા રશીદિયા, પેજ–૧૩૦)*

અને તેમના એક બીજા વડા શું કહે છે તે જુઓ : "આ દર વર્ષે વિલાદતે રસૂલ ﷺ મનાવવી હિંદુઓની જેમ કનૈયાનો જન્મ દિવસ મનાવવા જેવું છે." *(બરાહીને કાતેઆ, લેખક : મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી, પેજ–૧૦૨)*

આવી જ રીતે કોઈ અલ્લાહના વલીને દૂરથી પુકારે તે પણ વહાબી જમાત નજીક શિર્ક છે. (મઆઝલ્લાહ !) તેમના એક મૌલાના લખે છે : "કોઈને દૂરથી પુકારવું અને એવું સમજવું કે તેને ખબર પડી ગઈ તો તે શિર્ક છે." *(બહિશ્તી ઝેવર, મોલ્વી અશરફ અલી થાનવી, પેજ–૩૪)*

અને પછી મોલ્વી રશીદ અહમદ ગંગોહી પોતાની કિતાબ ફતાવા રશીદિયા, પેજ–૬૨ પર લખે છે કે "યા રસૂલલ્લાહ ! ﷺ કહેવું પણ નાજાઈઝ છે અને જો એવી માન્યતા રાખીને કહે કે તેઓ દૂરથી સાંભળે છે ઈલ્મે ગૈબ હોવાને લીધે તો તે (યા રસૂલલ્લાહ !) કહેનાર કાફિર છે."

અને મર્હૂમોના ઈસાલે સવાબ માટે અપાતા ફાતેહાને પણ વહાબી જમાત બિદઅત અને નાજાઈઝ કહે છે. લખે છે : ફાતેહા પઢવું મીઠાઈ અથવા તો કોઈ ખાવાની વસ્તુ પર તો તે બિદઅતે ઝલાલત (ગુમરાહ કરનાર કામ) છે હરગિઝ ન કરવું જોઈએ. *(ફતાવા રશીદિયા, પેજ–૧૫૪)*

પ્યારા સુન્ની મુસલમાનો ! આ હતા કેટલાક વહાબી જમાઅતના અક઼ીદાઓ કે જેને લીધે તેઓ કાફિર છે અને હરમૈન શરીફૈન તથા હિંદ તથા પાક. વગેરે દેશોના ઉલમાએ તેમને કાફિર જાહેર કર્યા અને એટલે સુધી ફર્માવ્યું કે જે તેઓના કુફ્રમાં શક કરે તે પણ કાફિર છે. *(હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયા)*

શાંતિથી ઉપરોક્ત લખાણ ફરીથી વાંચો અને વિચારો કે આવા અક઼ીદા ધરાવનાર અથવા જાણવા છતાં એવા અક઼ીદાવાળાને પેશવા બલ્કે કેવળ મુસલમાન જ માનનાર જાલિમ છે કે નહીં ?!

## ★ બદ્‌મઝહબોથી શાદી વહેવાર કુર્આનની રોશનીમાં ★

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"અને જાલિમોની તરફ ન જાવ, નહીંતર આગ તમને અડકી જશે."

આની તફસીરમાં હઝરત ક઼તાદાએ કહ્યું કે મુશ્રિકો (બદ્‌મઝહબો, વહાબી, દેવબંદી વગેરે) સાથે મેળ મિલાપ ન રાખો. *(કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન, પા. ૧૨, સૂ. હૂદ, આ. ૧૧૩)*

અને બીજી આયતમાં જાલિમો સાથે ન બેસવા માટેની તાકિદ ફર્માવે છે : "અને જો ક્યાંક તને શૈતાન ભૂલાવી આપે તો યાદ આવતાં જાલિમો





પાસે ન બેસ." *(કન્ઝુલ ઈમાન, સૂ. અન્આમ, આ. ૬૮)*

અને બીજી આયતમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"ન આ (મુસલમાન સ્ત્રીઓ) તેમને (કાફિરોને) હલાલ અને ન તેઓ (કાફિર પુરૂષો) આ (મુસલમાન સ્ત્રીઓ માટે હલાલ." *(કન્ઝુલ ઈમાન, સૂ. મુમ્તહિના, આ. ૧૦)*

ઉપર લખેલી આયતોથી સાબિત થયું કે કાફિરો, બદ્‌મઝહબો, વહાબી, દેવબંદી વગેરે સાથે નિકાહ કરવા, બેસવું, ખાવું, પીવું, બોલચાલ, વ્યવહાર વગેરે રાખવું નાજાઈઝ અને હરામ છે.

## ★ બદ્‌મઝહબોથી શાદી વહેવાર હદીષની રોશનીમાં ★

૧. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રહમતે આલમ ﷺ ઈર્શાદ ફર્માવે છે, "જો બદ્‌મઝહબ (વહાબી, દેવબંદી વગેરે) બીમાર પડે તો તેની ઈયાદત (બીમારપુર્સી) માટે ન જાવ, જો મરી જાય તો તેના જનાઝામાં દાખલ ન થાવ, તેમનાથી મેળાપ થાય તો સલામ ન કરો, તેઓની સાથે ન બેસો, તેઓની સાથે પાણી ન પીઓ, તેઓની સાથે ખાવાનું ન ખાવ, તેઓની સાથે નિકાહ ન કરો, તેઓની જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો." *(બદ્‌મઝહબોંસે રિશ્તે, પેજ–૯, મુસ્લિમ શરીફ)*

૨. અલ્લાહ પ્યારા રસૂલ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "તેમના (બદ્‌મઝહબો વહાબી, દેવબંદી)થી દૂર રહો અને તેઓને પોતાનાથી દૂર રાખો, ક્યાંક તેઓ તમને ગુમરાહ ન કરી દે, ક્યાંક તમને ફિત્નામાં ન નાખી દે." *(મુસ્લિમ શરીફ)*

૩. બદ્‌મઝહબો (વહાબી, દેવબંદી)ની પાસે ન બેસો, તેઓની સાથે પાણી ન પીઓ, ખાવાનું ન ખાવ, તેઓથી નિકાહ ન કરો. *(ફતાવા રઝવિય્યહ, જિ. ૫)*

## ★ બદ્‌મઝહબોથી દૂર રહેવા ગ઼ૌષે આ'ઝમની તાકીદ ★

હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે, બદમઝહબોની પાસે ન બેસો, એમની નજીક ન જાવ, અને તેઓની ઈદો અને ખુશીના પ્રસંગોમાં તેઓને મુબારકબાદ ન આપો, અને મૃત્યુ પામે તો તેમની જનાઝાની નમાઝ ન પઢો, એમની વાત આવે તો તેમના માટે દુઆએ રહમત ન કરો બલ્કે

એનાથી દૂર રહો અને અલ્લાહ તઆલાના લીધે એમનાથી દુશ્મની રાખો એ એ'તેકાદ સાથે કે તેઓનો મઝહબ બાતિલ જૂઠો છે અને એમનાથી જુદાઈમાં ષવાબે અઝીમની અલ્લાહ તઆલાથી મજબૂત ઉમ્મીદ રાખો. અને ફુઝૈલ બિન અયાઝ رضی اللہ عنہ ફર્માવે છે, જે કોઈ બદ્‌મઝહબથી મહોબ્બત રાખે તેના અમલોને અલ્લાહ તઆલા છીનવી લે છે અને તેના અમલોને ભૂંસી નાખે છે અને બદ્‌મઝહબથી દુશ્મની, અદાવત રાખવાથી અલ્લાહ તબારક વ તઆલા તેના ગુનાઓને મિટાવી દે છે અને જ્યારે કોઈ બદ્‌મઝહબને રસ્તામાં આવતાં જુઓ તો તમે લોકો બીજો રસ્તો પકડી લો. *(ગુન્યતુત્તાલિબીન, અરબઈને શિદ્દત, લેખક : મહબૂબ અલીખાં رحمۃ اللہ علیہ, પેજ–૫૩)*

પ્યારા દીની ભાઈઓ ! તમારા દિલમાં અલ્લાહ, રસૂલ તથા ગૌ઼ષ પાકની મહબ્બત જીવંત છે તો વિચારો કે બદ્‌મઝહબોથી સગાઈ, દોસ્તી વહેવાર, શાદી વગેરે કરવાથી સૌએ આપણને રોકયા છે જેથી આપણે આખેરતની ભલાઈ ચાહતા હોઈએ તો આ બાબતે સાવધાન થઈ જવું જોઈએ. અને આવો હવે એ જ કુર્આન હદીષના હુકમોને અનુસરીને ઉલમાએ અહલે સુન્નતે બદ્‌મઝહબો સાથે સગાઈ સંબંધથી દૂર રહેવા શું તાકીદ કરી છે તે જોઈ લો.

## ★ વહાબીથી શાદી સંબંધે ઉલમાના હુકમો ★

હુઝૂર આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ એક ફતવાના જવાબમાં લખે છે કે :–

''વહાબી હોય કે રાફઝી જે પણ બદ્‌મઝહબ અકા઼ઈદે કુફ્રિયા રાખે છે જેવી રીતે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم છેલ્લા નબી છે તેનું ઈન્કાર કરવું, કુર્આનને અપૂર્ણ માનવું, તો આ લોકો સાથે નિકાહ બધા જ મુસલમાનોના ઈજમાઅ સાથે તદન બાતિલ અને ફક્ત ઝિના છે.'' *(ઈઝાલતુલ–લ–આરિ બિહજરિ–લ–કરાઈમિ અને કલાબિન્નારિ, લેખક ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી, પેજ–૧૩)*

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએક ફતાવામાં લખે છે : ''કોઈ પણ મુસલમાનના નિકાહ, કોઈપણ કાફિર સાથે જાઈઝ નથી. અને મુર્તદનો નિકાહ તો દુનિયામાં કોઈની સાથે નથી થઈ શકતો (ચાર લીટી પછી) કાદયાની અને રાફઝી અને વહાબી મુક઼લ્લિદ હોય કે ગૈર મુક઼લ્લિદ હોય





મુર્તદીન છે. આ બધાએ અલ્લાહની શાનમાં અને અંબિયા વ મુરસલીનની શાનમાં ગુસ્તાખી કરી છે જે એમની કિતાબોથી જાહેર છે. *(ફતાવા મુસ્તફવિયા, પેજ–૩૨૧)*

મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ એક પ્રશ્નના જવાબમાં લખે છે : ''દેવબંદી (વહાબી) સાથે સુન્ની છોકરા કે છોકરીના નિકાહ થતા જ નથી. આલમગીરી, ભાગ–૧, પેજ–૨૮૩માં છે : (અર્થ) : મુર્તદના નિકાહ મુર્તદા સ્ત્રી, મુસ્લિમ સ્ત્રી તથા અસલી કાફિર સ્ત્રી સાથે જાઈઝ નથી, એવી જ રીતે મુર્તદા સ્ત્રીનો નિકાહ મુર્તદ તથા મુસ્લિમ અસલી કાફિર પુરૂષ સાથે જાઈઝ નથી. એ જ પ્રમાણે મબસૂતમાં છે. અને વહાબિયત સ્પષ્ટ મુર્તદપણુ (ઈર્તેદાદ) છે જેથી જેના અકી઼દા વહાબી દેવબંદી મોલ્વીઓ જેવા હોય અથવા તેના કુફ્રી અકી઼દા જાણવા છતાં તે મોલ્વીઓને મુસલમાન જાણે તેવા છોકરા કે છોકરીના નિકાહ કોઈની સાથે થતા નથી, જે થશે તે હરામકારી થશે.'' *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧, લેખક મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ)*

હે સુન્નીઓ ! જ્યારે તમે તેમના અકી઼દા, જોયા, તેમના પર કુર્આન, હદીષના, ગૌ઼ષ પાક તથા અન્ય ઉલમાના ફત્વા જોયા તો હવે કઈ દલીલ તમારી પાસે છે કે વહાબી અકી઼દાવાળા સાથે શાદી કરી શકાય ? અને એ કહેવાતા નિકાહ બાકી ગણાશે, એ વ્યભિચાર નહીં ગણાય ?!

## ★ વહાબીઓની સાથે નિકાહ કરવાથી થતાં નુકસાનો ★

- વહાબીથી નિકાહ કરવામાં સૌથી મોટુ નુકસાન હોય તો એ છે ઈમાનનું નુકસાન ! કે ભોળા અને સાદા સુન્ની મુસલમાન સ્ત્રી પુરૂષ જતા દહાડે પોતાના ઈમાનથી હાથ ધોઈ બેસે છે અથવા ઢીલાઢાલા મુઝબઝબ સુન્ની રહી જાય છે. ઈલ્લામાશા અલ્લાહ !
- આજે મોટા ભાગનાં ઘરોમાં જોવા મળે છે કે પુરૂષ હાકિમ નહીં પણ સ્ત્રીઓ હાકિમ બની ગઈ છે ! જો વહાબી સ્ત્રી નિકાહ કરી સુન્ની મુસલમાનના ઘરે આવે તો તેના આવવાથી પહેલાં જે ઘરમાં મીલાદની મેહફિલ, હુઝૂર ગૌ઼ષ પાકની નિયાઝો, પોતાના મર્હૂમના નામ પર આપવામાં આવતા ફાતેહા, હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની નિયાઝ, શરબતના ફાતેહા વગેરે સારાં સારાં કામો થતાં હતાં, અને જો સ્ત્રી તે

ઘરની હાકિમ બની ગઈ તો પછી મીલાદની મેહફિલ બંધ ! હુઝૂર ગ઼ૌષ પાકની નિયાઝો બંધ !, પોતાનાં મર્હૂમોના નામ પર આપવામાં આવતા ફાતેહા બંધ ! હઝરત ઈમામ હુસૈન رضي الله عنهની નિયાઝ, શરબત પીવડાવવું, સબીલ લગાડવી વગેરે બંધ ! તેમ કરીને જે ઘર સુન્ની માહોલમાં હતું તે ઘર તે વહાબી નારી, નારીના આવવાથી થઈ ગયું બીજું દેવબંદ ! બાળકોને વહાબી મદરસે પઢવા મોકલશે જેથી જતા દિવસે સુન્નિયતનો તે ઘરેથી જનાઝો જ નીકળી જાય છે ! અને ભાઈનું કાંઈ ચાલશે નહીં !

- વહાબીથી નિકાહ કરવાથી દુનિયા અને આખેરત બંનેવ ખરાબ થઈ જાય છે અને દોઝખના દર્દનાક અઝાબો તેને આપવામાં આવે છે જેવી રીતે કે કુર્આનની આયતમાં પસાર થયું. *(જુઓ પા. ૧૨, આ. ૧૧૩, સૂ. હૂદ)*
- વહાબીથી નિકાહ કરવાથી અલ્લાહ અને તેના પ્યારા હબીબ ﷺની લા'નત વરસે છે અને તે (નિકાહ કરનાર સ્ત્રી પુરૂષ) અલ્લાહના ગઝબમાં રહે છે.
- વહાબીથી નિકાહ કરવાથી તેમના સગાં સંબંધીઓ સાથે ઉઠક બેઠક વ્યવહાર વગેરે કરવા પડે છે, તેમની દા'વતો કરવી પડે છે તથા તેમની દા'વતો મુરદાર ગોશ્ત સાથે ખાવી પડે છે ! જ્યારે કે તેઓની પાસે બેસવાની બલ્કે તેઓથી દૂર રહેવાની તાકીદ કુર્આન હદીષમાં ફર્માવવામાં આવી, આમ ન કરવાથી અલ્લાહ ﷻ તથા રસૂલ ﷺની નાફર્માની થશે અને એમની નાફર્માની કરવી પોતાને દોઝખના મુસ્તહિક઼ બનાવવું છે.
- વહાબીથી નિકાહ કરવાથી જે સંભોગ થશે તે જાઈઝ નહીં પણ નાજાઈઝ અને હરામ અને તદ્દન ઝિના થશે અને તેનાથી જે બાળકો પેદા થશે તે હરામી થશે. અને તે પણ વહાબી બનશે અને પછી તેનાથી વહાબિયત આગળ વધશે અને તેનો ગુનોહ તે નિકાહ કરનાર તથા કરાવનારાઓ પર થશે.

## ★ ઉલમા, પીરો તથા પબ્લિકની જિમ્મેદારી ★

અફસોસ ! આજે ઘણા જાહિલ પીરો કહી દે છે, "વહાબી–સુન્ની આ બધા મોલ્વીઓના ઝઘડા છે ! બુઝુર્ગોને એનાથી કોઈ લેવાદેવા નથી !"





વળી કહી આપે છે કે "છોકરી લાવવામાં વાંધો નથી ! આપણે ત્યાં લાવી સુન્ની કરી દઈશું !..... વગેરે." તો શું ઉપરોક્ત કુર્આન, હદીષના હુકમો, ગ઼ૌષ પાક رضي الله عنه તથા ઉલમાએ એહલે સુન્નતના ફત્વા ગલત છે ? અને આ બનાવટી પીરની વાત સાચી ?! માટે એવા અજ્ઞાનીઓની વાતોને ધ્યાનમાં ન લેવી અને એવાથી દૂર રહેવું જોઈએ. વળી ઘણા મોલ્વીઓ પણ જરાય પરવા કર્યા વિના બલ્કે જાણવા છતાં વહાબીઓની સાથે શાદી કરનાર સુન્નીના નિકાહ પઢાવી દે છે ! તો એઓ પણ શરીઅતના હુકમોનો અભ્યાસ કરે, ખુદાથી ડરે અને તૌબા કરી જે તે નિકાહ કર્યા તેને ફોગ હોવાનું એલાન કરે અને મળેલ નઝરાણા પરત કરે, એ જ શરીઅતનો હુકમ છે. *(જુઓ કુતુબે ફિક઼્હ)*

વળી આજકાલ મોટા ભાગે મુરીદોનો એ હાલ જોવા મળે છે કે પીરના હુકમને આંખો મીંચીને માની લે છે ચાહે તે કુર્આન હદીષ વિરુદ્ધ કેમ ન હોય ! તો આવા સમયે પીરોએ પોતાના મુરીદોને સતત તાકીદ કરતા રહેવું અને શરીઅતના હુકમાનુસાર બદ્‌મઝહબોથી દૂર રહેવા, શાદી, સગાઈ દોસ્તી વહેવારથી બચવા તાકીદ કરતા રહેવું તથા ઉલમાએ પણ પોતાના બયાનોમાં કુર્આન, હદીષની દલીલોથી સરળ ભાષામાં સમજમાં આવે તેવાં બયાનો કરી વહાબી દેવબંદી વગેરે બદ્‌મઝહબોથી શાદી વહેવાર ન કરવા સમજાવતા રહેવું અને પબ્લિકે પણ જાગૃત રહી આવું કરનારને સમજાવવું અને ન માને તેનો બોયકોટ કરવો, તેમની શાદીમાં કદી ન જવું. આજે શાદીમાં જનારા પૂછતાય નથી કે કોણ કોની સાથે પરણે છે ?! જેથી સમાજના સુન્ની આગેવાનોએ આ બાબતે જદ્દોજેહદ કરી સુન્ની સમાજનું બંધારણ એ પ્રમાણે બનાવવું કે બદ્‌મઝહબ સાથે શાદી કરનારનો બહિષ્કાર કરવામાં આવે.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, મે–૨૦૦૯, રજૂકર્તા : મુહમ્મદ તૌફીક઼ રઝવી પેટલાદી મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ ગ઼ૌષે આ'ઝમ, પોરબંદર)*

## ....પ્રકરણ : ૪

# દહેજની માંગણી કરનારાઓ સાવધાન !

આપણા દેશમાં દહેજનું દિન પ્રતિદિન દૂષણ ખૂબ જ વકરતુ જઈ રહ્યું છે. કેટલીય નિર્દોષ દીકરીઓ પતિ તથા સાસરીવાળાઓના તરફથી દહેજ માટે અપાતા ત્રાસમાં ક્યાંક શરીરે કેરોસીન છાંટી સળગી મરે છે તો ક્યાંક ઝહેરી દવા પીને મરી જાય છે. ગૈર ક઼ૌમોમાં આ જુલ્મો સિતમ ખૂબ જ આમ છે. જેના સમાચારો રોજ વર્તમાનપત્રોમાં આપણે વાંચીએ છીએ. પણ અફસોસ ! કેટલાક મુસલમાન કે જે ક઼બ્ર, ક઼યામત, જહન્નમના અઝાબ પર ઈમાન ધરાવવાનો દાવો કરતા હોવા છતાં ગૈરોની દેખાદેખી દુનિયાવી લાલચમાં પડી કોઈની વહાલસોયી તેમને સોંપાયેલી નમણી નાઝુક દીકરીઓ પર જુલ્મો સિતમના પહાડ તોડીને સતામણી કરે છે જેનાં ઘણા ભયાનક પરિણામો પણ આવે છે. જેથી મુસલમાનોના ઈસ્લામી રીતે શરીઅત હેઠળના માર્ગદર્શન માટે અત્રે દહેજના દુષણ સંબંધે આ લેખ રજૂ કરીએ છીએ.

એમાં શંકા નથી કે દહેજનું વર્તમાન સ્વરૂપ એક બર્બાદ કરનાર રસમ બનીને રહી ગયું છે. છોકરીને મા બાપ પોતાની મહોબ્બત તથા હેતમાં વિદાય કરતી વેળા જે કાંઈ આપે છે તે એક મુસ્તહસન કામ તથા માનવ પ્રકૃતિનો તકાઝો છે. પણ ગૈર ક઼ૌમની દેખાદેખી હવે મુસલમાનોમાં પણ આ બુરી રસમ જબરદસ્તી માંગણી કરવાનું રૂપ અપનાવી ચૂકી છે. દહેજની માંગણીઓને પૂર્ણ કરવા માટે આજે કેટલાંય ઘરો તબાહ થઈ ચૂક્યાં છે અને પુત્રી જન્મ નિ:શંક ! ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ ﷺની તા'લીમાતની રોશનીમાં નેક નસીબીની નિશાની છે, તેને આપણે આપણા હાથો વડે બદ્‌બખ્તીમાં બદલી નાખેલ છે. આશ્ચર્ય તો એના પર છે કે છોકરી તથા તેનાં ઘરવાળાંની વિસાતનો ખયાલ કરવામાં આવે, પણ આ થનારા જમાઈ કે તેનાં ઘરવાળાંને ક્યાંથી હક઼્ પહોંચે છે કે છોકરી અથવા તેનાં મા બાપથી કોઈ પ્રકારનો સવાલ કરે ?! આ તો એક સભ્ય પ્રકારની ભીખ છે ! જેને રસમ તથા રિવાજના નામ પર સ્વીકારવામાં આવી રહી છે.





ઈસ્લામ બે જ સ્થિતિઓમાં માંગવાની રજા આપે છે, ક્યાં તો માંગનારનો કોઈ હક્ક઼ બીજા પાસે નીકળતો હોય, અથવા એ માંગનારો એટલો તંગદસ્ત ગરીબ હોય કે તેનો ગુજારો મુશ્કેલ હોય અને સવાલ કર્યા વિના કોઈ આરો જ ન હોય તો તેણે સવાલ કરવો જાઈઝ છે, અને તે પણ જરૂરત પૂરતો જ ! હાજત તથા જરૂરતથી વધુ તો તેણે પણ માંગવું જાઈઝ નથી. જાહેર છે કે થનાર જમાઈનો થનારી પત્ની અથવા સાસુ સસરા પર કોઈ વાજિબ હક્ક઼ તો હોતો નથી કે જેની માંગણી એના માટે જાઈઝ થાય, જેથી હવે બીજી સ્થિતિ તંગદસ્તી, ગરીબીવાળી રહી જાય છે, જ્યારે કે સમાજમાં એની પણ ગુંજાઈશ નથી કે કોઈ ગરીબ જમાઈ પોતાની ગરીબી પ્રદર્શિત કરીને સાસરી પક્ષવાળાંથી કાંઈક માંગે, જ્યારે બંને સ્થિતિઓ નથી તો યક઼ીનન ! આ સવાલની માંગણી મનાઈની કક્ષામાં આવે છે, એટલે કે વિના જરૂરતે માંગવું જેની શરીઅત સખ્ત બુરાઈ વર્ણવે છે, બલ્કે હરામ ગણાવે છે. એના અનુસંધાનમાં અમુક હદીષો સાંભળો. જુઓ ! આક઼ા ﷺ એવી માંગણી કરનારાઓ માટે શું ફર્માવે છે ? :–

**હદીષ-૧** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, માણસ સવાલ કરતો રહેશે ત્યાં સુધી કે ક઼યામતના દિવસે એ સ્થિતિમાં આવશે કે તેના ચહેરા પર માંસનો ટુકડો હશે નહીં. એટલે કે ખૂબ જ બેઈજ્જત થઈને આવશે. *(બુખારી તથા મુસ્લિમ)*

**હદીષ-૨** : રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, સવાલ એક પ્રકારની ખરાશ (ખુજલી) છે કે માણસ સવાલ કરીને પોતાના મોઢાને ચૂંથે છે. જે ચાહે પોતાના મોઢા પર એ ખુજલીને બાકી રાખે અને જે ચાહે ત્યજી આપે. હા ! માનવી જો સત્તાવાળાથી પોતાનો હક્ક઼ માંગે અથવા એવી બાબતમાં સવાલ કરે કે તેના વિના ચારો ન હોય. (તો જાઈઝ છે) આ રિવાયત વિવિધ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَથી શબ્દોના ફેરફાર સાથે આવેલ છે. *(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને હબ્બાન, મુસ્નદે ઈમામ અહમદ તથા તિબ્રાની)*

**હદીષ-3** : હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, જેના પર ન ફાક઼ો ગુજર્યો અને ન એટલાં બાળ બચ્ચાં છે જેની શક્તિ નથી અને સવાલનો દરવાજો

ખોલે તો અલ્લાહ તઆલા તેના પર ફાક઼ાનો દરવાજો ખોલી આપશે એવી જગાએથી જે એના ખયાલમાં નથી. *(બયહક઼ી)*

**હદીષ-૪** : હઝરત ઈમરાન ઈબ્ને હસન رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક઼દસ ﷺ ફર્માવે છે, ખુશ હાલવાળાનું સવાલ કરવું ક઼યામતના દિવસે તેના ચહેરામાં અયબ થશે. અને એક રિવાયતમાં એ પણ છે કે ગનીનો સવાલ આગ છે, થોડુ આપવામાં આવ્યો તો થોડી, વધુ આપવામાં આવ્યું તો વધુ. *(ઈમામ અહમદ, બઝ્ઝાર, તિબ્રાની)*

**હદીષ-૫** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે માલ વધારવા માટે સવાલ કરે છે તે અંગારાનો સવાલ કરે છે, તો ચાહે અધિક માંગે કે કમ. *(ઈબ્ને માજહ)*

આ દહેજ માંગનારાઓ સંબંધે ખાસ દલીલ છે, જે સામાન્યતઃ એ જ બુરી નિય્યતથી દહેજનો સવાલ કરવામાં આવે છે.

**હદીષ-૬** : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સદક઼ાથી માલ ઓછો નથી થતો અને હક્ક઼ માફ કરવાથી ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા બંદાની ઈજ્જત વધારશે અને કોઈ સવાલનો દરવાજો ખોલશે પણ અલ્લાહ તઆલા તેના પર મોહતાજીનો દરવાજો ખોલશે. *(ઈમામ અહમદ, અબૂ યઅ્લા, બઝ્ઝાર)*

**હદીષ-૭** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما બયાન ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મિમ્બર પર બિરાજમાન હતા, સદક઼ા તથા સવાલ (કરવાથી) બચવાનો ઉલ્લેખ કરી રહ્યા હતા, (એ દરમ્યાન) ફર્માવ્યું કે ઉપરવાળો હાથ નીચેવાળા હાથથી બેહતર છે અને ઉપરવાળો હાથ ખર્ચ કરવાવાળો છે અને નીચેવાળો હાથ માંગવાવળો છે. *(ઈમામ માલિક, બુખારી, મુસ્લિમ)*

**હદીષ-૮** : હઝરત ક઼બીસા બિન મખારિક઼ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે. કહે છે કે મારા પર એકવાર પ્લેગ લાગુ થયો. મેં હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં હાજર થઈને સવાલ કર્યો. ફર્માવ્યું, થોભો ! અમારી પાસે સદક઼ાનો માલ આવશે તો તમારા માટે હુકમ કરીશ. પછી ફર્માવ્યું, હે ક઼બીસા ! સવાલ હલાલ નથી પણ ત્રણ વાતોમાં : કોઈએ ઝમાનત કરી હોય તો તેના માટે સવાલ હલાલ છે ત્યાં સુધી કે તે માત્રા પ્રમાણે પામે,





પછી (સવાલથી) દૂર રહે. અથવા કોઈ શખ્સ પર આફત આવી કે તેના માલને તબાહ કરી નાખ્યો તો તેના માટે સવાલ કરવો હલાલ છે, ત્યાં સુધી ગુજારો કરવા પૂરતુ મેળવી લે, અથવા કોઈને ફાક઼ો થયો (ભૂખે ટંક જાય) અને તેની ક઼ૌમના ત્રણ બુદ્ધિવાળા ગવાહી આપે કે ફલાણાને ફાક઼ા પહોંચ્યા છે, તો તેણે સવાલ કરવો હલાલ છે ત્યાં સુધી કે ગુજારા પૂરતુ મેળવી લે. અને આ વાતો સિવાય હે ક઼બીસા ! સવાલ કરવો હરામ છે, કે સવાલ કરનારો હરામ ખાય છે. *(મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ)*

ફાક઼ો કરવા સંબંધે ત્રણ વ્યક્તિઓની ગવાહી જમહૂર (બહુમતિ ઉલમા) નજીક મુસ્તહબના રૂપે છે અને આ હુકમ તે વ્યક્તિના માટે છે જેનું માલદાર હોવું માલૂમ તથા મશહૂર હોય, અને જેનું માલદાર હોવું માલૂમ ન હોય તે વ્યક્તિનું કેવળ કહી દેવું જ પૂરતુ છે કે પોતાને ફાક઼ા જાય છે. *(બહારે શરીઅત, ભાગ–૫)*

ઈમાનવાળા મુસલમાન તથા હોશ ધરાવનાર વ્યક્તિ માટે તો આ થોડાક મુબારક આદેશો જ પૂરતા છે જેના થકી વિના જરૂરતે સવાલ કરવાની બેઈજ્જતી તથા બુરાઈનો સારી રીતે અંદાજો કરવામાં આવી શકે છે અને વિના શંકાએ જમાઈનું દહેજ માંગવું વિના જરૂરતે કેવળ માલ એકત્ર કરવા, મોટાઈ તથા દેખાડો કરવા અથવા એશ આરામની સગવડો પામવા તથા માલદાર થવા માટે હોય છે. એને એવી જરૂરત હોય છે કે ન માંગવું હલાલ થાય ન એનો કોઈ શરઈ હક્ક઼ એના સંબંધ હોય છે જેને વસૂલ કરવાના માટે સવાલ જાઈઝ થાય, જેથી એવા સવાલ તથા માંગણીનું મન તથા આગ્રહ કરવું હરામ હોવામાં કોઈ શંકા જ નથી અને તે સર્વ હદીષો જે સવાલ કરવાના માટે આવેલી છે તે દહેજની માંગણી કરનારાઓ પર ચોક્કસ લાગુ થશે.

ઉપરોક્ત હદીષોમાં એક જગાએ સ્પષ્ટ મૌજૂદ છે કે, "આપનારો ઉપરવાળો હાથ બેહતર છે અને લેવાવાળો નીચેવાળો હાથ કમતર છે." અને કુર્આને પાકમાં રબ તઆલાએ પુરૂષોને ઉપરીપણુ તથા હાકિમપણુ અતા ફર્માવ્યું છે, અને ઈર્શાદ ફર્માવ્યો છે, الرجال قوامون على النساء "પુરૂષ હાકિમ છે સ્ત્રીઓ પર." પણ અફસોસ ! કે આજે મરદ હાકિમ થઈને પોતાના મક઼ામ તથા હોદ્દાની વિરુદ્ધ સ્ત્રીના સાથે સાઈલ બનીને ઝલીલ થાય છે. માલના એતબારથી પત્નીનો પતિ પર હક્ક઼ છે, અને પતિનું પત્ની

પાસે કાંઈ માંગવું શરીઅતમાં હરગિઝ જાઈઝ નથી. આ સરાસર બુરી રસમ તથા ગૈરોનું અનુકરણ છે.

કેટલાક લોકો ઉઘાડે છોગે તો નથી માંગતા પણ સંબંધ નક્કી કરવામાં એનો ખાસ રીતે લેહાઝ કરે છે કે એવી જગાએ રિશ્તો થાય કે જેમાં દહેજ અધિક મળવાની આશા હોય. જેથી જ્યારે ધાર્યા કરતાં ઓછુ દહેજ મળે છે તો સખત નારાજગી પ્રદર્શિત થાય છે. આ પ્રકારની લાલચ પણ શરીઅતમાં સખ્ત ટીકાપાત્ર છે જેને શરીઅતમાં "અસરાફે નફ્સ" કહેવામાં આવેલ છે.

**હદીષ-૯ :** હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે. ફર્માવે છે કે હુઝૂર ﷺ મને અતા ફર્માવતા. હું અર્ઝ કરતો, એવાને આપી દો જે મારાથી અધિક હાજતમંદ છે. ઈર્શાદ ફર્માવ્યો, એને લો અને અપનાવીને ખૈરાત કરી દો. **જે માલ તમારી પાસે લાલચ વિના અને વણ માંગ્યે આવી જાય તેને લઈ લો, અને જે ન આવે તો તેની પાછળ તમારા નફ્સને ન નાખો.** *(બુખારી, મુસ્લિમ)*

અત્યાર સુધીની સર્વ ચર્ચા દહેજ માંગવા અને તેની લાલચ કરવા સંબંધિત હતી જેની બુરાઈ ઘણેખરે અંશે વર્ણન કરવામાં આવી ચૂકી, પણ આ મહાન બલાના સબબો પર જ્યારે વિચારણા કરવામાં આવે છે તો તેનો એક મહાન સબબ એ પણ સમજમાં આવે છે કે ઘણીવાર છોકરો માંગણી તો નથી કરતો પરંતુ છોકરીનો બાપ કેવળ વાહ વાહ કરાવવા તથા નામ કરવા માટે શક્તિ બહારનું એટલા પ્રમાણમાં દહેજ આપે છે જે અન્ય લોકો માટે દૃષ્ટાંત અને ઉત્તેજીત કરવાનો સબબ બને છે, પરિણામે આસપાસના અન્ય લોકો પણ પ્રભાવિત થઈને તેનાથી વધીને આપવા અને અમુક લેવાના ઈચ્છુક થઈ જાય છે અને વિચારણા કરવામાં આવે તો એ જ બુરાઈઓનો પાયો છે જેના પર યોગ્ય રોકથામ જરૂરી છે.

દરેક માણસ મધ્યમમાર્ગી તથા શક્તિ અનુસાર માંગ્યા વિના પોતાની ખુશીથી છોકરી કે છોકરાને કાંઈક આપી દીધા કરે તો એની અસર એટલી ગલત ન થશે. અને જો સમાજના લીડરો મશ્વરાથી કાંઈક હલકો ફુલકો સામાન નિશ્ચિત કરી આપે કે જેથી દરેક અમીર તથા ગરીબ માણસ સરળતાપૂર્વક તેને આપી શકે તો એ સૌથી બેહતર છે. જેમ કે મુસલમાનોમાં





અમુક સ્થળોએ એનો રિવાજ પણ છે. પણ અફસોસ ! કે આ ભૌતિકવાદના યુગમાં દીન તથા મઝહબ અને સારા કિરદારને અભરાઈએ ચઢાવીને કેવળ સોના ચાંદી અને માલ તથા દૌલત પર ધ્યાન આપવામાં આવે છે જેનો વબાલ તથા અઝાબ આખેરતમાં જે થશે તે તો થશે જ ! પણ ખૂદ દુનિયામાં પણ તેનાં નુકસાનો તથા ખરાબીઓ હદ તથા ગણત્રી બહારનાં છે. તેનાં દુનિયાવી નુકસાનોનો અંદાજો લગાડવા માટે એ જ પૂરતુ છે કે જે ગૈરોના અનુકરણમાં આ બુરી રસમના આપણે આદી થઈ ચૂક્યા છીએ તેઓ જ આપણાથી અધિક આજે દહેજ તથા તલાક઼ વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. તે લીડરો જેઓ સમાજમાં પોતાની વાત મનાવવાની સ્થિતિ ધરાવે છે તેઓ ખાસ કરીને ધ્યાન આપે તો આ બુરી રસમનો ખાત્મો થઈ શકે છે, અને ખાસ કરીને ઉલમાએ કિરામ અને મસ્જિદના ઈમામોથી ગુઝારિશ છે કે તેઓ પણ આના વિરુદ્ધ અવાજ ઉઠાવે અને તેની તબાહકારીઓથી ક઼ૌમને વારંવાર માહિતગાર કરે અને પોતે પણ પોતાની શાદીઓ એવા સાદા અંદાજથી કરે કે ક઼ૌમના માટે દૃષ્ટાંતરૂપ બને. *(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક ઉર્દૂ, જાન્યુ. થી માર્ચ–૨૦૧૦, અઝ : મૌલાના અબ્દુલ મુબીન નોઅમાની)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, માર્ચ–૨૦૧૦,*
*રજૂકર્તા : મૌલાના સાદિક઼ સાબરી દહેગામી)*

## ....પ્રકરણ : ૫

## નિકાહમાં ઓછામાં ઓછી મહેર કેટલી રાખી શકાય ?

શું ફર્માવે છે ઓલમાએ દીન અને મુફતીયાને શરએ મતીન કે આજકાલ નિકાહ વખતે મહેરની રકમ નક્કી કરવામાં અલગતા જોવામાં આવે છે. કેટલાક લોકો રૂા. ૭૮૬ મહેર નક્કી કરે છે. તો હાલના સમયમાં મહેરની ઓછામાં ઓછી કેટલી રકમ શરીઅત મુજબ હોઈ શકે તે જણાવવા મહેરબાની કરશો. બય્યનુ વ તુજરૂ. *–(અલ મુસ્તફતી : અલી મુહમ્મદ બાબી–પોરબંદર)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

### અલ જવાબ બિ ઔનિલ મલિકિલ વહાબ

શરીઅતે મુતહ્હેરાના નિયમ મુજબ નિકાહની જે મહેર મુક઼ર્રર કરવામાં આવી છે, તે મહેરની લઘુત્તમ રકમ એટલે કે દસ દિરહમ ચાંદીની કિંમત અથવા દસ દિરહમ ચાંદી છે. હુઝૂર આ'લા હઝરત, અઝીમુલ બરકત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના ફતાવામાં છે કે :–

"મહરે શરઈ જો લોગ યે સમઝ કર બાંધતે હૈં કિ સબ સે કમ દરજે કા મહર જો શરીઅત મેં મુક઼ર્રર હૈ, તો ઈસ સૂરત મેં દો તોલે, સાત માશે, ચાર રતી ચાંદી દેની આએગી." *(હવાલો : ફતાવા રઝવિય્યહ–અનુવાદિત, ભાગ : ૧૨, પેજ : ૧૬૫)*

ઉપરોક્ત ફતાવા અનુસંધાને શાદીની મહેર બે તોલા, સાત માશા અને ચાર રતી ચાંદી થઈ. હવે એ જોવાનું છે કે બે તોલા, સાત માશા અને ચાર રતી ચાંદીના વજન પ્રમાણે વર્તમાન યુગમાં પ્રચલિત આધુનિક વજન એટલે કે ગ્રામ મુજબ કેટલું વજન થશે ?! પહેલાં જૂના વજનને નવા વજનમાં રૂપાંતર કરીએ :–





| | | |
|---|---|---|
| ૧ તોલા = ૧૨ માશા | જે હિસાબે ૨ તોલાના ૨૪ માશા | = ૧૯૨ રતી થઈ |
| ૧ માશા = ૮ રતી | જે હિસાબે ૭ માશા | = ૫૬ રતી થઈ |
| (૧ રતી = ૧૨૧.૫૩ | મિલીગ્રામ ) | + ૪ રતી |
| | શરઈ મહેર માટેનું ટોટલ વજન | = ૨૫૨ રતી ચાંદી. |

હવે ૨૫૨ રતીનું ગ્રામમાં રૂપાંતર કરીએ :–

૧ રતી = ૧૨૧.૫૩ મિલી ગ્રામ × ૨૫૨ રતી = ૩૦,૬૨૫.૫૬ મિલી ગ્રામ = ૩૦. ૬૨૬ ગ્રામ ચાંદી

❒ આજની તારીખે ચાંદીનો ભાવ ૧ કિલો = ૧૦૦૦ ગ્રામના રૂા. ૬૦,૦૦૦/– કિલોના રૂપિયા સાઈઠ હજાર છે. જે હિસાબે ૧ ગ્રામનો ભાવ રૂા. ૬૦ થયો અને મહેરની રકમ ઓછામાં ઓછી ૩૦.૬૨૬ ગ્રામના રૂા. ૧૮૩૭.૫૬ થયા, એટલે કે **એહતિયાતન મહેરની રકમ (કમસે કમ) રૂા. ૨૦૦૦ (બે હજાર) રાખવી** કે જે રકમ ચાંદીની કિંમત એક કિલોના રૂપિયા પાંસઠ હજાર સુધી પહોંચે ત્યાં સુધી પણ ચાલે. ખુદા અને રસૂલ બેહતર જાણનાર છે. ***–અબ્દુસ્સત્તાર હમદાની "મસરૂફ" બરકાતી નૂરી*** ૧૫, શાબાનુલ મોઅઝ્ઝમ, હિ.સ. ૧૪૩૨ પ્રમાણે તા. ૧૮–૭–૨૦૧૧, સોમવાર, બમક઼ામ : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા–પોરબંદર

★ ★ ★ ★

***નોંધ*** *: મહેરની ઓછામાં ઓછી રકમ માટે ૩૦.૬૨૬ ગ્રામ ચાંદી × ચાંદીના એક ગ્રામની વર્તમાન કિંમત = જે આવે, તેટલી કમસે કમ મહેર રાખવી. જેમણે ઓછી આપી હોય તે અત્યારે પણ ચૂકવી આપે. વધુમાં વધુ ગમે તેટલી મહેર આપી શકાય.*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, જુન–૨૦૧૨, રજૂકર્તા : અલી મુહમ્મદ બાબી–પોરબંદર)*

## ....પ્રકરણ : ૬

# એક નઝર ઈધર ભી !

વર્તમાન સમયમાં નિત નવા ગુમરાહ ફિર્કા દિન પ્રતિ દિન માથુ ઊંચકી રહ્યા છે અને અહલે સુન્નત વ જમાઅતમાં ભેળસેળ થવા માટે અવનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. સુન્નીઓ સાથે શાદી વહેવાર કરીને અહલે સુન્નતમાં સડો લગાડી રહ્યા છે જ્યારે તેમની સાથે દોસ્તી, ઉઠક, બેઠક, નિકાહ સૌ નાજાઈઝ તથા હરામ છે. સુન્નીઓ ! આ એક અતિગંભીર બાબત છે જેના બાબતે ઈસ્લામી શરીઅતમાં શું હુકમો છે તેનો અભ્યાસ કરો અને તમારા તથા ઔલાદના ઈમાનને બચાવવા એઓથી શાદી વહેવાર કરવાથી દૂર રહો.

અત્રે ફક઼ીહે મિલ્લત હઝરત અલ્લામા મુફતી જલાલુદીન અહમદ અજમદી رحمۃ اللہ علیہની કિતાબ ફતાવા ફયઝુર્રસૂલ (ભાગ : ૧)માંથી અમુક ફત્વા રજૂ કરીએ છીએ તેને વાંચીને હક઼ીક઼ત સમજી સાવધાન થઈ જશો.

### ★ બાતિલ ફિર્ક઼ાવાળાથી નિકાહ નાજાઈઝ ★

**મસ્અલા** : વહાબીઓ, દેવબંદીઓ, તબ્લીગી જમાઅતવાળાઓ, મૌદૂદી જમાઅતવાળાઓ, (ગૈર મુકલ્લિદો) અને રાફઝીઓ સાથે નિકાહ–શાદી કરવી, તેમની સાથે મેલજોલ રાખવી અને તેમની પાછળ નમાઝ જાઈઝ છે કે નહીં ?

**અલ્જવાબ** : ઉપરોકત જમાઅતો પોતાના બાતિલ અકીદાઓના કારણે શરીઅતના હુકમ મુજબ બદમઝહબ, ગુમરાહ છે અને બદમઝહબોના વિશે ખૂદ નબીએ અકરમ ﷺ ફર્માવે છે, (અર્થ) : **બદમઝહબ જો બિમાર પડે તો પૂછવા ન જાવ અને જો મરી જાય તો જનાઝા પર હાજર ન થાવ અને જ્યારે તેમને મળો તો સલામ ન કરો અને તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, ખાણુ ન ખાવ, તેમની સાથે શાદી–વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.** રિવાયત કરી એને મુસ્લિમે અબૂ હુરૈરહથી તથા અબૂ દાઊદે ઈબ્ને ઉમર તથા ઈબ્ને માજહએ જાબિરથી તથા ઓકૈલી તથા ઈબ્ને હબ્બાને અનસ رضی اللہ عنہ થી. મુહક્કિકે





અલલ ઈત્લાક ફત્હુલ કદીરમાં ફર્માવે છે (અર્થ) : ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ એ શૈખેન હઝરત સૈયદના ઈમામે આઝમ અબૂ હનીફા તથા સૈયદના કાઝી ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ થી રિવાયત કરી કે **બદમઝહબોની પાછળ નમાઝ જાઈઝ નથી.** જેથી હદીષ શરીફ અને ફિકહના ઈર્શાદથી સ્પષ્ટ થયું કે, વહાબીઓ (ગૈર મુકલ્લિદો), દેવબંદીઓ, મૌદૂદી જમાઅત (કહેવાતી જમાઅતે ઈસ્લામી) વાળાઓ અને રાફઝીઓ સાથે શાદી વિવાહ કરવો, તેનાથી મેલજોલ રાખવી જાઈઝ નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ. *લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી (૨૩ મોહર્રમ, હિ. ૧૩૮૬)*

### ★ વહાબી સાથે નિકાહ પઢાવનાર મોલ્વી વિશે હુકમ ★

**મસ્અલા** : શું ફર્માવે છે મુફતિયાને એઝામ આ મસ્અલામાં કે 'ઝયદ' જે હાજી છે તેણે પોતાની પૌત્રીની શાદી વહાબી છોકરા સાથે નક્કી કરી અને **નિકાહ પઢાવવા માટે એક સુન્ની મોલ્વીને છોકરાને ત્યાં લઈ ગયા.** મોલ્વી સાહબને અગાઉથી જાણ ન હતી કે છોકરો વહાબી છે પણ પાછળ થી ખબર પડી, તો આ સ્થિતિમાં મોલ્વી સાહબના માટે શો હુકમ છે ?

**અલ્જવાબ** : જ્યારે કે વહાબિયત સામાન્ય ફેલાઈ રહી છે તો મોલ્વી સાહબે તહકીક કરવી અનિવાર્ય હતી, તહકીક વિના નિકાહ પઢી આપવાને કારણે જ્યારે કે પાછળથી છોકરો વહાબી હોવાની જાણ થઈ તો મોલ્વી સાહબ તૌબા તથા ઈસ્તિગફાર કરે અને બાલિગ છોકરો વહાબી મુર્તદ હોય અથવા નાબાલિગ હોય પણ તેના વલી (વાલી) વહાબી હોય તો આ સંજોગોમાં નિકાહના બાતિલ હોવાનું જાહેર એલાન કરે અને નિકાહખ્વાનીના પૈસા પણ પાછા આપી દે. વહુવ તઆલા અઅ્લમ. *(લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી)*

### ★ જેમને સુન્ની વહાબી શું છે ખબર નથી જ તેવા સાથે નિકાહનો હુકમ ★

**મસ્અલા** : એક શહેરમાં અમુક લોકો વહાબી, તબ્લીગી ખયાલના છે અને અધિકતર લોકો સુન્ની છે. લોકોની સુન્નીઓ સાથે છોકરીઓની લેણદેણ થાય છે પણ તે છોકરા, છોકરીઓના ખયાલ નામાલૂમ જેવા હોય છે બલ્કે મોટે ભાગે સુન્નિયતના માનવાવાળાં હોય છે. તો આ સંજોગોમાં

કોઈ ઈમામનું તેમના નિકાહમાં શરીક થવું અને પઢાવવું શરીઅતની રૂએ કેવું છે ? તેમજ આવા ઈમામની ઈકતેદા સહી છે કે નહીં ? તહકીક વગર કોઈને વહાબી, દેવબંદી બનાવી દેનારના બારામાં શું હુકમ છે ?

**અલ્જવાબ** : અમુક લોકો જેઓ વહાબી, તબ્લીગી ખયાલોના છે, જો તે લોકોને મોલ્વી અશરફઅલી થાનવી, કાસિમ નાનોત્વી, રશીદ અહમદ ગંગોહી અને ખલીલ અહમદ અંબેઠીના કુફ્રી લખાણો હિફઝુલ ઈમાન, પેજ–૮, ૧૪, ૨૮ અને બરાહીને કાતિઅહ, પેજ–૫૧ ઉપર યકીની માહિતગારી હોવા છતાં વર્ણવેલ મોલ્વીઓને કાફિર મુર્તદ નથી કહેતા, તો તેઓ ફતાવા હુસ્સામુલ હરમૈન પ્રમાણે કાફિર તથા મુર્તદ છે, તેમની સાથે રિશ્તો જોડવો હરામ તથા નાજાઈઝ છે, કેમ કે મુર્તદના નિકાહ કોઈની સાથે થઈ શકતા જ નથી. જેમ કે ફતાવાએ આલમગીરી, ભાગ–૧, મિસ્રી પેજ–૨૬૩ માં છે : (અર્થ) મુર્તદના નિકાહ મુર્તદ સ્ત્રી, મુસલમાન સ્ત્રી અને અસલી કાફિર સ્ત્રી કોઈની સાથે જાઈઝ નથી અને એ જ પ્રમાણે **મુર્તદ સ્ત્રીના નિકાહ કોઈની સાથે પણ જાઈઝ નથી** એવું જ મબસૂતમાં છે. અને મુર્તદ મા બાપના છોકરા, છોકરીઓ જો તેમની સાથે રહે સહે છે અને તેમની સાથે સંબંધ નથી તોડયા તો ભલે તેમના (છોકરા છોકરીઓના) ખયાલો નામાલૂમ જેવા હોય તેમની સાથે નિકાહનો રિશ્તો જોડવો જાઈઝ નથી. **કેમ કે તેઓ મુર્તદ નથી તો કમસે કમ ગુમરાહ જરૂર છે અને ગુમરાહ સાથે પણ નિકાહ કરવું જાઈઝ નથી.** અને વળી તેમના ખયાલો નામાલૂમ જેવા કેમ હોય છે ? છોકરા, છોકરી આપનારાં પ્રથમ તેમનો અકીદો શા માટે માલૂમ નથી કરી લેતાં ?

**ખુલાસો** : એ કે જેનાં મા બાપ મુર્તદ કે ગુમરાહ હોય અને તેઓના (છોકરાઓનો) તેમની સાથે સંબંધ કટ થયેલો ન હોય તો **તેમના નિકાહમાં શરીક થવું અને તેમનો નિકાહ પઢાવવો જાઈઝ નથી.** અને જે ઈમામ પૈસાની લાલચે જાઈઝ નાજાઈઝ ન જુએ તેની પાછળ નમાઝ ન પઢો કેમ કે એવો ઈમામ વિના ગુસ્લ, વુઝૂ એ પણ નમાઝ પઢાવી શકે છે. કોઈને તહકીક વિના વહાબી, દેવબંદી બનાવનાર સખ્ત ગુનેહગાર છે. વહુવ તઆલા અઅ્લમુ બિસ્સવાબ. *લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી (૧૯, સફર, હી. ૧૪૦૧)*

## ★ ક્રિશ્ચ્યન સ્ત્રી સાથે નિકાહ થઈ શકે ? ★

**મસ્અલા** : ઈસાઈઓની સ્ત્રીઓ સાથે મુસલમાન તેમને કલ્મો પઢાવ્યા





વિના નિકાહ કરી શકે છે કે નહીં ?

**અલ્જવાબ** : ઈસાઈ સ્ત્રીને મુસલમાન કર્યા વિના તેણી સાથે નિકાહ કરવા જાઈઝ છે. ફતાવા આલમગીરી, ભાગ–૧, મિસ્રી, પેજ–૨૬૩ માં છે :– કિતાબિયહ્ હર્બીયહ્ અને ઝિમ્મિયહથી મુસલમાને નિકાહ કરવું જાઈઝ છે. આઝાદ હોય કે બાંદી. એ જ પ્રમાણે મુહીતુસરખસીમાં છે. પરંતુ **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ન કરવા બેહતર છે** કેમ કે તેમાં ઘણી જ ગરબડોનો દરવાજો ખુલે છે. **ફતાવાએ આલમગીરી**ના તે જ પેજ ઉપર છે : (અર્થ) : અને બેહતર એ છે કે નિકાહ ન કરવામાં આવે (ઈસાઈ સ્ત્રીથી) અને ન તેમના ઝબહ કરેલને ખાવામાં આવે, પરંતુ જરૂરતના સમયે. એવું જ ફત્હુલ કદીરમાં છે. અને **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ તે વખતે જાઈઝ છે જ્યારે કે તેણી પોતાના તે જ (અસલ) મઝહબ ઈસાઈયત પર હોય અને જો કેવળ નામ માત્રની ઈસાઈ હોય અને હકીકતમાં 'નેચરી' અને 'નાસ્તિક' હોય** જેમ કે વર્તમાનકાળના આમ ઈસાઈઓનો હાલ છે તો **તેનાથી નિકાહ નથી થઈ શકતો.** હાઝા મા ઈન્દી વહુવ સુબ્હાનુહુ વ તઆલા અઅ્લમ. *લખનાર : જલાલુદ્દીન અહમદ અમજદી (૨૩, જ. આખર, હિ. ૧૩૯૦)*

**જરૂરી વાત** : નિકાહ થવા માટે **છોકરો** તથા **છોકરી** અને **બેગવાહો**નું સુન્ની સહીહુલ અકીદા હોવું અનિવાર્ય છે, એમાંથી એક પણ બદમઝહબ હશે તો નિકાહ થશે જ નહીં. નિકાહ પઢાવનાર કે વકીલ ગમે તે હોય તેનાથી નિકાહમાં ફરક પડશે નહીં. **વહાબી સાથે નિકાહ કરનાર ભલે સુન્ની નિકાહખ્વાંને લઈ જાય પણ નિકાહ થશે નહીં** અને સુન્ની છોકરો, છોકરી અને સુન્ની ગવાહો હશે તો નિકાહ પઢાવનાર વહાબી કે ગમે તે હશે નિકાહ તો થઈ જશે પણ વહાબીને નિકાહ પઢાવવા બોલાવી તેની તા'ઝીમ કરવાનો ગુનોહ થશે કે જે હરામ છે.

આજે જે બાબતને સામાન્ય સમજીને દુનિયામાં ગુલછડીઓ ઉડાવી લેવામાં, મનમાની રીતે જીવી લેવામાં, શરીઅતની અવગણના કરી નફસની પેરવી કરનારા ભલે મગન મગન વટથી ફરતા રહે પણ નજીકમાં કબરમાં જવાનું છે, કિયામત બહુ દૂર નથી અને ખુદાની પકડથી કોણ બચી શકે છે ? જરૂર તેવા લોકો સખત પકડમાં ફસાશે અને ત્યારે હાય ! હાય ! અફસોસ ! અફસોસ ! કરીને હાથ ઘસવા સિવાય કાંઈ જ વળશે નહીં ! (અલ્લાહની પનાહ !)

## ....પ્રકરણ : ૭

# સ્ત્રીઓને તલાકનો અધિકાર કેમ નથી ?!

આ પ્રશ્ન છે તે યૂરોપિયન (કહેવાતા) બુદ્ધિજીવીઓનો જેઓ ઈસ્લામના અન્ય ઘણા કાનૂનોની જેમ "તલાક"ને પણ ટીકા ટીપ્પણનું નિશાન બનાવે છે અને એવો પ્રશ્ન ઉઠાવે છે કે ઈસ્લામ ધર્મએ જ્યારે સમાનતાની તા'લીમ આપી છે તો પછી સ્ત્રીઓને તલાકનો અધિકાર કેમ નથી ?! આ પ્રશ્નના જવાબથી પહેલાં તલાકના મસ્અલાના વિશે ઈસ્લામના સાચા દૃષ્ટિકોણને સ્પષ્ટ કરવામાં આવી રહ્યો છે જેથી સર્વ વાંચકોને આ મસ્અલો સારી રીતે સમજમાં આવે.

**તલાકની વ્યાખ્યા** : શબ્દકોશમાં તલાક પાબંદી ખત્મ કરવાને કહે છે, અને શરીઅતની બોલીમાં ખાસ શબ્દોમાંથી કોઈ શબ્દનો ઉપયોગ કરીને નિકાહને તુરત જ અથવા અમુક સમયગાળા બાદ ખત્મ કરી દેવાનું નામ તલાક છે, ચાહે એ શબ્દોને પતિ ખૂદ બોલે અથવા તેનો વકીલ અથવા કાઝી જેને શરીઅતે અમુક ખાસ સંજોગોમાં પતિનો નાયબ ઠરાવીને તેની રઝામંદી વિના તલાક આપી દેવાનો અધિકાર આપ્યો હોય. *(દુર્રે મુખ્તાર મઅ રદુલ મુહતાર, પેજ–૫૬૯, ૫૭૧)*

### ★ તલાક અને ઈસ્લામી દૃષ્ટિબિંદુ ★

બે અજનબી પુરૂષ તથા સ્ત્રી વચ્ચે નિકાહના થકી જે સંબંધ સ્થાપિત થાય છે તે કાયમી અને જીવનભર માટેનો હોય છે અને નિકાહના વિશેના હુકમોમાં એનો લેહાઝ પણ રાખવામાં આવ્યો છે. ટેમ્પરરી તથા કામચલાઉ સંબંધોનો ક્યાંક કોઈ રિવાજ પણ હતો તો ઈસ્લામ ધર્મએ તેને એક ઝટકે રદ કરી આપ્યો. પરંતુ એ પણ એક હકીકત છે કે લોકોની પ્રકૃતિઓ વિવિધ પ્રકારની હોય છે એટલા માટે કોઈ જરૂરી નથી કે પતિ, પત્નીના સ્વભાવો સમાન હોય. એ જ કારણે કેટલીકવાર સંજોગો એટલા પ્રમાણમાં ગંભીર બની જાય છે કે યોગ્ય સમયે જો બંને વચ્ચે જુદાઈ ન કરવામાં આવે તો સંજોગો સુધરવાને બદલે બગડી જાય. એવા જ સંજોગોના માટે ઈસ્લામી





શરીઅતે "તલાક"ને શરીઅત પ્રમાણે માન્ય કરી છે. અલ્બત્ત ! તેના અસ્થાને ઉપયોગ પર સખ્ત ચેતવણીઓ પણ આવી છે. એ જ કારણે "તલાક"ને જાઈઝ ચીજોમાં બુરી સમજવામાં આવે છે.

તલાકના વિશે ઈસ્લામ ધર્મએ એક પદ્ધતિ પણ નિશ્ચિત કરી છે જેની વિરૂધ્ધ વર્તનાર ગુનાહમાં પડનાર ગણાશે. એ પધ્ધતિ અનુસાર તલાકના બે પ્રકારો છે : (૧) તલાકે સુન્નત (૨) તલાકે બિઅદત. જે તલાક તહર એટલે કે એવા જમાનામાં આપવામાં આવે જેમાં પતિએ પોતાની પત્નીથી સંભોગ ન કયો હોય, તો તે "તલાકે સુન્નત" છે. અને જે હૈઝ (માસિક)ની હાલતમાં આપવામાં આવે તેને "બિદઅત તલાક" કહેવામાં આવે છે. "સુન્નત તલાક"ના પણ બે પ્રકારો છે : અહસન તથા હસન. જો એક તહરમાં એક તલાક આપીને છોડી દીધી એટલે સુધી કે ઈદ્દત ગુજરી ગઈ તો તેને અહસન કહેવામાં આવે છે. અને જો દરેક તહરમાં એક તલાક આપવામાં આવી તો એ તલાક હસન કહેવાય છે. સાથોસાથ શરીઅતે એ વાતની પણ સ્પષ્ટતા કરી કે અહસન તરીકો એ જ છે કે એક તહરમાં એક જ તલાક આપવામાં આવે, એક સામટી ત્રણ તલાકો ન આપવામાં આવે, કેમ કે એવા સંજોગોમાં પતિ પત્નીને વિચારણા કરવાનો ખાસ્સો સમય મળે છે, કે જેથી બાદમાં જો સંજોગો બદલાય જાય અને બંને જણ સહમતિથી એ નિર્ણયે પહોંચે કે અલગ રહેવું યોગ્ય નથી તો ત્રણ તલાકો પૂર્ણ થતા પહેલાં રજૂઅ કરી લે (તલાક પાછી ખેંચી લે.) અને સંબંધ સુધારી લે. અને જો ઈદ્દત ગુજરી ચૂકી છે તો ત્રણ તલાકથી પહેલાં બંને આપસમાં રાજીખુશી સાથે ફરીથી નિકાહ કરી લે. એ જ કારણે એક સાથે ત્રણ તલાકો આપવાને "બિદઅત તલાક" તથા મના ઠરાવવામાં આવેલ છે, કેમ કે એના બાદ ફરીથી નિકાહ કરવાની ગુંઝાઈશ બાકી રહેતી નથી. એકવાર નબી કરીમ ﷺ ને ખબર આપવામાં આવી કે ફલાણા શખ્સે એકી સાથે ત્રણ તલાકો આપી દીધી છે તો હુઝૂર ﷺ ગુસ્સે થઈ ગયા અને ફર્માવ્યું કે, "હવે અલ્લાહની સાથે ખેલ કરવામાં આવી રહ્યો છે ! જ્યારે કે હું જીવતો છું !"

તલાકના માટે બે પ્રકારના શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે :– **(૧)** સ્પષ્ટ શબ્દો **(૨)** સાંકેતિક શબ્દો.

**સ્પષ્ટ શબ્દો** : જે કેવળ તલાકના જ અર્થમાં વપરાતા હોય અને જો તેના સિવાય કોઈ અન્ય અર્થ હોય તો તર્ક થઈ ચૂક્યો હોય. સ્પષ્ટ શબ્દો

વડે જે તલાક આપવામાં આવે તેનો હુકમ એ છે કે નિય્યત વગર પણ તલાક લાગુ થઈ જશે.

**સાંકેતિક શબ્દો** : એ શબ્દોને કહે છે જે આમ બોલીમાં તલાકના માટે ન હોય બલ્કે તે તલાક તથા ગૈરતલાક બંનેની શક્યતા ધરાવતા હોય. જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીના માટે સાંકેતિક શબ્દો વાપરે તો તલાક એ સમયે લાગુ થશે જ્યારે કે તે શબ્દો થકી તેણે તલાકની નિય્યત કરી હોય અથવા એવો કોઈ નિર્દેશ હોય જેનાથી તલાક આપવાનું માલૂમ પડતુ હોય. જે સાંકેતિક શબ્દોનો અધિક પ્રમાણમાં ઉપયોગ તલાકના માટે થતો હોય તેના થકી નિય્યત વિના તથા નિર્દેશ વિના પણ તલાકે બાઈન લાગુ પડી જશે. જેમ કે "તું મારા પર હરામ છે !" સાંકેતિક શબ્દોનો ઉપયોગ કરતી વેળા જો ત્રણ તલાકો અથવા બે તલાકો આપવાની નિય્યત કરવામાં આવી હોય તો એક **તલાકે બાઈન** લાગુ થશે. અને જો ત્રણ તલાકની નિય્યત કરવામાં આવી હોય તો **તલાકે મુગલ્લતા** લાગુ થશે. *(કુતુબે ફિક્હ)*

તલાક લાગુ થવાના માટે ઈસ્લામી શરીઅતે કેટલીક શરતો પણ નિશ્ચિત કરી છે, જેમાં મહત્વની તથા પાયાની શરત એ છે કે તલાક આપનાર આકિલ, બાલિગ તથા તલાક આપતી વખતે હોશ હવાસ (ભાન)માં હોય તથા જાગતો હોય. કેમ કે પાગલ, બાળક, બેહોશ, ભાન ગુમાવેલ અને સૂઈ રહેલા શખ્સની તલાકની શરીઅતમાં કોઈ ગણત્રી નથી. એ જ પ્રમાણે જબરદસ્તીની તલાક પણ અવિ□સનીય છે. જબરદસ્તીથી મુરાદ એ છે કે જાનથી મારી નાખવાની અથવા કોઈ અંગ કાપી નાખવાની, અથવા બેકાર કરી દેવાની વગેરે વગેરેની ખરેખર ધમકી આપવામાં આવી હોય, તેમ જ ધમકી આપનાર તેના માટે શક્તિમાન પણ હોય. નહીં તો મિત્રો, સગાંનો આગ્રહ તથા સામાન્ય મારપીટ અને ધમકીને શરીઅતમાં જબરદસ્તી ગણાશે નહીં.

## ★ યૂરોપિયન કહેવાતા બુદ્ધિજીવીઓના પ્રશ્નનો જવાબ ★

યૂરોપવાસીઓના આ પ્રશ્નનો જવાબ તો ઘણી લાંબી ચર્ચાને પાત્ર છે જે અત્યારે યોગ્ય નથી પણ સંક્ષિપ્તમાં એ જવાબ પૂરતો ગણાશે કે સ્ત્રી, પુરૂષની સરખામણીમાં શોર્ટ ટેમ્પર (જરા જરામાં ગુસ્સે થનાર) અને મામૂલી મામૂલી વાત પર પણ વિના કાંઈ સમજ્યા વિચાર્યા વિના ફેંસલો





કરી લે છે. જ્યારે કે પુરૂષ એની સરખામણીમાં વસ્તુસ્થિતિ સમજનાર, મંતવ્ય સોચનાર અને ખૂબ વિચારણા પછી કોઈ પ્રકારનું ડગલુ ભરે છે. એટલા માટે ઈસ્લામ ધર્મએ સ્ત્રીઓને તલાકનો અધિકાર નથી આપ્યો. કેમ કે તલાકનો અધિકાર આપવાના સંજોગોમાં એ ખતરો હતો કે જો સ્ત્રીઓને એ અધિકાર આપવામાં આવે તો રોજ બરોજ પતિ પત્ની અલગ થતાં રહેશે.

## ★ સ્ત્રીઓના શોર્ટ ટેમ્પરનો હદીષમાં ઉલ્લેખ ★

સ્ત્રીઓના શોર્ટ ટેમ્પર (જરા વાતમાં ગુસ્સે થઈ જવું) અને જરા સરખી વાતમાં પ્રકૃતિ વિરૂધ્ધ થઈ જઈને સર્વ એહસાનો ભૂલી જવાના બારામાં રસૂલે કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

**(અર્થ)** : "તમે જીવનભર સ્ત્રી સાથે એહસાનોથી ભરપૂર અને બેહતરથી બેહતર વર્તાવ કરતા રહો, તેમ છતાં પણ તેણીએ જો સંજોગોવસાત કોઈ મામૂલી વાત પણ તેની મરજીની વિરૂધ્ધ થતી જોઈ લીધી તો બસ ! તરત જ કહી ઉઠશે કે, "મેં આજ સુધી તારે ત્યાં ભલાઈ જોઈ જ નથી !" *(બુખારી શરીફ઼, ભાગ–૨)*

## ★ પશ્ચિમી સંશોધકોનાં સમર્થનો ★

નોંધપાત્ર પાસુ એ છે કે આ શરઈ હકીકતનું સમર્થન વર્તમાનકાળના રિસર્ચ સ્કોલર્સ અને પશ્ચિમી સંશોધકોનાં નિવેદનો થકી પણ થાય છે, જેમ કે દાઈરતુલ્ મઆરિફ (ઈન્સાયકલોપિડિયા)માં છે કે : "મનોવિજ્ઞાનની રૂએ એ હકીકત સાબિત થઈ ચૂકી છે કે પુરૂષ સ્ત્રી કરતાં દરેક લેહાઝથી શારીરિક રીતે ઘણો મજબૂત હોય છે."

ડોકટર દોફારીની જણાવે છે કે :–

"સ્ત્રી શારીરિક રીતે ૧/૩ જેટલી પુરૂષ કરતાં કમજોર હોય છે અને તેની પ્રવૃત્તિઓમાં પણ ચુસ્તીની કમી હોય છે. તેનું દિલ પણ કે જે જિંદગીનું કેન્દ્ર છે તે પુરૂષ કરતાં ૬૦ ગ્રામ જેટલુ નાનું હોય છે અને હલકુ હોય છે અને તેના □ાસની ક્રિયા પણ પુરૂષ કરતાં કમજોર હોય છે અને ઉષ્મા પણ પુરૂષ કરતાં ઓછી હોય છે, કેમ કે એ વાત સાબિત થઈ ચૂકી છે કે પુરૂષની એક કલાકમાં ૧૧ ગ્રામ જેવી ઓછી થાય છે અને સ્ત્રીની ૬ ગ્રામથી થોડીક

વિશેષ ઓછી થાય છે. ડોકટર દોફારીની બીજા એક ઠેકાણે લખે છે કે :–

"શારીરિક તફાવત દરેક પ્રદેશના પુરૂષ તથા સ્ત્રી વચ્ચે હોય છે. અમેરિકાના જંગલી લોકો અને પેરીસના ફોરવર્ડ તથા સુસભ્ય લોકોની વચ્ચે સમાન રીતે મૌજૂદ છે." વધુમાં લખે છે કે મનોવૈજ્ઞાનિક વિદ્યાએ એ વાત પુરવાર કરી આપી છે કે સ્ત્રીનું દિમાગ પુરૂષના દિમાગ કરતાં સરેરાશ ૧૦૦ ગ્રામ જેટલુ ઓછુ હોય છે અને પ્રતિકારક તથા શારીરિક સંતુલન પણ ઓછુ હોય છે એટલે કે પુરૂષના દિમાગ તથા શરીરમાં ૧/૪ ના જેટલુ હોય છે અને સ્ત્રીના દિમાગ તથા શરીરમાં ૧/૪૪ ના જેટલુ હોય છે. એટલા માટે પુરૂષ અધિક હોશિયાર તથા તીવ્ર બુદ્ધિશાળી હોય છે. એક બીજો મનોવૈજ્ઞાનિક ફરક પણ કુદરતી શક્તિઓના કારણે એ બંનેની વચ્ચે એ છે કે, સ્ત્રી જલ્દીથી પ્રભાવિત થઈ જાય છે અને ઉશ્કેરાઈ જાય છે. અને બંનેનો આ ફરક સભ્યતાની પ્રગતિની સાથે સતત વધતો જઈ રહ્યો છે. *(દાઈરતુલ્ મઆરિફ, અઝ : ફરીદ વ જદી, ભાગ–૮)*

આવા જ એક પ્રશ્નનો જવાબ પણ જોઈ લો :–

**સવાલ** : નિકાહ કરતી વખતે સ્ત્રીની મરજી તથા કાઝી તથા ગવાહોની જરૂરત ઉભી થાય છે તો તલાકમાં કેમ નહીં ?! કુર્આન તથા હદીષના હવાલાથી જવાબ આપશો.

**જવાબ** : તલાકનો માલિક પતિ છે, તે પોતાની મરજીથી તલાક આપશે, તેને કોઈ રજા લેવાની જરૂરત નથી. કુર્આને હકીમ, સૂરએ બકરહ્‌માં છે : بِيَدِهٖ عُقْدَةُ النِّكَاحِ. એટલે કે "પતિના હાથમાં નિકાહની ગિરહ (ગાંઠ) છે." *(પા–૨, રૂકૂઅ–૧૫, આયત–૨૩૭)*

જેથી જો તલાકનો માલિક પતિ ન હોત અને એમાં સ્ત્રીની પણ રજા સામેલ હોત (અથવા તેણીને તલાકનો અધિકાર હોત) તો જીવન વ્યવસ્થા વેરવિખેર થઈ જાત. પત્ની જ્યારે ચાહે મામૂલી સરખી વાત પર નારાજ થઈને ઘરેથી ભાગી જાત અને જ્યાં ફાવે ત્યાં ચાલી જાત, જેથીના ચાહે નિકાહ કરી લેત. અને પતિ પણ પત્નીઓને ઘરના રહસ્યોમાં શરીક ન કરત, અને ન તો તેણીઓને પોતાના ખજાનાઓનો માલિક બનાવત અને કશાય ભય તથા ખતરા વિના મુસાફરી ન કરી શક્તે, બલ્કે પત્નીઓને લોંડી તથા બાંદીની જેમ રાખતે, મારપીટ કરતે, તેણીઓને સતાવતે.





તલાકનો માલિક પતિ છે એ અલ્લાહ તથા રસૂલનો નિશ્ચિત કરેલો કાનૂન છે. એમાં અલ્લાહની ઘણી મહાન હિકમત છે. જરૂરી નથી કે બંદો દરેક હિકમતથી માતિહગાર થાય. આ અલ્લાહની હિકમતમાં કોઈને ટીકા ટીપ્પણની ઈજાઝત નથી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رضی اللہ عنہ લખે છે કે :–

ان الحکم یکون لحکمة ولکن العباد مامورون
باتباع الحکم دون الحکمة.

**અર્થ** : "હુકમ હિકમતના માટે હોય છે પણ હિકમત પર એનો આધાર નથી રહેતો. બંદાએ તો હુકમનું પાલન કરવું જોઈએ. હિકમત જે તેને માલૂમ છે મૌજૂદ હોય કે ન હોય." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૧, પેજ–૨૪૪)*

કુર્આને હકીમની સ્પષ્ટતા મુજબ સ્ત્રી પુરૂષની પત્ની થયા પછી તેના હાથ હેઠળ થઈ જાય છે અને પતિ તેનો હાકિમ થયો. સ્ત્રી આઝાદ પેદા કરવામાં આવી છે જેથી તેણીની રજા વિના કોઈ શખ્સ તેનો હાકિમ નથી થઈ શક્તો, નહીં તો તેના પર જુલ્મ થયો ગણાશે. એટલા માટે નિકાહના સમયે સ્ત્રીની મરજીને પણ જરૂરી ઠરાવવામાં આવી, પણ તલાકના સમયે પતિ તેની પત્ની ઉપરથી પોતાના હાકિમપણાને તેના ઉપરીપણાને ઉઠાવે છે અને એટલા માટે તેને પત્નીની ઈજાઝત લેવાની તદ્દન જરૂરત નથી. આ સુબુદ્ધિના પ્રમાણે જ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ નિયાઝ બરકાતી મિસ્બાહી–જહાંગીર ગંજ *[સ્થળ : દારુલ ઈફ્તા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ, યુ.પી.]*
*–(કન્ઝુલ ઈમાન, માસિક (ઉર્દૂ), દિલ્હી–જાન્યુ. ૦૪ ના હવાલાથી)*

હવે જરા તલાકના આ પાસા પર પણ વિચાર કરતા ચાલો કે જો તલાકનો અધિકાર સ્ત્રીઓને પણ આપવામાં આવે તો તેનાં શા પરિણામો સામે આવશે ?! એના અનુસંધાનમાં બ્રિટનના દસ વરસના સામાજિક પ્રત્યાઘાતો (ઈ.સ. ૧૯૬૧ થી ઈ.સ. ૧૯૭૧)ની એક રિપોર્ટને વર્ણવી આપવો પૂરતો ગણાશે જેના પ્રમાણે બ્રિટનમાં ઈ.સ. ૧૯૬૧ માં તલાકની સંખ્યા ૧૦,૦૦૦ હતી જે ઈ.સ. ૧૯૭૧ માં ૫,૫૦,૦૦૦

સુધી પહોંચી ગઈ !

ક્યારેક ક્યારેક એવી એવી રમૂજી વાતો પણ પશ્ચિમી સ્ત્રીઓની તરફથી તલાકની માંગણીના માટે કરી દેવામાં આવે છે કે યકીન કરવું મુશ્કેલ બની જાય છે. એકવાર વર્તમાનપત્રોમાં એવા જ એક પ્રસંગનો ઉલ્લેખ થયો કે એમાં સ્ત્રીએ કેવળ એટલા કારણે પોતાના પતિથી તલાક મેળવવાના માટે અદાલતમાં દરખાસ્ત પેશ કરી કે તેની પાસે એક પ્યારો કૂતરો હતો જેને તેનો પતિ પસંદ કરતો ન હતો ! *(બહવાલા મઆશિરતી મસાઈલ દીને ફિતરતકી રોશનીમેં)*

હવે વિચારો કે સ્ત્રીઓના તલાકના બારામાં જરા સરખો અધિકાર આપવાના કારણે યૂરોપવાસીઓને તો આટલી સજા ભોગવવી પડી રહી છે તો જો તેમને તલાકનો અધિકાર મળી જાય તો પછી શું પરિણામો સામે આવશે ?! *(જામે નૂર–દિલ્હી, ઓકટો.–૦૩ માંથી સાભાર)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૪,*
*રજૂકર્તા : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી)*





*....પ્રકરણ : ૮*

## એક બેઠકમાં ત્રણ તલાકોનો શરઈ હુકમ કુર્આન તથા હદીષની રોશનીમાં

### વર્તમાન "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"એ મુસ્લિમોની વફાદાર સંસ્થા છે કે ગદ્દાર ?!

**:: સવાલ ::**

૧. શું "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"નું એક મજલિસમાં ત્રણ તલાકોને ખત્મ કરવું અથવા એમાં ફેરફાર કરવું શરીઅતની રોશનીમાં સહીહ છે ?

૨. શું શરઈ બાબતો તથા મામલાઓને સુલઝાવવા તથા હલ કરવામાં આપ મુસ્લિમ પર્સનલ લો બોર્ડને આપણી તથા આપણા મસ્લકની પ્રતિનિધિ સંસ્થા માનો છો ?

૩. તમારા મંતવ્ય પ્રમાણે કૌમને ત્રણ તલાકથી દૂર રાખવા માટે શું કરવું જોઈએ ?

૪. ગૈર આલિમનું તદ્દન નર્યી શરઈ બાબતોમાં લેખિત કે મૌખિક નિવેદનોથી ડખલગીરી કરવાને આપ ઈસ્લામી શરીઅત માટે કેટલું લાભદાયી તથા નુકસાનકર્તા સમજો છો ? કેમ કે તલાકના મસ્અલા પર સામાન્ય માણસો પોતાની દિમાગી કક્ષાના હિસાબે મંતવ્યો રજૂ કરવામાં જોશ પ્રદર્શિત કરી રહ્યા છે.

*–[**પૂછનાર** : ખુશ્તર નૂરાની અલીગ (તંત્રી : જામે નૂર–દિલ્હી)]*

## ★ અલ્ જવાબ ★

એક બેઠકમાં (મજલિસમાં) **"ત્રણ તલાકો ત્રણ"** છે, એ કુર્આને પાકની આયતથી પણ સાબિત છે અને સહીહ હદીષો તેમજ આષારે સહાબાથી પણ સાબિત છે. એના પર ઉમ્મતનો ઈજમાઅ છે. ખલીફતુલ્ મુસ્લિમીન હઝરત સૈયેદેના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના જમાનામાં જ એના પર સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ નો ઈજમાઅ (સર્વ સંમતિ) સ્થાપિત થયો હતો. યાદ રાખશો કે હક્ક હવે ચાર મઝહબો હનફી,

માલિકી, શાફઈ, હંબલીમાં સીમિત છે. અને ચારેવ મઝહબોનો ત્રણ તલાક લાગુ થવા પર ઈજમાઅ છે.

**૧.** કુર્આન શરીફ સૂરએ બકરહ, આયત—૨૨૯ માં છે :—

**الطلاق مَرَّتٰنِ فاِ مساكٌ بمعروف أوْ تسريح بِا حسان۔**

**તર્જુમો** : "તલાક બે વખત છે, પછી ભલાઈની સાથે રોકી લેવું છે અથવા ભલાઈ સાથે છોડી દેવું છે."

એના અનુસંધાનમાં આયત નં. ૨૩૦ માં છે :—

**فَاِنْ طَلَّقَهَا فَلا تَحِلُّ لَه مِن ۢ بَعْدُ حَتّٰى تَنْكِحَ زَوْجاً غَيْرَه۔**

**તર્જુમો** : "પછી જો પતિએ ત્રીજી તલાક આપી દીધી તો હલાલ થશે નહીં ત્યાં સુધી કે બીજા પતિ સાથે નિકાહ કરે."

આ આયતોમાં બે પ્રકારની તલાકનું વર્ણન છે; **એક** એ તલાકનું જેના પછી પતિને રજઅત (તલાક પાછી લેવાનો) હક્ક રહે છે, એનું વર્ણન આયત નં. ૨૨૯ માં છે. બીજી એ તલાકનું જેના પછી પતિને રજઅત (તલાક પાછી લેવાનો) અધિકાર બાકી નથી રહેતો, એનું વર્ણન બાદવાળી આયતમાં છે. અને આ આયતો મુત્લક (અબાધિત) છે એમાં એક મજલિસની શરત નથી. જેનો ઉઘાડો મતલબ એ છે કે, "પતિ એક બેઠકમાં આ તલાકો આપે અથવા કેટલીયે બેઠકોમાં ગમે તેમ પણ "ત્રણ તલાકો" લાગુ થશે." કુર્આન શરીફમાં આ પ્રકારની પુષ્કળ આયતો છે જે અબાધિત (મુત્લક, બિનશરતી) છે અને ઉમ્મતે તેને કદી પણ એક મજલિસની શરતથી શરતી બનાવી નથી. દા.ત. ઈર્શાદે બારી છે : **اٰتـوا الـزكـاة** "ઝકાત આપો." **صَلُّوا اعليه وسَلَّموا تسليماً۔** "રસૂલ પર સલાતો સલામ મોકલો."

**اتـقـوا الـلـه** "અલ્લાહથી ડરો !"

**اِن كنتم فى ريب مما نزلنا على عبد نا فا توا بسورة من مثله** "અમે અમારા બંદા પર કુર્આન ઉતાર્યું, એમાં જો તમને શંકા છે તો એના જેવી એક સૂરત લાવો." **أدعوا ربكم تضر عا و خيفية** "તમારા રબથી દુઆ કરો ગિર્યાઓ ઝારી (રૂદન કાકલૂદી)ની સાથે અને છુપી રીતે." **لا تاكلوآ أموالكم بينكم با لباطل** "તમારા માલો આપસમાં નાહક્ક ન ખાવ."





આ અને એના જેવી પુષ્કળ આયતોના હુકમો (અહકામ) અથવા નવાહી (મનાઈના હુકમો) કોઈ એક મજલિસ (બેઠક) સાથે ખાસ નથી બલ્કે એક મજલિસમાં હોય (એકી સાથે હોય) કે વિવિધ મજલિસોમાં હોય, ગમે તેમ પણ અલ્લાહ તથા રસૂલનું ફર્માન લાગુ થશે. એને દરેક તે વ્યક્તિ માને છે જેની પાસે થોડી પણ સદ્‌બુધ્ધિ હોય. એ જ સ્થિતિ ઉપર જણાવેલ (તલાક વિશેની પ્રથમ બે) આયતોની પણ છે.

**૨.** મશહૂર મુહદ્દિષ ઈમામ ઈબ્ને માજહ્‌એ સિહાહ સિત્તહ્‌ની મહત્વની કિતાબ "સુનને ઈબ્ને માજહ્‌માં" આ વિષયે એક પ્રકરણ રચેલું છે : "એક મજલિસ (બેઠક)માં ત્રણ તલાકનું બયાન." પછી તેના હેઠળ આ હદીષે રસૂલ નકલ કરવામાં આવી છે કે, "હઝરત આમિર શઅબી رضی اللہ عنہ એ હઝરત ફાતિમા બિન્તે કૈસને તેમની તલાકનો પ્રસંગ પૂછયો તો એમણે ફર્માવ્યું :—

**طـلـقـنى زوجى ثلثا وهو خارج الى اليَمنِ**

**فـاجـاز ذلك رسـول الـلـه صلى الله وسلم**

"મને મારા પતિએ ઘરથી યમન જતી વખતે "ત્રણ તલાકો" આપી દીધી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણેવ તલાકો લાગુ પાડી દીધી."

સહીહ મુસ્લિમ શરીફ, પેજ—૪૮૪, ૪૮૫, ભાગ—૧ માં આ હદીષની વિવિધ રિવાયતો ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہ એ જમા કરી છે અને સૌનો સાર એ જ છે કે ફાતિમા બિન્તે કૈસના પતિ અબૂ અમ્ર ઈબ્ને હફ્સ ઈબ્ને મુગીરાએ યમનના માટે ઘરેથી નીકળતી વખતે ત્રણ તલાકો આપી દીધી, તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણેવ તલાકો લાગુ કરી દીધી.

આ હદીષોના શબ્દો એકવાર ફરી ધ્યાનપૂર્વક વાંચો કે હઝરત અબૂ અમ્ર ઈબ્ને હફ્સ رضی اللہ عنہ એ ઘરેથી યમનના માટે નીકળતી વેળા ત્રણ તલાકો આપી. જેનાથી સારી પેઠે સ્પષ્ટ થયું કે આ તલાકો તેમણે ત્રણ મજલિસો (બેઠકો)માં નહીં બલ્કે એક સાથે આપી દીધી હતી, જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉચ્ચ અદાલતેથી લાગુ પાડવા માટે માન્ય ઠરાવવામાં આવી. આ રીતે આ પ્રકારની વિવિધ હદીષો અને આષારે સહાબા ફત્હુલ કદીર પેજ—૩૨૯, ૩૩૦, ૩૩૧, ભાગ—૩ તેમજ અન્ય વિ□ાસપાત્ર કિતાબોમાં છે.

**૩. એક બેઠકમાં ત્રણ તલાકોના ત્રણ હોવા પર સહાબાએ કિરામ** رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن **નો ઈજમાઅ (સર્વસંમતિ) છે.** સવાદે આ'ઝમ ઉમ્મત (અહલે સુન્નત)નો એ જ મઝહબ છે. ફત્હુલ કદીરમાં છે : **فاجماعهم ظاهر “એના પર સહાબીઓનો ઈજમાઅ જાહેર છે.”** *(ભાગ–૩, પેજ–૩૩૩)*

ઈમામ અબૂબક્ર જસ્સાસ રાઝી પોતાની મશહૂર તફસીર ''અહકામુલ્ કુર્આન''માં લખે છે :–

**فالكتاب والسنة واجماع السلف توجب ايقاع الثلث**

**معا و ان كانت معصية**

એટલે કે, ''કિતાબુલ્લાહ (કુર્આન), સુન્નતે રસૂલુલ્લાહ (હદીષ) તથા સલફના (પૂર્વજ ઉલમા તથા બુઝુર્ગોના) ઈજમાઅથી સાબિત છે કે **એકી સાથે ત્રણ તલાકો અનિવાર્યપણે ત્રણ જ લાગુ પડે છે,** જો કે એવું કરવું **ગુનોહ** છે.'' *(પેજ–૩૩૮)*

સાવી શરીફ, ભાગ–૧, પેજ–૧૦૭ માં છે : **هذا هو المجمع عليه** ''એટલે કે એના પર ઈજમાઅ છે.'' મુકદ્દમાત ઈબ્ને રશ્દમાં છે :–

**و هو مذهب جميع الفقهاء و عامة العلماء وَلا يشذ**

**فى ذٰلك عنهم الا من لا يعتد بخلافه منهم۔**

''તમામ ફકીહો તથા આલિમોનો મઝહબ એ જ છે અને તેમનાથી તે જ વ્યક્તિ અલગ છે જેની કોઈ હૈસિયત નથી.'' *(પેજ–૭૭, ભાગ–૪૪, અલ્મુદવ્વનહ્)*

કિતાબ તથા સુન્નત તથા ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ બે રિવાયતોથી જાહેર થાય છે કે એક બેઠક (મજલિસ)ની ત્રણ તલાકો ત્રણ થશે નહીં, પણ તેમનામાંથી એક રિવાયત ઝઈફ તથા મુન્કિર છે એટલા માટે દલીલને પાત્ર નથી અને કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ)ની વિરૂધ્ધ હોવાથી ત્યજવા પાત્ર છે.

**બીજી હદીષ** : હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ عَنْہُمَا થી મરવી છે કે જ્યારે કે ખૂદ આપે ઘણા ફત્વાઓ એની વિરૂધ્ધ બહાર પાડ્યા. વળી તે હદીષ એવી સ્ત્રીના બારામાં છે જે પોતાના પતિની સાથે કોઈ





મકાનમાં (સ્થાનમાં) કદી ભેગી ન થઈ તેને ફિકહની બોલીમાં **“ગૈર મદખૂલા”** કહે છે અને એવી સ્ત્રીને જો કોઈ વ્યક્તિ ત્રણ શબ્દોમાં વારાફરતી તલાક આપે તો એક જ પડે છે, **કેમ કે એક તલાકના કારણે તે નિકાહથી જ નીકળી જાય છે !** પછી (બીજી તથા ત્રીજી) તલાકને સ્થાન જ નથી રહેતું, એટલા માટે બાદની બે તલાકો નિરર્થક તથા બેકાર થઈ જાય છે. ગૈર મુકલ્લિદોને આનાથી ગલતફહમી થઈ છે અને એના પરથી તેમણે ઈજતેહાદ કરી લીધો કે તે હુકમ મદખૂલા તથા ગૈર મદખૂલા સૌના માટે છે.

## ★ પ્રશ્નોના જવાબો ★

**પ્રશ્ન ૧** : શું ''મુસ્લિમ પર્સનલ લો બોર્ડ''નું એક મજલિસમાં ત્રણ તલાકોને ખત્મ કરવું અથવા એમાં ફેરફાર કરવું શરીઅતની રોશનીમાં સહીહ છે ?

**જવાબ** : એ શરીઅતની રોશનીમાં સહીહ નથી, બલ્કે ગલત તથા બાતિલ છે કેમ કે કુર્આન મુકદ્દસ, નબવી હદીષો તથા સહાબા, તથા ચારેવ ઈમામો તથા સવાદે આ'ઝમ ઉમ્મતના ઈજમાઅની વિરૂધ્ધ અને તેનાથી ઉઘાડી વિમુખતા છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**પ્રશ્ન ૨** : શું શરઈ બાબતો તથા મામલાઓને સુલઝાવવા તથા હલ કરવામાં આપ મુસ્લિમ પર્સનલ લો બોર્ડને આપણી તથા આપણા મસ્લકની પ્રતિનિધિ સંસ્થા માનો છો ?

**જવાબ** : હરગિઝ નહીં ! આજે એ લોકો ગૈર મુકલ્લિદોના દબાણ હેઠળ જો ત્રણ તલાકોને એક ઠરાવવા ચાહે છે, તો કાલે ઈમામિયાના દબાવમાં આવીને સીધે સીધું એવું એલાન કરી શકે છે કે, એક પણ તલાક થશે નહીં ! તેઓ મઝહબથી આઝાદ થઈને કોઈ પણ રંગમાં રંગી શકે છે.

**પ્રશ્ન ૩** : તમારા મંતવ્ય પ્રમાણે કૌમને ત્રણ તલાકથી દૂર રાખવા માટે શું કરવું જોઈએ ?

**જવાબ** : લોકો જાત જાતના ગુનાહ કરતા રહે છે, દા.ત. નમાઝ નથી પઢતા, રોઝા નથી રાખતા, ઝકાત નથી આપતા, જૂઠ બોલે છે, ચુગલી

ખાય છે, દાઢી મૂંડાવે તથા ધોકો આપે છે. આ તથા એના જેવા ગુનાહોથી દૂર રાખવા માટે પૂરી મિલ્લત જે કાંઈ કરી રહી છે તે સૌને ખબર છે, એવું જ અહીં પણ કરવું જોઈએ. **હા ! એવી તદબીર હરિગ્ઝ ન કરવી જોઈએ કે એક બેઠકના કેટલાયે ગુનાહોને એક જ માની લઈએ ! અથવા સીધે સીધુ ગનાહ જ ન માનીએ !** અને એવા સુભ્રમમાં વ્યસ્ત રહીએ કે આ રીતે લોકો ગુનાહથી મેહફૂઝ થઈ જશે, જેમ કે એક બેઠકમાં ત્રણ તલાકના મસ્અલામાં ગૈર મુકલ્લિદો અને ઈમામિયાએ એ જ રવિશ અપનાવી છે.

**પ્રશ્ન ૪ :** ગૈર આલિમનું તદન નર્યી શરઈ બાબતોમાં લેખિત કે મૌખિક નિવેદનોથી ડખલગીરી કરવાને આપ ઈસ્લામી શરીઅત માટે કેટલું લાભદાયી તથા નુકસાનકર્તા સમજો છો ? કેમ કે તલાકના મસ્અલા પર સામાન્ય માણસો પોતાની દિમાગી કક્ષાના હિસાબે મંતવ્યો રજૂ કરવામાં જોશ પ્રદર્શિત કરી રહ્યા છે.

**જવાબ :** એને અમે એટલું જ નુકસાનકર્તા સમજીએ છીએ જેટલું જોલા છાપ (બનાવટી) ડોકટરો થકી થતા મેજર ઓપરેશનને આખુ જગત સમજે છે, બલ્કે ઘણી બાબતોમાં તો એનાથી વિશેષ નુકસાનકર્તા સમજીએ છીએ. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર :** (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી (સદર *મુફતી : જામિઆ અશ્રફિયા, મુબારકપુર, યુ.પી. ઈન્ડિયા) –[માહનામા અશ્રફિયા, મુબારકપુર, સપ્ટે. ૦૪]*

તે ઉપરાંત હાલમાં જ બરૈલી શરીફ ખાતે તાજુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી મિયાં مدظلہ العالی ની સદારતમાં તા. ૧૬, રજબ હિ.સ. ૧૪૨૫ ના રોજ ફિક્હી સેમિનાર યોજાયો જેમાં અહલે સુન્નતના ટોચના મુફતીઓ તથા આલિમોએ હિસ્સો લીધો તેમાં આ જ ત્રણ તલાકવાળા મસ્અલા વિશે સર્વાનુમતે જે ફેંસલો રજૂ કર્યો તેને વાંચો :–

## ★ તલાક વિશે ફેંસલો ★

હિંદુસ્તાનમાં ૮૦% મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરતી **''શરઈ**





**કાઉન્સિલ બરૈલી શરીફ''**નો આ ફિક્હી ઈજલાસ એ નિશ્ચિત થયેલ બાબત પર સર્વસંમતિ દર્શાવે છે કે એક બેઠકમાં ત્રણ તલાક ત્રણ જ થશે. હદીષ સહીહ મરફૂઅથી એ જ સાબિત છે. હઝરત ઉમર رضی اللہ عنہ ના ખિલાફતના જમાનામાં એના પર સહાબીઓનો ઈજમાઅ પણ નિયુક્ત થઈ ચૂક્યો છે. એ સમયથી લઈને આજ સુધી તમામ ઉમ્મતે ઈજાબતનો એના ઈજમાઅ તથા અમલ રહ્યો છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડ અથવા અન્ય કોઈ સંસ્થાને એ હક્ક હરગિઝ હાંસલ નથી કે તે ઈજમાઈ મસ્અલામાં કોઈ ફેરફાર કરે, અને ન તો એ મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે કે પ્રતિનિધિત્વ ધરાવનાર બોર્ડ છે.

અલ્બત્ત, પબ્લિકને એ ચેતવણી આપવામાં આવે છે કે તલાક આપવામાં ઉતાવળથી કામ ન લે અને જરૂરતના સમયે એક તહરમાં (પાકીના ગાળામાં) એકથી વધારે તલાક હરગિઝ ન આપે. (આ ફેંસલા પર સર્વ મુફતીઓની સહી છે.) *–કન્ઝુલ ઈમાન (ઉર્દૂ) માસિક, દિલ્હી, નવે–૨૦૦૪) –(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૦૪)*

....પ્રકરણ : ૯

# વર્તમાનકાળમાં આડેધડ થતી તલાક઼ો અને તેનું નિવારણ

'નિકાહ' એ અજનબી પુરૂષ તથા અજનબી સ્ત્રીને જોડી દેનાર તથા એકબીજા વચ્ચે અતૂટ મહોબ્બત પેદા કરનાર એવું પવિત્ર બંધન છે જે બંનેને દુનિયા તથા આખેરતમાં સુકૂન અર્પણ કરે છે. **ઈજાબ** તથા **કુબૂલ** વેળા **સ્ત્રીની રજા** અને પુરૂષનું કહેવું કે **'મૈંને કુબૂલ કિયા'** આ શબ્દો અતિ મહત્વ ધરાવે છે. આ શબ્દોથી તેમના પર એવી જિમ્મેદારી આવી પડે છે કે એકબીજાના સર્વ હક્કોનું પાલન કરવા તેઓ શરીઅતની રૂએ જિમ્મેદાર થઈ જાય છે, એકબીજાની મહોબ્બતમાં રહી એકબીજાનું માન, એકબીજાની ઈજ્જત આબરૂનું રક્ષણ તથા પતિ માટે પત્નીનું ભરણ પોષણ તથા અન્ય જરૂરતો તથા પત્ની પણ પતિનો માલ તથા માન મોભો ઈજ્જત સાચવવા કટીબદ્ધ થઈ જાય છે અને ઈસ્લામી શરીઅતને અનુસરીને જીવતાં વફાદાર દંપતિઓ એકબીજા સાથે સુખ દુઃખમાં પણ ચૈન સુકૂનથી જીવન જીવતાં હોય છે. નિકાહનો સંબંધ તેમના જીવનમાં ખુશીઓની બહાર ભરી આપે છે.

### ★ વગર વિચાર્યી તલાક઼ જીવનનો ગોઝારો અકસ્માત ! ★

સુખી જીવન માટે પતિએ પત્ની સાથે દરેક વાત પ્યાર મહોબ્બતથી કરવી જોઈએ, તેણીની વાત પણ સાંભળવી જોઈએ. અને ન ગમતી વાત બને તો સબ્રથી કામ લઈ બંનેએ વાતને સમજાવટથી પતાવવી જોઈએ. જીવનના સફરમાં ક્યારેક મુશ્કેલ વળાંકો આવી પડે છે, પતિ પત્ની વચ્ચે કોઈક વાતે ઘર્ષણ પણ થાય છે તો એવા સમયે શરીઅતના હુકમોને નજરો સમક્ષ રાખી સબ્રથી વાતનું નિરાકરણ કરવું. જો જીવન ખુશનુમા રાખવું હોય તો પતિની ભૂલ હોય તો તેને સ્વીકારી લઈ માફી માંગી લેવી જોઈએ અને પત્નીની ભૂલ હોય તો તેણે માફી માંગી લેવી અને દરેકે દરગુઝર કરીને માફી આપી દેવી જોઈએ અથવા માફી ન માંગે તો પણ દરગુઝર





કરી દેવું. મહોબ્બત આપસમાં વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. પતિ કે પત્નીએ ગુસ્સે થઈ તમાશા ન કરવા જોઈએ. આજે દીની જ્ઞાનથી વંચિત અને શરીઅતથી બેપરવા જીવન જીવતાં સ્ત્રી પુરૂષો વાત વાતમાં ઝઘડા કંકાસ કરતાં રહે છે અને ક્યારેક ન બનવાનું બની જાય છે. અને પતિ ક્યારેક અતિ ઉશ્કેરાટમાં આવી ધડાધડ પત્નીને **"તલાક ! તલાક઼ ! તલાક઼ !"** કહી આપે છે ! માનવ જીવનયાત્રાનો આ એવો ગોઝારો અકસ્માત છે કે જેવી રીતે ટ્રેન પાટા પરથી ઉતરી પડે તો કેવળ ડબ્બા જ નથી નીચે ઉતરતા બલ્કે કાંઈ કેટલીયે જિંદગીઓ તેમાં સફર કરી રહેલી હોમાય થઈ જાય છે, કેટલાંય અપંગ થઈ જાય છે, કેટલીયે સ્ત્રીઓ વિધવા અને બાળકો અનાથ થઈ જાય છે, મા બાપો પુત્ર પુત્રી વિયોગમાં સપડાય જાય છે અને અસંખ્ય મુસીબતો પબ્લિકને વેઠવાની આવે છે. એ જ પ્રમાણે માનવ જીવનની ગાડીનું છે કે પતિના "તલાક઼ ! તલાક઼ ! તલાક !"ના એકધારા થયેલ ફાયરિંગથી કેવળ પત્ની જ નિકાહથી નથી નીકળી જતી બલ્કે એનાં બાળકો રઝળી પડે છે, બંનેનાં કુટુંબીજનો પર દુઃખનું આભ તૂટી પડે છે, સમાજમાં આબરૂના કાંકરા થઈ જાય છે અને સૌની રાતની નિંદરો હરામ થઈ જાય છે. સૌનાં જીવનનાં અરમાનોનો જનાઝો નીકળી જાય છે અને આનંદ કિલ્લોલમાં જીવતાં પતિ–પત્ની બાળકો, કુટુંબીજનો સૌના ચહેરા પર ઉદાસીની કાળી મેશ જામી જાય છે અને જીવન જીવવું મુશ્કેલ બની જાય છે.

આવું ત્યારે જ બને છે કે જ્યારે પતિ "તલાક઼"ના હક્કનો નાજાઈઝ રીતે ઉપયોગ કરી ધડાધડ ત્રણ તલાક઼ો એક સાથે આપી દે છે. જ્યારે કે આ રીતે તલાક઼ આપવી **હરામ** છે અને આવી રીતે તલાક઼ આપનાર ગુનેહગાર છે, **પણ તલાક઼ તો થઈ જાય છે.** *(મિર્ક઼ાત, અન્વારુલ્ હદીષ)*

### ★ અચાનક ત્રણ તલાક઼ આપવાના ભયાનક પ્રત્યાઘાત ! ★

આજકાલ મુસ્લિમ સમાજમાં હાલતાં ચાલતાં તલાક઼ો થતી જોવા મળે છે. આવું પણ બને છે કે પતિ પત્ની વરસોથી સુખેથી જીવી રહ્યાં છે, પાંચ સાત છોકરા છોકરીઓ છે, સૌ યુવાન તથા કેટલાંક પરણિત છે અને આવા સંજોગોમાં પણ કદીક પતિ પત્નીમાં ચડભડ થઈ, જીદે ચઢયાં ને ભાઈએ

સંતુલન ગુમાવી ગુસ્સામાં એકી ઝટકે કહી દીધું કે ''તને ત્રણ તલાક઼ !'' અને પછી ?! જાણે બોમ્બ ફૂટયા બાદ સન્નાટો ! હવે ભાઈ પણ પસ્તાય છે અને બહેન પણ ! જવાન જવાન છોકરાં ઘરમાં છે તેમની હાલત ખરાબ થઈ જાય છે, સાસરે રહેલી પુત્રી વાત સાંભળી પરેશાન પરેશાન થઈ જાય છે ! સમાજમાં બેઈજ્જતીની ચર્ચાઓ થાય છે, કુટુંબીજનો અતિ મુંઝવણમાં મૂકાઈ જાય છે. સમાજમાં લોકો તે પતિથી ધૃણા કરે છે કે આટલી ઉંમરે કેવી મૂર્ખામી કરી બેઠો ! હવે શું ?!

તો વળી કેટલાંક ઓછી ઉમરનાં જોડાંમાં પણ આવું બને છે કે કોઈ વાતે વાંકુ પડતાં ધડાધડ એકી ઝટકે તલાક઼ો બોલી નાખે છે અથવા લખી મોકલે છે અને પછી પસ્તાયને રસ્તા શોધે છે. ક્યાંક કહે છે કે અમારી વચ્ચે ખૂબ જ મહોબ્બત છે ! ''મને તો ગુસ્સામાં ભાન ન રહ્યું અને બોલી નાખ્યું !'' તો ક્યાંક જૂઠી રજૂઆતો કરી મુફ્તી સાહબો પાસેથી તલાક઼ નથી પડી તેવા માર્ગો શોધવામાં આવે છે. અને વળી કેટલાક તો થોડોક સમય અલગ રહે છે પછી વાતને ભૂલાવી દઈ પતિ પત્ની જેમ સાથે રહેવા લાગે છે ! તો વળી ક્યાંક એવું પણ જોયું કે જાહિલ બાપુને વચ્ચે ફેંકી સમાધાન કરાવી ''હલાલા'' વિના પતિ પત્ની જેમ સાથે રહેવા લાગે છે ! અને **શરીઅતને અવગણી જીવનભર વ્યભિચારમાં પડી જહન્નમના અઝાબને નોંતરે છે.** આવાં કેટલાંય દષ્ટાંતો સમાજમાં જોવા મળે છે.

### ★ એક ઝટકે ત્રણ તલાક઼ આપ્યાનું સાંભળી નબી ﷺ ગુસ્સામાં ઊભા થઈ ગયા !! ★

નસાઈએ મહમૂદ ઈબ્ને લબીદ رضي الله عنه થી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ ﷺ ને એ ખબર પહોંચી કે એક શખ્સે પોતાની પત્નીને ત્રણ તલાક઼ો એકી સાથે આપી દીધી. એ સાંભળીને આપ ગુસ્સામાં ઊભા થઈ ગયા અને ફર્માવ્યું કે, **અલ્લાહની કિતાબ સાથે ખેલ કરે છે !** જ્યારે તમારી વચ્ચે હું હજી મૌજૂદ છું ! *(બહારે શરીઅત, ૮/૪)*

**હે મુસલમાનો !** ખબરદાર ! એક સાથે ત્રણ તલાક઼ો કદાપિ ન આપશો ! વિચારો ! એક ઝટકે ત્રણ તલાક઼ આપ્યાનું સાંભળી અલ્લાહના રસૂલ ﷺ ગુસ્સાના આવેશમાં ઊભા થઈ ગયા અને ફર્માવ્યું કે, **કિતાબુલ્લાહ સાથે રમત રમો છો ?! જો તમે આશિક઼ે રસૂલ છો અને જો તમારામાં**





**ઈમાની ગૈરત બાકી હોય તો કોઈપણ સંજોગોમાં એક સાથે ત્રણ તલાક઼ો આપશો નહીં,** નહીં તો અલ્લાહના રસૂલ ﷺ જે રીતે જાહેરી હયાતમાં તડપી ઉઠયા તેમ ક઼બ્રે અન્વરમાં પણ આપ ﷺ તમારા અમલો જોઈ રહ્યા છે તો **ત્યાં પણ આપની રૂહ તડપી ઉઠશે !** અને આપ ﷺ નારાજ થશે, અને રસૂલે પાક ﷺ નારાજ થશે તો અલ્લાહ ﷻ પણ નારાજ થશે, તો કયા મોઢે તમે દુનિયાની ભલાઈ તથા આખેરતમાં શફાઅતની ઉમ્મીદ રાખી શકો છો ?! માટે બહુ જુસ્સામાં ન આવશો અને એક સાથે ત્રણ તલાક઼ો કદી બોલશો કે લખી દેશો નહીં.

### ★ એક ઝટકે ત્રણ તલાક઼ ! એટલે અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠા કરવું ! ★

ઈમામ માલિક મુઅત્તામાં રિવાયત કરે છે કે એક શખ્સે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ને કહ્યું, મેં મારી પત્નીને ૧૦૦ તલાક઼ો આપી દીધી, તમે શું હુકમ ફર્માવો છો ? ફર્માવ્યું કે, તારી પત્ની ત્રણ તલાક઼ોથી ''બાઈન'' થઈ (નિકાહથી નીકળી) ગઈ અને ૯૭ તલાક઼ો થકી તેં અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠા (મશ્કરી) કરી. *(બહારે શરીઅત, ૮/૫)*

હે મુસલમાનો ! અલ્લાહની આયતોથી મશ્કરી કરીને શું ભલાઈ પામશો ?! વિચારો ! બહુ ટેશમાં ન આવી જાવ ! નહીં તો આ જીભના એક જ ઝટકે તમો જહન્નમમાં પહોંચી જશો ! જીભને ક઼ાબૂમાં રાખો ! કોઈપણ કામ કરતાં પહેલાં શાંત ચિત્તે વિચારો કે એનાં પરિણામો શું શું આવશે ?! નહીં તો ન દીનના રહેશો ન દુનિયામાં ચૈન પામશો અને બંને જહાનમાં બેઈજ્જતીના શિકાર બની જશો. માટે કોઈ વાતથી તમને ગુસ્સો આવી જાય તો ઊભા હોઉ તો બેસી જાવ, બેઠા હોઉ તો સૂઈ જાવ, પાણી પી લો, વુઝૂ કરો.... વગેરે ગુસ્સાને દૂર કરવાના તરીક઼ા છે તે અપનાવો, ઘરથી બહાર નીકળી જાવ, પણ અલ્લાહની આયતો જોડે ઠઠ્ઠા કરી દુનિયા તથા આખેરતને બર્બાદ ન કરો.

### ★ તલાક઼ ખુદાની નજીક ખૂબ જ નાપસંદીદા ચીજ ! ★

હુઝૂર ﷺ એ ફર્માવ્યું, હે મઆઝ ! કોઈ ચીજ અલ્લાહે ગુલામ આઝાદ કરવાથી અધિક પસંદીદા પૃથ્વીના પટ પર પેદા નથી કરી અને કોઈ ચીજ

પૃથ્વીના પટ પર તલાક઼થી અધિક નાપસંદીદા પેદા નથી કરી. *(દારકુત્ની મઆઝ رضی اللہ عنہ થી રાવી, હવાલો : બહારે શરીઅત, ૮/૩)*

અબૂ દાઊદે ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત કરી કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમામ હલાલ ચીજોમાં ખુદાની નજીક નાપસંદીદા ચીજ તલાક઼ છે. *(બહારે શરીઅત, ૮/૩)*

હે મુસલમાનો ! "તલાક઼ !" આપવી જાઈઝ તથા હલાલ છે પણ એ ત્યારે જ જ્યારે પતિ પત્નીનું સાથે જીવવું ખરેખર અસહ્ય તથા અતિમુશ્કેલ થઈ જાય, અને "તલાક" આપવાનો પણ શરીઅતનો દર્શાવેલ હિકમતપૂર્ણ તરીક઼ો છે તેના પ્રમાણે જ તલાક઼ આપવામાં આવે તો કોઈ મુસીબત ઊભી થશે નહીં.

માટે પ્રથમ તો એ વિચારો કે જો તલાક઼ વિના થોડીક સબ્રથી કામ ચાલી જશે તો સબ્ર કરી લો, ન તલાક આપો ન માંગો, કારણ કે ખુદાની એ સૌથી નાપસંદીદા ચીજ છે. બીજું કે તલાક઼ આપવી જ પડે તો શરીઅતના ક઼ાનૂન પ્રમાણેની પદ્ધતિને જ અનુસરો (જે આગળ જતાં વર્ણન થશે.) તો શક્ય છે ભંગાણ પામતા સંબંધો ફરી જોડાઈ પણ જાય અને ફરી તેમાં મીઠાશ પેદા થાય. પણ એક જ ઝટકે ત્રણ તલાક઼ો આપશો તો સંભલી જવાની કે તલાક઼ પાછી ખેંચીને સંબંધમાં સુધારો કરવાનો કોઈ અવકાશ રહેશે નહીં, અને પછી પસ્તાવા સિવાય કાંઈ હાથ આવશે નહીં. ઘણા બનાવો એવા બને છે કે બંને પક્ષે તલાક઼ લેવા આપવા તલપાપડ થતાં જોડાં સમજાવટથી સાથે રહેવા માની જતાં હોય છે અને પછી સુખેથી તેમનાં જીવનો ગુજરતાં જાય છે. જેથી અકડાપણુ તથા ઉતાવળ ન કરવી કે એ શૈતાનનું કામ છે.

### ★ પતિ પત્નીને એકબીજાની ખિદમતનો મહાન બદલો ! ★

વર્તમાનકાળમાં સામાન્યતઃ સ્ત્રીઓ પતિના ત્યાં સહુલતો શોધે છે તથા પતિના માં બાપ તથા કબીલાથી, તેમના કામકાજના ભારથી અળગી થઈ આઝાદીથી અલગ રહેવાની માંગમાં તકરારો કરતી રહે છે, છેવટે નોબત તલાક઼ સુધી પહોંચી જાય છે. જો શક્ય હોય તો અલગ રહે તેમાં વાંધો નથી, પણ શક્ય ન હોય તો હઠ ન પકડે. જો બહેનો ઈમાન તથા ઈસ્લામની ઈજ્જત ક઼દર સમજતી હોય તો સબ્રથી મુક્ત મને ખુશમિજાઝ રહી પતિની




તથા કુટુંબીજનોની સેવામાં દિવસો ગુજારે તો ઘરનું વાતાવરણ ખુશનુમા રહેશે, સૌમાં તે સ્ત્રી પ્યારી પણ થઈ જશે અને સૌમાં મહોબ્બત પણ રહેશે અને આ ખિદમતનો રબ તઆલા તરફથી આખેરતમાં પણ મહાન બદલો મળશે. સાંભળો !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, **"પત્ની જ્યારે પોતાના પતિનો લિબાસ સાફ કરે છે તો અલ્લાહ તઆલા તેના અમાલનામામાં બે હજાર નેકીઓ લખવાનો હુકમ ફર્માવે છે અને તેણીના બે હજાર ગુનાહ માફ ફર્માવી આપે છે અને તે જે ચીજો પર સૂરજનાં કિરણો ફેંકે છે તે સૌ તે સ્ત્રીના માટે મગફેરતની દુઆ કરે છે, તેમજ તેણીના બે હજાર દરજા વધારી દેવામાં આવે છે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૧)*

હઝરત ઉમ્મુલ મુઅ્મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે, ચરખા (રેંટીયા)નો અવાજ તકબીર કહેવા સમાન છે, અને અલ્લાહ રબ્બુલ આલમીનની રઝા તથા ખુશ્નુદી માટે તકબીર (અલ્લાહુ અકબર) કહેવું જમીન તથા આસ્માનના વજનથી પણ ભારે છે. **જે સ્ત્રી પોતાના હાથ વડે તૈયાર કરેલ સૂતર વડે પતિનો લિબાસ તૈયાર કરીને પહેરાવે છે તો અલ્લાહ તઆલા તેને દરેક દોરાના બદલામાં એક એક લાખ નેકીઓ અતા ફર્માવે છે.**

હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہ થી રિવાયત છે કે સ્ત્રીના ચરખાનો અવાજ તથા કુર્આનની તિલાવત અલ્લાહ તઆલાની નજીક સરખા છે અને સ્ત્રીનો જેહાદ ચરખો કાંતવું છે. *(હવાલો ઉપર મુજબ)*

સારાંશ કે પતિના માટે ઉઠાવેલી સર્વ પ્રકારની તકલીફો પત્નીના ગુનાહોનો કફ્ફારો બને છે તથા આખેરતમાં નેકીઓ તથા જન્નતમાં ઉચ્ચ દરજ્જા પામવાનો સબબ બને છે જેથી આ હદીસો ધ્યાનમાં રાખી સબ્ર તથા સુકૂનથી ઘરના કામકાજ તથા ઘરના સભ્યો વગેરેમાં પ્રેમપૂર્વક પરોવાયેલા રહેવું જોઈએ અને ઘરના માહોલને ખુશ્નુમા રાખવો જોઈએ જેથી તકરાર કંકાસ પેદા ન થાય અને તલાક઼ સુધી વાત ન પહોંચે.

### ★ તે પતિના સિત્તેર વરસના ગુનાહ માફ ! ★

એ જ પ્રમાણે પતિએ પણ પત્નીનો તથા ઘરવાળાંનો ખયાલ કરીને

તેમની જરૂરતો માટે સાવધાન રહી જાતે સમય કાઢી તેણીને તથા કુટુંબીજનોને સહાયરૂપ થવું જોઈએ, ઘરમાં સૌનો પ્રેમ જીતવો જોઈએ. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ક઼યામતના દિવસે 'મીઝાન'માં સૌ પ્રથમ તે ભરણ પોષણની ચીજો રાખવામાં આવશે જે પતિ પોતાની પત્નીને આપતો હતો. તેમજ ફર્માવ્યું, **જે શખ્સ પોતાનાં બીવી બચ્ચાં માટે માલ સામાન ખરીદીને જાતે પોતે ઘરે લાવે છે તેના સિત્તેર વરસના ગુનાહ માફ કરી દેવામાં આવે છે.** જેમ કે નબી કરીમ ﷺએ બજારથી કોઈ ચીજ લીધી અને જાતે પોતે ઉઠાવીને ઘરે લાવી રહ્યા હતા. તો માર્ગમાં કોઈ સહાબીએ આપની પાસેથી લેવા ચાહ્યું (કે પોતે ઉઠાવી લે) તો આપ ﷺએ ફર્માવ્યું, જેનો બોજ છે તે જ ઉઠાવીને ચાલવાનો અધિક હક્ક઼દાર છે. *(હવાલો ઉપર મુજબ)*

જે શખ્સ બજારથી જરૂરી માલ સામાન ખરીદીને **ઔરતોની તકલીફો દૂર કરે છે તેના પર અલ્લાહ તઆલા રહમતની નજર ફર્માવે છે. અને જેના પર અલ્લાહ તઆલાની રહમતની નજર થશે તે કદી અઝાબનો મુસ્તહિક઼ થશે નહીં.** હદીષ શરીફમાં છે : **પોતાની પત્નીને ખુશ રાખવું એવું છે જેમ કે ખુદાના ડરથી રડવું.** અને જે ખુદાના ડરથી રડે તેના શરીરને અલ્લાહ તઆલા **જહન્નમ માટે હરામ** કરી આપે છે. *(હવાલો ઉપર મુજબ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત પામેલ છે કે, **જે શખ્સ પત્નીને ખુશહાલ રાખે છે તેને અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે રંજ તથા તકલીફમાં સપડાવશે નહીં, બલ્કે તે એ દિવસે ખુશી તથા આનંદમાં હશે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૨, ૮૩)*

## ★ નબી ﷺ ની દષ્ટિએ શ્રેષ્ઠ માણસ કોણ ? ★

રસૂલે મક઼બૂલ ﷺએ ફર્માવ્યું : "તમારામાં સૌથી અધિક સારો તે છે જે પોતાની પત્નીના માટે સારો હોય, અને હું મારી પત્નીઓ માટે તમારા સૌથી શ્રેષ્ઠ છું." *(કીમીયાએ સઆદત–૨૬૨)*

આજકાલ માણસ પરાયા લોકો, મિત્રો, પોતાના પીરો વગેરે સાથે સારો વહેવાર રાખીને તેમનામાં પ્રિય બની જતા હોય છે, પણ ઘરે આવીને તીસમારખાં, તેજ દિમાગવાળા બનીને ભવાં ચઢાવી અકડુ બનીને રહેતા




હોય છે ! ન પત્ની કે બાળકો સાથે પ્રેમપૂર્વક વર્તે છે ન માં બાપ, બહેનોના દિલમાં ઘર કરે છે. તો આવા લોકોએ રસૂલે પાક ﷺના ઉપરોક્ત ફર્માન પર ચિંતન મનન કરી પ્રથમ પોતાનાં માં બાપ, ઘરવાળાં પત્ની, બાળકો વગેરેનાં દિલ જીતી લેવાં જોઈએ પછી લોકોના વહાલા બનવા નીકળવું જોઈએ. તમે સારા માણસ છો કે નહીં ?! એનું સર્ટિફિકેટ ઘરવાળાં જ આપી શકે છે. હિંદુઓમાં કહેવત છે કે, "મહાદેવના ગુણ પૂજારી જાણે !" તેમ ઘરના માણસો જ પતિને નજીકથી જાણતા હોય છે. સાચે જ સભ્ય તથા શાણો માણસ તે જ છે જે પત્ની તથા ઘરવાળા સાથે સભ્ય તથા પ્રેમાળ વર્તાવ રાખતો હોય. અને જો પત્ની તથા ઘરવાળાંને ખુશ રાખશો તો લડાઈ ઝઘડા રહેશે જ નહીં, જેથી તલાક઼ની નહૂસત નડશે નહીં અને જીવન ખુશ્નુમા બની રહેશે.

## ★ હઝરત ઐયૂબ علیہ السلام જેટલો સવાબ મળશે ! ★

કેટલીકવાર પતિઓ ફરિયાદ કરે છે કે, "મારી પત્ની ખૂબ જ ટેઢી છે ! ગમે તેમ કરીએ તોય ટેઢી જ જાય છે !" તો સાંભળો ! રસૂલે ખુદા ﷺની હદીષે મુબારકા છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "સ્ત્રી પાંસળીની જેમ છે, જો તમે તેને સીધી કરશો તો તોડી નાખશો. તેણી સાથે તેના વાંકાપણાની સાથે જ ફાયદો ઉઠાવવામાં આવી શકે છે." *(ઈબ્ને માજહ, ૧૩૩, બહવાલા : બરકાતે શરીઅત)*

જેથી પત્નીના ટેઢાપણાથી ગભરાવું કે અકળાવું નહીં ! બલ્કે સબ્રથી, સમજાવટથી, હિકમતથી વર્તીને જીવન નૈયાને ખુશહાલ રાહે દોડાવતા ચાલવું જોઈએ. અને જુઓ તમે પત્નીના કટુ સ્વભાવ કે અયોગ્ય વર્તાવ પર સબ્ર કરશો તો રસૂલે પાક ﷺ તમને શું ખુશખબરી આપે છે તે સાંભળો ! રસૂલે પાક ﷺએ ફર્માવ્યું :–

"જે શખ્સ પોતાની પત્નીના કટુ સ્વભાવ પર સબ્ર કરે તેને એટલો સવાબ મળશે જેટલો હઝરત ઐયૂબ علیہ السلامને તેમની મુસીબત પર મળ્યો." *(કીમીયાએ સઆદત–૨૬૨)*

ભાઈઓ ! આપણે શું ચીજ છીએ, ખલીફા ફારૂકે આ'ઝમ હઝરત ઉમર رضی اللہ عنہ સાથે તેમનાં પત્ની સાહેબાએ ઊંચા અવાજે વાત કરી. કોઈકે સાંભળી જતાં પ્રશ્ન કર્યો કે સર્વ જગત આપના પ્રભાવથી ધ્રુજે છે અને

ઘરમાં આવું શાથી ?! તો આપે જવાબ આપ્યો, ''ભાઈ ! એ તેણીનો હક઼્ક઼ છે ! કેમ કે એ એક જ સમયે મારી રસોયણ પણ છે, ધોબણ પણ છે, મારા બાળકોની સારસંભાળ રાખનાર પણ છે અને આ તેણી મારી તથા જહન્નમની વચ્ચે આડ છે.'' તો આવી ઉદાર દિલી તથા વિશાળતાવાળી વિચારધારા રાખવી જોઈએ.

## ★ પત્નીના દુર્વ્યવહાર પર સબ્રથી વિલાયત મળી ! ★

એ જ પ્રમાણે એક વલીનો બનાવ છે કે, એક શખ્સ એક વલીને ત્યાં તેમની મુલાકાતે જાય છે તો તે વલી વિશે પૂછતાં ખૂબ જ કડક ભાષામાં ઘરમાંથી જવાબ મળે છે કે, ''જંગલમાં ક્યાંક ભટકતા હશે, લાકડાં કાપતા હશે !'' તો તે શખ્સ જંગલ તરફ જાય છે અને તે વલીને પૂછે છે કે આપના પત્ની સાહેબા ખૂબ જ સખ્ત સ્વભાવનાં છે ! તો તે વલી જવાબ આપે છે કે **મને જે વિલાયત રબ તરફથી મળી છે તે એના જ પ્રતાપે છે કે હું મારી પત્નીના દુર્વ્યવહાર પર સબ્ર કરતો રહ્યો છું !''**

હે મુસલમાનો ! પત્નીના સાથે સબ્રથી વર્તો અને વાત વાતમાં ગુસ્સે થઈને એકી ઝટકે તલાક઼ો આપવા ઉશ્કેરાઈ ન જાવ ! કે પાછળથી પસ્તાવુ પડે. સાંભળો ! કુર્આને પાકમાં રબનું ફર્માન છે :–

وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰۤى اَنْ تَكْرَهُوْا شَيْئًا وَّيَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا كَثِيْرًا

**(અર્થ)** : ''તમારી પત્નીઓ સાથે નેકી તથા ભલાઈપૂર્વક જીવન વિતાવો, શક્ય છે કે તમે કોઈ વાતને નાપસંદ કરો, અને તેમાં અલ્લાહે અઢળક ભલાઈ રાખી હોય.'' *(સૂરેઅ નિસાઅ–૧૯)* સાંભળો ! તમે જો અલ્લાહ તથા રસૂલ પર ઈમાન રાખો છો તો તેમનાં ફર્માનોને લક્ષમાં રાખો, રસૂલે પાક صلی اللہ علیہ وسلم તથા સહાબા તથા અવલિયાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن પોતાની પત્નીઓ સાથે કઈ રીતે રહેતા હતા તેનો અભ્યાસ કરો અને સબ્રથી તેમના નકશે ક઼દમ પર ચાલીને તમારી દુનિયા તથા આખેરતને ખુશ્નુમા બનાવો.

## ★ અલ્લાહની નજરમાં નેક સ્ત્રી કોણ ?! ★

મારી બહેનો ! સમજો ! તમે જે અલ્લાહ પર ઈમાન ધરાવો છો તે આપણો ખાલિક઼ માલિક ફર્માવે છે : اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ ''મર્દ





ઔરતો પર હાકિમ છે.'' તો જ્યારે અલ્લાહે જ તેને હાકિમ બનાવ્યો છે તો તેના પર તમે જબરદસ્તી હુકૂમત ચલાવવા ન જશો, બલ્કે પતિના આજ્ઞાપાલનને પોતાની ખુશનસીબી સમજશો. સાંભળો ! રબ તઆલા બીજે ઠેકાણે ફર્માવે છે :–

[illegible] **(અર્થ)** : ''નેક સ્ત્રી (પતિનું) આજ્ઞાપાલન કરે છે અને પતિની ગેરહાજરીમાં (તેના માલ તથા ઈજ્જતની) રક્ષા કરે છે જે રીતે અલ્લાહ તઆલાએ રક્ષા કરવાનો હુકમ આપ્યો છે.'' *(સૂ. નિસાઅ–૩૪)*

સારાંશ કે રબની નજરમાં ''નેક સ્ત્રી'' બનવું હોય તો આ વાતોને ગંભીરતાથી લઈને પતિની આજ્ઞાંકિત પત્ની બની જાવ, તેની ખુશીમાં ખુશ રહો પછી જુઓ રબની રહમતો તમારા જીવનને કેવું ખુશ્નુમા બનાવી આપે છે.

## ★ સુખ સગવડો માટે પતિ પણ દબાણ ન કરો ! ★

એકવાર બની કુરૈઝાને ફતહ કર્યા બાદ માલે ગનીમત મુસલમાનોના હાથ લાગતાં નબી કરીમ صلی اللہ علیہ وسلمની પાક બીવીઓએ પણ અધિક ખર્ચાની માંગણી કરી. આપ صلی اللہ علیہ وسلمને એ પસંદ ન પડયું તો એક મહિનો બીવીઓથી અલગ રહેવાની ક઼સમ ખાધી. મહિનાને અંતે આ આયત નાઝિલ થઈ :–

''હે નબી ! પોતાની બીવીઓને કહી આપો, જો તમે દુનિયાની જિંદગી અને તેનો શણગાર ચાહો છો, તો આવો ! હું તમને માલ આપુ છું અને સારી રીતે છોડી (છૂટી કરી) આપું. અને જો તમે અલ્લાહ અને એના રસૂલ અને આખેરતનું ઘર (જન્નત) ચાહો છો તો બેશક ! તમારામાંથી નેકીઓવાળીઓ માટે મહાન બદલો તૈયાર કરી રાખ્યો છે.'' *(સૂ. અહઝાબ, ૨૮, ૨૯)*

આ બનાવ મુસ્લિમ સ્ત્રીઓના સબક માટે છે કે તેણીઓએ પતિ સાથે દુનિયાની જાહોજલાલી માટે દબાણ કે કંકાસ ન કરવો, તેણીઓ જો દુનિયામાં સબ્રથી સાદાઈથી રહેશે તો તેને આખેરતમાં અલ્લાહ, રસૂલ તથા જન્નત મળશે. નેક સ્ત્રીઓ માટે આ મહાન બદલો છે.

## ★ પતિની નાફર્માનીની ભયાનક સજાઓ ! ★

હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ

ﷺએ ફર્માવ્યું, "મને જહન્નમની આગ દેખાડવામાં આવી. **જહન્નમમાં તે સ્ત્રીઓની સંખ્યા અધિક હતી જેઓ નાશુક્રી કરે છે.** પૂછવામાં આવ્યું, શું અલ્લાહની નાશુક્રી કરે છે ? ફર્માવ્યું, **પતિની નાફર્માની કરે છે અને તેના એહસાનોનો શુક્ર અદા નથી કરતી.** જો તમે આખુ જીવન તેણી સાથે એહસાન કરતા રહો અને જો કેવળ એક દિવસ તેણી તમારાથી કોઈ નાપસંદ વાત જુએ તો કહે છે કે મને તમારાથી કોઈ ભલાઈ મળી નથી." *(બુખારી, ૧/૯)*

હદીષમાં છે : પતિએ પત્નીને બોલાવી, તેણીએ ના પાડી અને પતિએ ગુસ્સામાં રાત પસાર કરી તો **સવાર સુધી તે સ્ત્રી પર ફરિશ્તા લઅનત** મોકલતા રહે છે. બીજી રિવાયતમાં છે : જ્યાં સુધી પતિ તેણીથી રાજી ન થાય ત્યાં સુધી **અલ્લાહ તે સ્ત્રીથી નારાજ** રહે છે. એક હદીષમાં છે : તેણીની કોઈ **નમાઝ** તથા **ઈબાદત ક઼બૂલ નથી થતી.**

બીજી હદીષમાં છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "પત્ની પર પતિનો હક઼્ક઼ એ છે કે જ્યારે પતિ તેણીને (નિકટતા માટે) બોલાવે તો તુરત આવી જાય ભલે તેણી તે વખતે સફર માટે ઊંટની પીઠ પર હોય, તેની રજા વિના નફ્લ રોઝા ન રાખે અને જો રાખશે તો ક઼બૂલ નહીં થાય, તે કેવળ ભૂખ તથા તરસ છે અને ઘરેથી તેની રજા વિના ન નીકળે, જો ગઈ તો આસ્માનના ફરિશ્તા, રહ્‌મતના ફરિશ્તા તથા અઝાબના ફરિશ્તા સૌ તેણી પર લઅનત કરશે જ્યાં સુધી તેણી પાછી નથી આવી જતી." *(મજમઉઝ્ ઝવાઈદ, ૪/૩૦૭, બરકાતે શરીઅત)*

'લઅનત' એટલે અલ્લાહથી રહ્‌મતથી વંચિત થઈ જવું ! તો જે રબની રહ્‌મતથી વંચિત થઈ જાય તેનો શો અંજામ થશે ?! અને હદીષે પાકમાં છે કે, "જો હું કોઈને સિજદો કરવાનો હુકમ આપત તો જરૂર સ્ત્રીઓને હુકમ આપત કે તેઓ પોતાના પતિઓને સિજદો કરે ! અને જો કોઈ શખ્સ પોતાની પત્નીને હુકમ આપે કે લાલ પહાડને કાળો અને કાળાને લાલ કરી આપે, તો સ્ત્રી પર એ હક઼્ક઼ બને છે કે તેણી એવું કરે." *(ઈબ્ને માજહ–૧૩૩, બરકાતે શરીઅત)*





હે પ્યારી બહેનો ! જો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَથી મહોબ્બત છે તો આ હદીષોને વારંવાર વાંચો અને સમજી લો કે **તમારી બંને જહાનમાં ભલાઈ પતિના આજ્ઞાપાલનમાં જ છે.** સાંભળો ! એક હદીષમાં નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "ક઼સમ છે તે જાતની જેની ક઼ુદરતના તાબા હેઠળ મારી જાન છે ! સ્ત્રી ખુદાનો હક઼્ક઼ ત્યાં સુધી અદા નથી કરી શકતી જ્યાં સુધી પોતાના પતિનો હક઼્ક઼ અદા નથી કરતી." *(ઈબ્ને માજહ–૧૩૩, બરકાતે શરીઅત)*

હે પ્યારી બહેનો ! સાંભળો ! જો તમે પતિની આજ્ઞાંકિત બની જશો તો અલ્લાહના રસૂલ ફર્માવે છે કે, "સ્ત્રી જ્યારે પાંચેવ નમાઝો પઢે અને રમઝાન માસના રોઝા રાખે અને પોતાની ઈજ્જતની હિફાઝત કરે અને પતિનું આજ્ઞાપાલન કરે તો તેણીને કહેવામાં આવશે કે **જન્નતના જે દરવાજેથી ઈચ્છે દાખલ થઈ જા !"** *(મજમઉઝ્ ઝવાઈદ, ૪/૩૦૬, બરકાતે શરીઅત)*

હે પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! આપણે મુસલમાન છીએ અને **ભલાઈનો માર્ગ આપણે કુર્આન તથા હદીષ પરથી શીખવો જોઈએ, નહીં કે પિક્ચરના હીરો હીરોઈન કે ટી.વી સીરિયલના કલાકારો થકી ! એ સૌ બિકાઉ માલ છે, એઓ પૈસાના ખાતર સર્વ કાંઈ જિસ્મ તથા ઝમીર સર્વના સોદા કરી નાખે છે અને તેની સ્ટોરીઓ કાલ્પનિક તથા બનાવટી હોય છે.** માટે મુસલમાન ભાઈઓએ નબી કરીમ ﷺને પોતાના આઈડિયલ બનાવવા જોઈએ અને બહેનોએ નબી કરીમ ﷺની લાડલી બેટી હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاને આઈડિયલ બનાવવાં જોઈએ કે કેટલી તકલીફોમાં હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا પતિને પણ રાજી રાખતાં હતાં તથા અલ્લાહની પુષ્કળ ઈબાદત પણ પાબંદીથી કરતાં અને બાળકોની પરવરિશ પણ કરતાં હતાં, પર્દો તથા શરીઅતનાં ચુસ્ત પાબંદ હતાં, બુઝુર્ગાને દીનનાં જીવન ચરિત્રોને, તેમના અખ્લાક઼ તથા અમલોને વાંચી આપણું જીવન તેમના નક઼્શે ક઼દમ પ્રમાણે ઢાળવામાં આવે તો કોઈ ફરિયાદ ઉઠશે નહીં અને દરેકનું જીવન ખુશ્નુમા તથા સંતોષકારક બની જશે.

## ★ ઈસ્લામમાં તલાક઼ની જોગવાઈ શા માટે અને તેની પદ્ધતિ ★

હા ! જ્યારે પતિ પત્ની વચ્ચે સર્વ પ્રયાસો સમજાવટો છતાં કોઈ કાળે મનમેળ થતો જ નથી, અને એક મેક સાથે રહેવા તૈયાર જ નથી થતાં તો હવે જબરદસ્તી તેમને સાથે રાખી ક્લેશયમ જીવન જીવાડવા કરતાં રાજીખુશીથી તેમના છૂટા પડવામાં જ ભલાઈ છે કે દરેક પોતાની આગલી મંઝિલ ભણી પ્રયાણ કરતાં ચાલે. અને એટલા માટે ઈસ્લામે તલાક઼ આપવાની જોગવાઈ રાખેલી છે. જો સ્ત્રીને જુલ્મ થતો હોય તેવા ઘરમાં રહેવા દેવામાં આવે અને તલાક઼ની જોગવાઈ જ ન હોય તો પછી એ તેણી પર અત્યાચાર નથી તો શું છે ? અન્ય ધર્મોમાં એકવાર લગ્ન પછી છૂટા પડવાની જોગવાઈ ન હોવાના કારણે અસંખ્ય સ્ત્રીઓએ આપઘાત કરેલા છે તથા સળગાવી દેવામાં આવી છે. અને ક્યાંક સ્ત્રી પણ જુલ્મ કરતી હોય તો ઘરવાળાનું સૌનું જીવન અશાંત થઈ જાય. પણ ઈસ્લામમાં આવા સંજોગોમાં તલાક઼ આપી પત્નીને છૂટી કરવાનો હુકમ છે. પણ તલાક઼ આપતાં પહેલાં અમુક ક્રિયા પ્રતિક્રિયા કરવામાં આવશે જેથી જો પતિ કે પત્નીને તલાક઼ પછીના સંજોગોની તકલીફોનો એહસાસ થાય તો શક્ય છે બંનેમાં સુધારો આવી જાય અને ફરી જીવનની ગાડી સારી રીતે દોડવા લાગે.

## ★ તલાક઼ આપતાં પહેલાંનો કુર્આની હુકમ ★

રબ તઆલા ફર્માવે છે :–

وَالّٰتِی تَخَافُوْنَ نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ فِی الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ ۚ فَاِنْ اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا عَلَیْهِنَّ سَبِیْلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِیًّا كَبِیْرًا ۔ وَاِنْ خِفْتُمْ شِقَاقَ بَیْنِهِمَا فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَحَكَمًا مِّنْ اَهْلِهَا ۚ اِنْ یُّرِیْدَاۤ اِصْلَاحًا یُّوَفِّقِ اللّٰهُ بَیْنَهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِیْمًا خَبِیْرًا ۔

**(તર્જુમો)** : ''અને જે સ્ત્રીઓ બાબતે હુકમનું ઉલ્લંઘન કરવાનો તમને ભય હોય તો તેણીઓને સમજાવો અને એવી તેણીઓથી અલગ સૂઓ, અને એવી તેણીઓને મારો, પછી જો તેણીઓ તમારા કહ્યામાં આવી જાય તો તેણીઓ પર વધુ (પગલાં લેવા)નો કોઈ માર્ગ ન ઈચ્છો. બેશક ! અલ્લાહ ઉચ્ચ મહાન છે. અને જો તમને પતિ પત્નીની લડાઈની બીક હોય તો એક પંચ પુરૂષવાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી,





આ બંનેવ જો સુલહ કરાવવા ઈચ્છશે તો અલ્લાહ તેમનામાં મેળ કરી આપશે, બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે.'' *(સૂ. નિસાઅ, ૩૪, ૩૫)*

**તફસીર** : જો તમને તેણીઓની નાફર્માનીની સંપૂર્ણપણે જાણકારી થઈ જાય તો એકદમ જ ગુસ્સાથી બેક઼ાબૂ બની અંતિમ પગલુ (ત્રણ તલાક઼) ન ભરો બલ્કે પહેલાં તેણીઓને નમ્રતાપૂર્વક સમજાવો, જો સમજાવટથી અસર ન થાય તો પછી તેણીથી બિસ્તર અલગ કરી દો અને પ્રેમપૂર્વકની વાતો કરવાનું ત્યજી દો. તે સ્ત્રી જેમાં શરાફતની હૂંફ હજી બચી હશે તો તે આટલાથી પોતાની સુધારણા કરી લેશે. પરંતુ જો આ તરીક઼ો પણ લાભદાયી પુરવાર ન થાય તો પછી તમે તેણીને મારી પણ શકો છો, પરંતુ માર એટલો સખત ન હોય જેનાથી શરીર પર ચૌટ આવી જાય. (કુર્તબી) અને હઝરત ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَا થી તો સ્પષ્ટતા છે કે જો મારવાના સંજોગો આવી પડે તો મિસ્વાક અથવા એ પ્રકારની કોઈ હલકી ફુલકી ચીજ વડે મારે. આજકાલ જાહિલો પત્નીઓને ઢોર માર મારે છે એની ઈજાઝત ઈસ્લામમાં સદંતર નથી. અને જો સ્ત્રી પોતાનો વર્તાવ બદલી નાખે અને પતિની આજ્ઞાંક્તિ બની જાય તો પતિ પણ પોતાનું વર્તન બદલી નાખે અને તેના પર હાથ ઉઠાવવાથી એકદમ દૂર રહે. **આ હુકમ તે ખુદાનો છે જે સૌથી ઉચ્ચ અને સૌથી મહાન છે તેના હુકમની અવગણનાનાં પરિણામો ખૂબ જ દર્દનાક છે.**

પરંતુ જો આપસની કોશિશ સુધારણા માટેની લાભદાયી પુરવાર ન થાય અને એવી અસરો જણાય કે સંજોગો પર ક઼ાબૂ કરવામાં ન આવ્યો તો મામલો તલાક઼ સુધી પહોંચી જશે તો એ વખતે ક્યાં તો પતિ પત્ની પોતપોતાના તરફથી એક એક પંચ નક્કી કરે જે એમની ફરિયાદ સાંભળીને તેનો આપસમાં નિવેડો લાવી આપે અથવા બંને કુટુંબો પંચ નક્કી કરે. અને જો મામલો અદાલત સુધી પહોંચી ગયો તો પછી હાકિમે જોઈએ કે ઉતાવળે નિર્ણય લઈ તેમનામાં જુદાઈ ન કરી આપે બલ્કે પંચ થકી તેમની સુધારણાની ભરપુર કોશિશ કરે અને જો પંચોએ નિખાલસ નિય્યતે સુધારણાની કોશિશ કરી તો અલ્લાહની તૌફીક઼ જરૂર એમાં સામેલ થશે. *(ઝિયાઉલ કુર્આન, ભાગ–૧, પેજ–૩૪૩)*

## ★ તલાક઼ આપવાનો કુર્આની ક઼ાયદો ★

પતિ પત્નીમાં મેળના સર્વ પ્રયત્ન નિષ્ફળ જાય અને જો સંબંધ કટ કર્યા વિના કોઈ ચારો ન રહે તો પતિ પોતાની પત્નીને જ્યારે તેણી માસિક સ્ત્રાવ (હૈઝ)થી ફારિગ થાય તો સંભોગ કરતા પહેલાં **એક તલાક આપે.** પછી જ્યારે બીજા મહિને તેણી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં **બીજીવાર તલાક આપે.** હજી સુધી તે રુજૂઅ (તલાક઼ પરત) કરી શકે છે. પછી ત્રીજા મહિને જ્યારે સ્ત્રી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં **ત્રીજી તલાક આપે. હવે નિકાહનો સંબંધ હમેશાંના માટે તૂટી ગયા.** પુરૂષને આટલી મોહલત જે આપવામાં આવી તો તેનું કારણ એ છે કે **પુરૂષ પોતાના તે ફૈંસલા પર એકવાર નહીં, વારંવાર વિચાર કરે અને જો પોતાના એ ફૈંસલાને પરત લેવા ચાહે તો બે વાર સુધી પાછો લઈ શકે છે,** પરંતુ જો તેણે ત્રીજીવાર પણ તલાક઼ આપી દીધી તો જાણે તેણે એ એલાન કરી આપ્યું કે તે આ સ્ત્રીને કોઈ પણ ભોગે પોતાની સાથે રાખવા નથી ચાહતો. એના પછી એને એ હક્ક઼ નથી કે ફરી રુજૂઅ કરે, (પરત લે). *(હવાલો ઉપર મુજબ)*

## ★ તલાક઼ના પ્રકારો તથા ઈદ્દત તેમજ હલાલા વિશે સમજૂતી ★

તલાક઼ના ત્રણ પ્રકાર છે : (૧) રજઈ (૨) બાઈન અને (૩) મુગલ્લઝહ

૦૧. **રજઈ** : ઉપરોક્ત લખાણમાં પ્રથમ જે દર્શાવી તે રજઈ **(એકવારની) તલાક઼** છે તેનો મતલબ એ છે કે **પતિ ઈદ્દતની અંદર રજઅત કરી શકે (તલાક઼ પાછી ખેંચી શકે)** છે, ભલે સ્ત્રી રાજી હોય કે ન હોય. અને **ઈદ્દત જતી રહે તો સ્ત્રીની મરજીથી નિકાહ કરી શકે** છે. "હલાલા"ની જરૂરત નથી.

૦૨. **બાઈન** : (બીજી વારની તલાક઼) આ તલાક઼નો મતલબ એ છે કે **સ્ત્રીની મરજીથી પતિ ઈદ્દતની અંદર નિકાહ કરી શકે છે કે ઈદ્દત પછી પણ "હલાલા"ની જરૂરત નથી.**

૦૩. **મુગલ્લઝા** : (ત્રીજી તલાક઼) આ તલાક઼નો મતલબ એ છે કે **પત્ની "હલાલા" વિના પ્રથમ પતિ માટે જાઈઝ થશે નહીં.**





## ★ મૂળ પતિના નિકાહમાં ફરી આવવા હલાલાની રીત ★

હલાલાની રીત એ છે કે તલાક઼ જો સ્ત્રી મદખૂલા (પતિથી સંભોગ પામેલી) છે તો ઈદ્દત પૂરી થયા બાદ બીજા સાથે નિકાહ કરે, તેની સાથે સંભોગ કરે. (કમસે કમ પુરૂષના ગુપ્તાંગનો સોપારી જેવો ભાગ સ્ત્રીના ગુપ્તાંગમાં પ્રવેશ પામે એટલું તો થવું જ જોઈએ) હવે એ બીજા પતિના મૃત્યુથી કે તલાક઼ આપવાથી ફરી ઈદ્દત પૂર્ણ થયા બાદ પ્રથમ પતિ સાથે નિકાહ કરી શકે છે. અને જો પ્રથમ પતિથી તલાક઼ પામેલ સ્ત્રી મદખૂલા (પતિથી સંભોગ પામેલ) નથી તો પ્રથમ પતિના તલાક઼ આપ્યા બાદ તરત જ બીજા સાથે નિકાહ કરી શકે છે, એટલા માટે કે નિકાહ પછી જો પતિથી સંભોગ નથી કર્યો તેવી સ્ત્રી (ગૈર મદખૂલા) માટે "ઈદ્દત" નથી. *(આલમગીરી, બહારે શરીઅત વગેરે)*

**ચેતવણી** : ઘણા લોકો વગર વિચાર્યે તલાક઼ આપી દે છે પછી ક઼ાયદા મુજબ હલાલો કરાવ્યા વિના જ તે તલાક઼વાળી સાથે પતિ પત્ની જેમ રહે છે તેઓ જહન્નમના અઝાબને વહોરી રહ્યાં છે એ ન ભૂલે. કારણ કે **તલાક઼વાળી સાથે પતિ પત્ની જેમ રહેવું, સંભોગ વગેરે કરવું હરામ તથા ઝિના** છે. માટે ઉપર દર્શાવ્યા મુજબ તલાક઼વાળી સ્ત્રી **હલાલો કરે તો જ મૂળ પતિ સાથે ફરી ઘર કરી શકે** છે.

**ઈદ્દત** : એટલે એ સ્ત્રીનો સમયગાળો જેમાં તેણી નિકાહ નથી કરી શકતી, ન તેનો પયગામ આપી શકાય છે, એ સર્વ **હરામ** છે. તલાક઼ પામેલી કે પતિ મૃત્યુ પામે તેવી **સગર્ભા પત્નીની ઈદ્દત સુવાવડ થતા સુધી** છે. અને **વિધવા** જો સગર્ભા ન હોય તો તેની **ઈદ્દત ચાર મહિના દસ દિવસ** છે. અને જો તલાક઼વાળી મદખૂલા (પતિથી સંભોગ પામેલી) સ્ત્રી જો **પંચાવન વરસ**ની હોય અથવા **નાબાલિગ** હોય તો **તેની ઈદ્દત ત્રણ મહિના** છે. અને **તલાક઼વાળી** સ્ત્રી જો સગર્ભા, નાબાલિગ કે ૫૫ વરસની ન હોય એટલે કે **હૈઝવાળી (માસિકવાળી) હોય** તો તેની **ઈદ્દત ત્રણ હૈઝ** છે, ભલે આ ત્રણ હૈઝ ત્રણ મહિના કે ત્રણ સાલ કે એથી અધિકમાં આવે.

## ★ તલાક઼ આપતા પહેલાં ખૂબ વિચારજો ! ★

તો આ સર્વ હતી તલાક઼ તથા તેના પછી મૂળ પતિ સાથે ફરી નિકાહ

માટે હલાલો કરવાની તથા ઈદ્દત વિશેની માહિતી. પણ માણસે શાંતચિત્તે દરેક વસ્તુનો વિચાર કરવો જોઈએ અને વાત વાતમાં ઉશ્કેરાઈને ગુસ્સાભેર ધડાધડ "તલાક઼ ! તલાક઼ ! તલાક઼ ! ની ગોળીઓ છોડવી ન જોઈએ, નહીં તો સમાજમાં પણ ફજેતી થશે અને જે અસહ્ય માનસિક વિટંબણાઓ પોતાને, પત્નીને, કુટુંબીજનોને વેઠવી પડશે તે અલગ છે.

બીજું એ વિચારો કે **તમારી બહેન કોઈને ત્યાં પરણાવી છે તેને છોકરાં છે અથવા નથી, તો એને જો તલાક઼ આપી દેવામાં આવે અને તેણીની જિંદગી દિશાશૂન્ય અંધકારમય થઈ જાય અને એ તમારા ઘરે પિયરમાં તલાક઼ પામીને પાછી આવે તો તમારા પર શું ગુજરશે ?!** તમારાં માંબાપ પોતાની પુત્રીને તલાક઼ પામેલી નિરાશ વદને ઘરમાં આવેલી જોઈને **કેટલાં ચિંતિત થશે !** તેમની વૃદ્ધાવસ્થા હાલતમાં પુત્રીનું દુઃખ જોઈને શી હાલત થશે તે વિચારો ! બસ ! તો **જેવી તમારી બહેન તેવી તમારી પત્ની પણ કોઈની બહેન કે દીકરી જ છે !** તો તેને તલાક઼ આપીને કાઢશો તો તેમના પર શું ગુજરશે તેને ગંભીર પણ વિચારશો. જેથી કોઈ આકરૂ પગલુ ભરતાં પહેલાં થોભશો ને વિચારશો. અને તલાક઼ આપવી જ પડે તેમ હોય તો એકી ધડાકે નહીં, પણ એક એક તહર (પાકીના દિવસો)માં એક આપશો જેવું કે ઉપર દર્શાવ્યું, તો એમાં સંજોગો સુધરે અથવા **તમારો વિચાર ફરે તો તલાક઼ પાછી લઈ શકાય,** પણ **ત્રણ સાથે આપશો તો શરીઅતની રૂએ તમે બહુ જ મોટા જાલિમ ઠરશો, અને એ તલાક઼ો પાછી લઈ શકાતી નથી,** પછી પસ્તાશો તો કાંઈ હાથ લાગશે નહીં, માટે કોઈ પણ પગલુ ભરો તો અત્યંત સંયમ રાખશો.

### ★ આપસમાં પ્રેમથી વર્તી ઘરને ગુલશન બનાવો ! ★

ઘણીવાર એવું બને છે કે ઘરમાં આર્થિક રીતે કોઈ કમી નથી હોતી. ઘરની આવક, ધંધો સર્વ સારાં હોય છે, ઘરનો આદમી સર્વ સુખ સગવડો ઘરની સાચવતો હોય છે પણ સાસુ, વહુ, નણંદ તથા ભાભીના ઝઘડા તથા કંકાસની વચ્ચે આદમી પીસાતો હોય છે. આખો દિવસ ધંધાની નોકરીની ભાંજગડમાં થાકીને કંટાળીને માણસ ઘરે આવે છે તો સૌનાં તેવરો જોઈને





ઔર હતાશ થઈ જાય છે, કોઈ સરખી વાત કરતું નથી, ગમે તે બહાને ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ કટુ વાણી માં બહેન કે પત્ની તરફથી સાંભળવા મળે છે. વળી ક્યારેક તેની હાજરીમાં જ ઝઘડા શરૂ થઈ જાય છે અને આવા સંજોગોમાં તે આદમી દિમાગ ગુમાવી ગુસ્સામાં ન કરવાનું કરી બેસે છે.

ઘણે ઠેકાણે વધારે પડતું એવું બને છે કે પુત્રને પરણાવવા માટે તથા વહુને ઘરે લાવવા માં તથા બહેનો તલપાપડ હોય છે, ખૂબ ધામધૂમથી ખુશીભેર પરણાવે છે, વહુ ઘરે આવે છે તેને થોડો સમય તો ખૂબ જ લાડ પ્યારથી રખાય છે પણ સમય જતાં પછી ન જાણે પતિ પત્ની સુખેથી હસી મજાક વાતો કરતાં હોય છે તો સાસુ તથા નણંદોને જાણે અદેખાઈ થાય છે કે, "હવે બૈરીનો થઈ ગયો ! અમને ગણતો નથી !" વળી ક્યાંક સાસુ તથા નણંદો ભાભીમાં ખામીઓ કાઢી કાઢી ભાઈને ચઢાવે છે અને ઘરમાં કંકાસ શરૂ થાય છે. ક્યાંક પત્ની ફરિયાદ કરે કે, "માવડીયો છે, મને ગણતો નથી !" આ ટક ટક બંને તરફની ચાલુ રહે છે, છેવટે ભાઈ ઉશ્કેરાય છે અને ક્યારેક આવી રીતે તલાક઼ો પણ થઈ જાય છે.

તો આવી જગ્યાએ નણંદો તથા સાસુઓએ વિચારવું જોઈએ કે વહુ સાથે અમે નાહક્ક઼ ઝઘડીશું, તેની ઈર્ષા કરીશું, તેને હેરાન કરીશું તો અમારા જ વહાલા ભાઈ તથા પુત્રને તકલીફ થશે, તેને દુઃખ થશે, તે ટેન્શનમાં આવી જશે, તેના કામકાજમાં દખલ થશે અને તે જીવનથી હતાશ થઈ જશે, માટે નાહક્ક઼ વહુ સાથે ઝઘડા ન કરવા. એ જ પ્રમાણે વહુએ પણ સાસુ તથા નણંદો સાથે એવું વર્તન ન કરવું જોઈએ જેનાથી પતિ પણ પરેશાન થાય. બલ્કે સારા વ્યવહારથી સૌનું દિલ જીતી લે અને તે એમ સમજીને કે મારા પ્રિય જીવનસાથીને અમારા ઝઘડા કંકાસથી તકલીફ પહોંચશે જેથી ગમે તે થાય મારે ઘરમાં વાતાવરણ ખુશ્નુમા રહે તે રીતે જ જીવવું. આ રીતે જો બંને પક્ષે વિચારવામાં આવશે તો ઘર ગુલશન બની જશે અને સૌ હસી ખુશી જીવન વિતાવશે.

### ★ દરેક ઝઘડાનું મૂળ અહંમ તથા ઘમંડ છે ! ★

સામાન્યતઃ મોટાભાગના ઝઘડા એકબીજાના અહંમ તથા ઘમંડના ટકરાવને કારણે થાય છે. પતિને બોસ હોવાનો અહંમ તથા ઘમંડ હોય છે,

સાસુને ઉપરી હોવાનો, નણંદને કાંઈ જુદો તો વહુને કાંઈ જુદી ટાઈપનો ઘમંડ કે અહંમ હોય છે અને કોઈ નીચુ જ ન નમે તો મુસીબતોના પહાડ ઉદ્‌ભવ પામે છે. પણ આ ઘમંડ કેટલી મહાન બુરાઈ છે તે વિશે જાણો અને તેને ત્યજી દો.

ફર્માને નબવી છે : **કંજૂસ, ઘમંડી અને મોટાઈની આદતવાળો** જન્નતમાં જશે નહીં. ઘમંડીને હદીષમાં **ઘણો જ બુરો બંદો** કહ્યું છે. અને ખૂબ જ ભયાનક અઝાબો ઘમંડી માટે દર્શાવાયા છે. *(મુકાશફતુલ કુલૂબ)*

વળી આપણે મુસલમાન છીએ તો **ખુદાના ડર સાથે જીવવું જોઈએ** અને આપણા પ્યારા નબી ﷺનું ફર્માન ધ્યાનમાં રાખવું જોઈએ કે ઘરમાં જ નહીં, રસૂલે પાક ﷺએ તો પડોશી માટે કહ્યું કે, **"તે શખ્સ જન્નતમાં જશે નહીં જેનો પડોશી તેની આફતોથી મેહફૂઝ નથી."** *(મુસ્લિમ શરીફ, બહવાલા અન્વારુલ હદીષ)*

જ્યારે પડોશીને સતાવનાર જન્નતથી વંચિત થઈ જાય ! તો પછી ઘરમાં જ એકબીજાને રંજાડનારનો શો અંજામ આવશે ! કારણ કે પડોશીનો તો ફક્ત એક જ હક્ક છે, જ્યારે ઘરમાં સગાઈનો હક્ક઼, મુસલમાન તરીકેનો હક્ક઼ વગેરે અનેક હક્ક઼ નિભાવવાના હોય છે.

બીજી હદીષમાં છે : "જે અમારા **નાનાઓ પર રહમ** ન કરે, અમારા **મોટાઈઓની ઈજ્જત** ન કરે, નેકીનો હુકમ ન આપે અને બુરાઈથી ન રોકે **તે અમારાથી નથી."** *(તિર્મિઝી, અન્વારુલ હદીષ)*

વિચારો ! રસૂલે ખુદા જ્યારે નાનાઓ પર રહમ ન કરનાર તથા મોટાંઓની ઈજ્જત ન કરનારને તે અમારાથી નથી ! એવું કહે છે, તો આપણે જો આપસમાં નાહક્ક઼ ઝઘડીએ તો આપણને પણ આ હુકમ લાગુ પડશે અને નબી પાક ﷺની નારાજગી વહોરીને આપણે ક્યાંયના રહીશું નહીં, અલ્લાહની નારાજગી વહોરીને બંને દુનિયાની તબાહી જ હાથ આવશે. માટે સર્વ ઘરના સભ્યોએ એકબીજા સાથે ઈસ્લામી જીવન પદ્ધતિ અપનાવી દિલી લાગણી પેદા કરી રહેવું જોઈએ તો મહોબ્બતની સુવાસથી ઘર મઘમઘી ઉઠશે અને ઘરનાં દરેક સભ્ય એકબીજા પર જાન નિછાવર કરી દેશે અને તમારું ઘર જન્નત સમાન બની જશે જ્યાં ચૈન સુકૂન હશે.





## ★ સૌમાં ઈજ્જત તથા મર્તબો શાથી વધે ? ★

હે મુસલમાનભાઈઓ ! બહેનો ! તમે નમ્ર બનશો, પ્રેમાળ બનશો તો રબ્બે કરીમ તમારાથી રાજી થશે. જુઓ સરકારે દો આલમ ﷺ ફર્માવે છે :–

"શું હું તમને એ ચીજની ખબર ન આપું જેનાથી અલ્લાહ તઆલા ઈજ્જત આપે છે, દરજ્જા બુલંદ કરે છે ? સહાબાએ અર્ઝ કરી, જરૂર બતાવો, યા રસૂલલ્લાહ ! (ﷺ) આપે ફર્માવ્યું, **"જે તમારાથી મોઢું ફેરવે તેનાથી દરગુઝર કરો, જેણે તમારા પર જુલ્મ કર્યો તેને માફ કરી દો, જેણે તમને વંચિત રાખ્યા તેને આપો, અને જેણે સંબંધ કાપ્યા તેની સાથે સંબંધ જોડો."** *(તબ્રાની–સુન્ની ફઝાઈલે આમાલ, પેજ–૭૮૧)*

મુસલમાનો ! ઘરમાં પણ આપસમાં આ હદીષ પર અમલ કરો ! અને વિચારો કે અલ્લાહ જેને ઈજ્જત આપે તેને કોણ ઝલીલ કરી શકે ! માટે આપણે મુસલમાન છીએ તો આવી અલ્લાહ વ રસૂલની વાતો પર અમલ કરીએ તો બંને જહાનની ભલાઈઓ ખુશીઓ આપણા ક઼દમોમાં આવીને પડશે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં આપણને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَના ફર્માનો પર અમલ કરવા તથા સંપૂર્ણપણે ઈસ્લામી ઢબથી જીવન જીવવાની તૌફીક઼ અતા કરે અને અલ્લાહની નાપસંદીદા ચીજ તલાક઼ની બલાથી મેહફૂઝ રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, માર્ચ–૨૦૦૯)*

....પ્રકરણ : ૧૦

## તલાક઼ વિશે સવાલ જવાબ

**સવાલ નં. ૧** : પત્નીને તેના પતિએ ત્રણ તલાક઼ આપી, અને ત્રણ હૈઝ પસાર થઈ ગયા તો સ્ત્રી તે પતિ સાથે નિકાહમાં રહી શકે છે ? ત્યાર પછી શું બીજી અથવા ત્રીજી એ સ્ત્રીને તલાક઼ આપવાની શું જરૂરત બાકી રહેશે ?

**જવાબ નં. ૧** : ત્રણ તલાક઼ો લાગુ થઈ ગયા બાદ સ્ત્રી પતિના નિકાહથી નીકળી જાય છે અને તેણી તેના માટે અજનબી સ્ત્રીથી વધીને થઈ જાય છે. ત્યાર બાદ બંનેવ જો એક સાથે રહેવા રાજી હોય તો સ્ત્રીને ઈજાઝત છે કે તે હલાલો કરે. એટલે કે તલાક઼ પછી નવેસરથી ત્રણ વાર માસિક (હૈઝ) આવીને પસાર થઈ જાય, તો તેણી બીજા શખ્સ સાથે સહીહ નિકાહ કરે, તે તેણી સાથે વતી (સંભોગ) પણ કરે, પછી જો તે તલાક઼ આપી દે તો ઈદ્દત પૂરી કરે, ત્યાર બાદ પ્રથમ પતિ સાથે નિકાહ કરી શકે છે. *(મુસલમાનો આ મસ્અલો ધ્યાનપૂર્વક વાંચી યાદ રાખી લે અને જેને ત્રણ તલાક઼ો થાય અને ફરી તે જ પતિ સાથે રહેવા ઈચ્છે તો ઉપર મુજબ હલાલો કર્યા બાદ જ રહી શકે. –તંત્રી : બરકાતે ખ્વાજા, માસિક)*

**સવાલ નં. ૨** : શું એક તલાક઼ આપ્યા બાદ જીભ વડે કાંઈ બોલ્યા વિના સમય પસાર થવા પર બીજી તથા ત્રીજી તલાક઼ પણ લાગુ થઈ જશે ?

**જવાબ નં. ૨** : જો પતિએ પોતાની પત્નીને એક તલાક઼ આપી દીધી દા.ત. આ પ્રમાણે કહ્યું કે, "તને એક તલાક઼ આપી" પછી ખામોશ રહ્યો ત્યાં સુધી કે ઈદ્દત પસાર થઈ ગઈ, તો તે સ્ત્રી નિકાહથી નીકળી જશે, પણ એના લીધે તેના પર બીજી તથા ત્રીજી તલાક઼ લાગુ પડશે નહીં. હા ! અમુક સંજોગોમાં બીજી તથા ત્રીજી વાર વિના બોલ્યે પણ તલાક઼ પડી શકે છે, દા.ત. આ પ્રમાણે કહ્યું કે તને એક તલાક઼ આજે, પછી દરેક તહર (પાકી)માં એક એક તલાક઼. તો જેમ તહર આવશે (માસિક પીરિયડ ગુજરે) તેમ





તલાક઼ આપોઆપ પડી જશે.

પણ એવું નથી કે આ તલાક઼ બોલ્યા વિના પડી રહી છે, બલ્કે તે પહેલાં જ બોલી ચૂક્યો છે એટલા માટે પડી રહી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(ખાદિમુલ ઈફતા : દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર, ૨૭–શવાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૧, તા. ૭–૧૦–૨૦૧૦) –(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, નવેમ્બર–૨૦૧૨)*

....પ્રકરણ : ૧૧

# તલાક઼ની અધિક્તાના સબબો તથા તેનો ઈલાજ

આજના સમાજમાં તલાક઼ અને છૂટાછેડા એક એવો ચિંતાનો વિષય છે જેનાથી પ્રત્યેક વ્યક્તિ ચિંતિત અને પ્રભાવિત છે. કહે છે કે આજનો દૌર ઈલ્મ અને સાયન્સનો દૌર છે. ઈલ્મ ફેલાય રહ્યો છે અને જહાલત દૂર થઈ રહી છે. દુનિયવી રીતે આ વાતમાં સચ્ચાઈ હોય તો ભલે પણ ધાર્મિક રીતે સ્થિતિ એનાથી વિપિરિત જોવા મળે છે કે માલો દૌલત અને દુનિયવી શિક્ષણ તથા જ્ઞાનમાં જેટલી પ્રગતિ થઈ રહી છે એટલી જ બલ્કે એથી વધુ પ્રમાણમાં દીન તથા ઈલ્મે દીનથી દૂરી પણ વધતી જઈ રહી છે. જેના પરિણામે આજનો મુસલમાન દીન તથા મઝહબથી દૂર, શરીઅતના હુકમોથી અજ્ઞાન અને ખૌફે ખુદા તથા આખેરતની ફિક્રથી બેપરવા થઈ રહ્યો છે. ક઼યામતનો હિસાબ કિતાબ, જહન્નમ અને તેનો અઝાબ તો જાણે કાંઈ જ નથી ! બસ દુનિયા....! દુનિયા....! અને દુનિયા ! દુનિયવી ખુશી અને આરામ મેળવવાની સતત ચિંતા, દુનિયવી નુકસાનોથી બચવાની હમેશાં ફિક્ર, દીન અને આખેરતમાં થતા નુકસાનો અને તેનાથી બચવાનો સહેજ ખયાલ નથી ! શરીઅત અને મઝહબ તો નામ માત્ર રહી ગયાં છે. દીની કામો અને દીનની સમજ મેળવવા માટે આજે આપણી પાસે સમય નથી. શરીઅતના હુકમોનું કોઈ મહત્વ કે દીન તથા શરીઅત પ્રતિ લાગણી આપણામાં જોવા મળતી નથી. સહીહુલ અક઼ીદા ઉલ્માએ દીન અને નેક લોકોની સોહબત તથા સંગતથી કોઈ મતલબ નથી, ખાનક઼ાહોમાં શરીઅત મુજબની સાચી તર્બિયત ન હોવા બરાબર છે. વળી જ્યાં છે ત્યાં મુસલમાનોનું ધ્યાન નથી. સમાચાર પત્રો અને છાપાં વાંચવાની ફુરસદ બલ્કે તાલાવેલી ! ટી.વી. જોવા માટે પુષ્કળ સમય અને આતૂરતા, આમ તેમ ફોગટમાં કલાકો વિટાવી દેવાનું કામ તો તદ્દન સહેલુ, અને જો એનાથી પણ જીવ ન ભરાય તો સમયે સમયે પાર્કો અને સીને સેન્ટરોથી પણ દિલ બહેલાવવામાં આપણે પાછા નથી





ખસતા. જે સમાજની સ્થિતિ આવી દુર્દશાવાળી હોય તો ભલા એનો દહાડો ક્યાંથી વળી શકે છે ?! કઈ રીતે એ સમાજ પારિવારિક અને પારસ્પરિક ખુશીઓથી પૂર્ણ શાંતિમય જીવન જીવી શકે છે ?!

જે સમાજની પરિસ્થિતિ આટલી હદે નાઝુક અને ચિંતનીય હોય એનાં પરિણામો જાહેર છે કે એટલી જ હદે ભયાનક હોવાં નિશ્ચિત છે. એક બીજાનો હક્ક઼ મારવો એ સામાન્ય બાબત છે, ઘર ઘરમાં સવાર સાંજ, રાત દિવસ સમાપ્ત ન થનારા લડાઈ ઝઘડાઓનું પ્રદૂષિત વાતાવરણ, ઘરથી લઈ બહાર સુધી ચારેવ બાજુ આવારગી, નગ્નતા અને બેહયાઈ, વડીલો અને નેક આધેડોનું અપમાન વગેરે અગણિત બુરાઈઓ આપણા આવા નબળા સમાજની કોખથી જ જન્મે છે. દીન અને મઝહબથી દૂર ખુલૂસ અને ખૌફે ખુદાથી વંચિત સમાજમાં પતિ પત્નીનો પવિત્ર સંબંધ જેનો આધાર કેવળ સાચી મહોબ્બત અને પરસ્પર ભરોસા પર જ હોય છે તે પણ દિન પ્રતિ દિન અત્યંત વિચિલિત બનતો જઈ રહ્યો છે. જ્યારે કે શાદી વિવાહના કુરિવાજો અને ફુઝૂલ ખર્ચીઓમાં જાણે હરિફાઈ હોય એમ અતિશય વધારો જોવા મળે છે. કાશ ! કે થોડુ ધ્યાન દીન અને આખેરત તરફ પણ કરવામાં આવતુ અને પોતાના જિગરના ટુકડા તથા આંખના તારા સમાન દીકરા દીકરીઓને દીનની સમજ આપવામાં આવતી, શરીઅતના હુકમો અને ઈસ્લામના ફર્ઝોનું જ્ઞાન આપવામાં આવતુ, દીની માહોલમાં તેમની કેળવણી કરવામાં આવતી, ઈસ્લામ શું છે અને તેના અનુસરણમાં દુનિયા વ આખેરતમાં શા ફાયદા છે ? તેમને બતાવવામાં આવતુ.

આજની યુવાન પેઢી દુનિયવી રંગરેલીઓમાં તો ખૂબ આગળ વધી ચઢીને ભાગ લે છે, અંગ્રેજી તા'લીમમાં જ નહીં અંગ્રેજી રહેણી કરણી પણ અત્યંત ઉલ્લાસભેર સ્પર્ધામય રીતે અપનાવવામાં આવી રહી છે અને એમાં કોઈપણ જાતનો ખચકાટ નડતો નથી. પરંતુ દીન અને શરીઅતથી તદ્દન કોળી છે. શાદીઓ તો ઘણી ધૂમધામથી કરવામાં આવે છે પરંતુ જીવન ગુજારવાની સાચી રીત અને તરીક઼ો શું છે ? મિયાં બીવીના હક્ક઼ો શું છે ? આ બધી વાતોથી આપણી નવી નસ્લને કોઈ લેવા દેવા હોતી નથી. ન મા બાપ અને વડીલો તરફથી એવી કેળવણી અને તર્બિયતનું ધ્યાન આપવામાં આવે છે કે તેમની ઔલાદ દીનના જરૂરી મસાઈલ અને અગત્યની વાતોની સમજ મેળવી તેમની આંખોની ઠંડક બને. નિકાહ તો કોઈપણ પઢાવી દે છે

કે બલ્કે અફસોસ ! તો એ કે નિકાહ પઢાવવામાં પણ જાતી ફાયદા માટે શરીઅતના હુકમોનો ખ્યાલ કરવામાં આવતો નથી અને જ્યાં શરીઅત વિરુદ્ધના નિકાહ પઢાવવાથી મનાઈ કરવામાં આવે છે તો કેટલાક ધંધાદારી લોકો હસતા મુખે નાજાઈઝ નિકાહ પઢાવવાની ફર્ઝ પણ બજાવી આપે છે ! છેવટે જ્યારે સંબંધોમાં ખટાશ આવે છે અને તલાક઼ સુધી વાત પહોંચી જાય છે (જાહેર છે કે શરીઅત વિરુદ્ધના કોઈપણ કાર્યમાં દીની અને દુનિયવી રીતે નુકસાન જ હોય છે તો આવી શાદીઓનો આવો ઘાટ થવો ચોક્કસ છે) અને જ્યારે સ્થિતિ આવી નાઝુક બની જાય છે ત્યારે ઈલ્મે દીનથી અભણ અને અજાણ "પતિ મહાશય" પરિણામની ચિંતા કર્યા વિના અંધાધુંધ એકી સાથે ત્રણ તલાક઼ો દઈ બેસે છે પછી જ્યારે નશો ઉતરે છે અને હોશ આવે છે ત્યાર ઉલ્મા તથા મુફ્તિયાને કિરામને પરેશાન કરવામાં આવે છે કે મુફ્તી સાહબ ! મહેરબાની કરી કોઈ રસ્તો કાઢો ! આ તો ગુસ્સામાં આવુ થઈ ગયું !.....વગેરે. હવે મુફ્તી સાહબ શું કરવાના ? બસ એ જ કે સ્થિતિને અનુકૂળ શરીઅતનો જે હુકમ લાગુ પડતો હશે તે જણાવી દેશે. પરંતુ આજે શરીઅતના આદેશોને અનુસરવા તૈયાર છે કોણ ?!

કાશ ! કે આપણી નવયુવાન પેઢીમાં દીન અને શરીઅતની સમજ હોતી. કાશ ! કે આપણા બુઝુર્ગો અને વડીલો ખુદાના ખૌફ અને આખેરતની ફિકર કરતા તો આજે આવી સ્થિતિ ન હોતી. કાશ ! કે એવા સંજોગો જ ઊભા ન થાત જેથી તલાક઼ લેવા કે દેવાની નૌબત આવતી. અને મજબૂરીમાં પણ જો આગળ પાછળનો વિચાર કરી એક જ તલાક઼ આપવામાં આવતી તો આજે સેંકડો ઘર વેરાન ન થતા, હજાર બાળકો મા બાપ હોવા છતાં યતીમીનું જીવન ન જીવતાં.

પરંતુ બુરું થાય જહાલત અને દીનથી દૂરીનું કે આપણને તલાક઼ વિશે ઈસ્લામનો શું હુકમ છે તેની જાણ નથી, ન જાણવાનો પ્રયાસ કરીએ છીએ. **દુનિયાનું કોઈપણ કાર્ય કરતા પહેલાં આપણે હજારવાર વિચાર કરીએ છીએ, તેનાથી થતા નફા નુકસાનનો હિસાબ લગાડીએ છીએ, લોકોથી મશવરા કરીએ છીએ. શાદી પહેલાં પણ સારા રિશ્તાની તલાશમાં ઘણી જ છાનબિન અને સાવચેતી કરવામાં આવે છે પરંતુ અફસોસ કે તલાક઼ આપતી વેળા, એક અતૂટ મહોબ્બતના સંબંધને તોડતી વેળા સમયે સહેજ પણ વિચાર**





**કરવામાં નથી આવતો ! વરસોની મહોબ્બત ક્ષણમાં નફરત બની જાય છે.** એક ઔરત પર તો જુલ્મ થાય જ છે સાથે સાથે તલાક઼ આપનાર પોતાનું જીવન પણ બર્બાદ કરી દે છે. બાળકોની જે સ્થિતિ થાય છે એ સૌના સમક્ષ છે. સમાજમાં જે બેઈજ્જતી થાય છે એ અલગ બલ્કે પોતાના ઘર પરિવારમાં પણ સારી નજરે જોવામાં નથી આવતો.

ઈસ્લામે જરૂરતના સમયે તલાક઼ની ઈજાઝત આપી છે અને તે પણ એક ક઼ાયદા ક઼ાનૂનના મુજબ આપી છે, જો એના પર અમલ કરવામાં આવે તો તલાક઼થી પેદા થતી બધી બુરાઈઓનો ખાત્મો થઈ શકે છે.

મર્દમાં ઈન્સાનિયત અને હમદર્દીનો થોડો પણ જઝબો હશે તો એ વિચારશે કે જે ઔરત મારી જીવનસાથી છે, જેણે પોતાના મા બાપ, ભાઈ બહેન, ઘર ગામ સર્વ છોડી માત્ર પતિના જ ભરોસે જ તેની બની ગઈ છે જેથી તેણી હમદર્દી અને લાગણીની હક્ક઼દાર છે. તલાક઼ આપવી જ પડે એવી સ્થિતિ છે તો પછી કેમ એવું કરવામાં ન આવે કે તલાક઼ પણ થઈ જાય અને સંજોગો આવા ગંભીર પણ ન બને, બંનેવ અથવા કોઈ એકને પસ્તાવો થતાં ફરી સંબંધ સ્થાપિત થઈ શકે. ઔરત પોતાની જવાન ઔલાદને છોડી પિયર જવા પર મજબૂર હોય છે અને જો બાળક નાસમજ હોય તો બાળકોનું જીવન અધિક વેરાન બની જાય છે. કારણ કે બાપ કદી પણ બાળકોને મા જેવો પ્યાર નથી આપી શકતો અને બીજી મા પણ વાસ્તવિક માની જેમ બાળકોને સાચી મહોબ્બત નથી આપતી. (ઈલ્લા માશા અલ્લાહ !)

જરૂરતના સમયે ઈસ્લામે તલાક઼ની જે ઈજાઝત આપી છે તેની અમુક શર્તો છે કે તલાક઼ પાકીની હાલતમાં (જ્યારે સ્ત્રી પાક હોય માસિક ન આવતુ હોય) આપવામાં આવે, અને માત્ર એક જ તલાક઼ હોય, તલાક઼ે રજઈ યા તલાક઼ બાઈન, પરંતુ નાસમજ લોકો ગુસ્સામાં એક સાથે ત્રણ તલાક઼ો આપી સમજે છે કે આમાં કોઈ વાંધો નથી. ભલે ત્રણ તલાક઼ો થઈ જશે પરંતુ આમ કરવું શરીઅત વિરુદ્ધ અને ગુનાહનું કામ છે. આની સૌથી મોટી ખરાબી તો એ જ છે કે વધુ પડતા તલાક઼ આપનારા તલાક઼ આપતાં તો આપી દે છે પરંતુ થોડીવારમાં તેમને પોતાની ભૂલ સમજમાં આવે છે અને ફરી પોતાની એ જ શરીકે હયાતને રાખવાનુ ઈચ્છે છે જેના કારણે "હલાલા"

જેવી ધૃણાસ્પદ સ્થિતિ સામે આવે છે. એક તલાક઼ે રજઈ આપવામાં આવતી તો પત્નીને ફરી બીજીવાર રાખવાનો હક્ક઼ રહેતો. રાખવાની ઈચ્છા ન હોવાની સ્થિતિમાં પણ ઈદ્દત પૂરી કર્યા પછી ઔરત બીજા સાથે નિકાહ કરી શકતી. અને તલાક઼ે બાઈન આપવામાં આવે તો એનો હુકમ એ છે કે ઈદ્દતમાં કે ઈદ્દત પછી એ જ પતિ સાથે ફરી નિકાહ જાઈઝ છે જેમાં બંનેવની રઝામંદી જરૂરી છે. હા ! રજઈ તલાક઼માં ઈદ્દતની અંદર પત્નીની રઝામંદી વિના પણ રજઅત (તલાક઼ પરત લેવી) જાઈઝ છે. જો ઈદ્દત પૂરી થઈ ગઈ અને રજઅત ન કરી તો બાઈન તલાક઼ની જેમ કેવળ નિકાહ જ કરવો પડશે, હલાલાની જરૂરત નહીં પડે. આમાં પણ બંનેવની રઝામંદી જરૂરી છે.

તલાક઼ વિશે એક ગલતફહમી ઘણી જ પ્રચલિત છે અને ઘણા લોકો એમ સમજે છે કે એક તલાક઼થી કાંઈ નથી થતુ ત્રણ તલાક઼ આપવી જરૂરી છે ત્યાં સુધી કે ખુલઅમાં પણ ત્રણ તલાક઼ોની માંગણી કરવામાં આવે છે જે બિલ્કુલ જાઈઝ નથી, ખુલઅમાં એક જ બાઈન તલાક઼ થાય છે અને રજઅતની ઈજાઝત નથી હોતી. હા ! બંનેવ રાજી હોય તો ફરી નિકાહ થઈ શકે છે. એમ વિચારવામાં આવે છે કે એક બાઈન તલાક઼ પછી પતિ રુજૂઅ કરી લેશે અને અલગ થવાનો હેતુ પૂરો નહીં થાય. આ સરાસર ગલત અને જહાલત છે, કારણ કે બાઈન તલાક઼ પછી પતિને રજઅતનો હક્ક઼ રહેતો જ નથી. હવે ઈદ્દત પૂરી થઈ જાય તો ઔરત બીજા સાથે નિકાહ કરી શકે છે. હા, એ જ પતિ સાથે નિકાહ કરવા પર (બંનેવની) સહમતિ હોય તો એમાં ઈદ્દતની કૈદ નથી. ઈદ્દત પહેલાં પણ નિકાહ થઈ શકે છે અને ઈદ્દત પછી પણ થઈ શકે છે, પતિને બળજબરી કરવાનો કોઈ અધિકાર નથી. નિકાહ જ્યારે પણ થશે બંનેવની રઝામંદીથી જ થશે.

ખુલઅમાં પંચાયત બોલાવવામાં આવે છે અથવા વડીલોને ભેગા કરવામાં આવે છે પણ એ જ દીનથી દૂરી અને નાસમજી આડે આવે છે. પંચ અને વડીલો પણ ભારપૂર્વક ત્રણ તલાક઼ો અપાવે છે અને પતિને ત્રણ તલાક઼ આપવા મજબૂર કરવામાં આવે છે એ બેદિલ વડીલો જાણતા નથી હોતા કે આ રીતે ઔરત મર્દની સાથે પંચના સર્વ સભ્યો અને વડીલો પણ ગુનહગાર થાય છે, આખેરતના નુકસાન સાથે દુનિયામાં પણ આ ભૂલ અને નાસમજીના અસંખ્ય તથા અસહ્ય નુકસાનો આખા સમાજે વેઠવાં પડે છે. આપણે વિચારવું જોઈએ કે જ્યારે એક તલાક઼થી પણ પતિ પત્ની જુદાં





થઈ શકે છે અને પાછળથી ભેગા થવાની સંભાવનાઓ રહે છે તો પછી ત્રણ તલાક઼નો ગુનોહ અને નુકસાન આપણે શા માટે કરીએ છીએ અથવા થવા દઈએ છીએ ? આ વાતની સમજ લોકોને આવવી ઘણી જ જરૂરી છે. **જલ્સા જુલૂસ, વિવિધ પ્રોગ્રામો અને જુમ્આ વગેરેમાં થતાં બયાનોમાં આવા અગત્યના વિષયે સારી રીતે લોકોને સમજાવવા જોઈએ જેથી તલાક઼ જેવી લા'નતનો ખાત્મો થઈ શકે.** ગુસ્સામાં તલાક઼ આપતી વેળા કોઈ વિચાર સુદ્ધાં નથી કરતું ન શરીઅતના હુકમો જાણવા અને જાણ્યા પછી સ્વીકારવા તૈયાર થાય છે, જેથી આવી સ્થિતિ ઊભી થાય છે. પરંતુ પંચ અને વડીલોની સભા જેમાં અગ્રણીઓ અને આગેવાનો જ હોય છે અને બહુ સોચ વિચાર કરી ફૈંસલો કરવામાં આવે છે ત્યાં ત્રણ તલાક઼નો ભાર પંચ અને વડીલો તરફથી આપવામાં આવે છે અને ત્રણ તલાક આપવા મજબૂર કરવામાં આવે છે. આ એક ઘણી જ નિંદનિય અને ચિંતાત્મક બાબત છે. **ઉલ્માએ કિરામ અને અઈમ્માએ એઝામ જો આ વિષય પર સહીહ મસાઈલ સાદા અને સરળ અંદાજમાં વારંવાર લોકો સમક્ષ રજૂ કરે તો જરૂર લોકો આ મસ્અલાની ગંભીરતાને સમજી તેનાથી બચવાની કોશિશ કરશે.** (ઈન્શાઅલ્લાહ !)

ઈસ્લામ એક પાકીઝા મઝહબ છે જેનો દરેક ક઼ાયદો મનુષ્યના જ ફાયદા માટે છે, તેના દરેક ક઼ાનૂનમાં ઈન્સાનિયતની ભલાઈ જ ભલાઈ છે. બસ જરૂરત છે ઈસ્લામને સમજવાની, સમજાવવાની, ઈસ્લામી શરીઅતને અનુસરવાની અને જીવનના દરેક મોડ પર ઈસ્લામને આદર્શ બનાવવાની.

અફસોસ એ વાતનો છે કે મનુષ્ય પોતે ભૂલો કરી મુશ્કેલીઓ ઊભી કરે છે, એ બાબતે ઈસ્લામી ક઼ાનૂન જાણવાની કોશિશ નથી કરતો અને જાણ કરવા પર ઈસ્લામી શરીઅતના હુકમોને સ્વીકારવા તૈયાર નથી થતો ! પછી ઈસ્લામ અને ઈસ્લામી તા'લીમાતને જે દોષ આપવામાં આવે છે. ત્યારે જ તો ગૈર મુસ્લિમો પણ મુસ્લિમ સમાજમાં તલાક઼ના અધિક પ્રમાણ અને એનાથી થતા નુકસાનો જોઈ ડાયરેક્ટ ઈસ્લામ પર પ્રહારો કરતા જણાય છે. એમાં એમનો શું વાંક ?! જ્યારે કે પોતે મુસલમાન કહેવાતા ઈસ્લામના દાવેદારો જ નથી જાણતા કે ઈસ્લામી શરીઅતમાં તલાક઼ અને એના જેવી બીજી બાબતોનો શો હુકમ છે ? એ વિશે ઈસ્લામનો ક઼ાનૂન શું છે ?!

તલાક઼ વિશે જરૂરી મસાઈલ જાણવા માટે નિમ્ન કિતાબોનો અભ્યાસ કરશો : (૧) **બહારે શરીઅત**, ભાગ : ૭ (૨) **ક઼ાનૂને શરીઅત** (ઉર્દૂ, ગુજરાતી, હિંદી) (૩) **તીન તલાક઼** : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી مدظلہ العالی (૪) **તીન તલાક઼ કી શરઈ હૈષિયત** : હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી مدظلہ العالی (૫) **તલાક઼ ક્યું ?!** : મૌલાના અબ્દુલ હ઼ન્નાન રઝવી મિસ્બાહી مدظلہ العالی (૬) **તલાક઼ ઔર હમારા મુઆશરા** : મૌલાના સાબિર રઝા રહબર મિસ્બાહી (૭) **તલાક઼ ઔર હમારા મુઆશરા** : મૌલાના અખ્તર હુસૈન ફૈઝી મિસ્બાહી (૮) વિશેષ રીતે ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત અને સરળ રીતે તલાક઼ વિશે જરૂરી મસાઈલ રજૂ કરતી કિતાબ **"તલાક઼ વિશે સમજૂતી તથા અન્ય મસાઈલ"** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*નો અવશ્ય અભ્યાસ કરશો.

અલ્લાહ તબારક વ તઆલા સૌને દીનની સાચી સમજ મેળવી શરીઅત મુજબ જીવન જીવવાની તૌફીક઼ આપે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ડિસેમ્બર–૨૦૧૧, અઝ : હઝરત અલ્લામા મુહમ્મદ અબ્દુલમુબીન નોઅમાની ક઼ાદરી–મુબારકપુર, અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી, મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*



# બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

મારા પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! વર્તમાન સમયમાં દીને ઈસ્લામની વિરૂધ્ધ તથા સુન્નિયતની વિરૂધ્ધ દિન પ્રતિ દિન અવનવા ફિત્ના, નીત નવા સ્વરૂપે માથુ ઊંચકી રહ્યા છે. ગુમરાહીનું પુર આંધીની જેમ ઉમટીને આપણા ઉંબરાઓમાં અથડાઈ રહ્યું છે, ગુનાહોના પ્રદૂષણે સમગ્ર વાતાવરણને ભરી દીધું છે, એવા નાઝુક સમયે "બરકાતે ખ્વાજા" (માસિક) એ આંધીઓ સામે દીન ઈમાનને ટકાવી રાખવા એક મજબૂત કિલ્લા સમાન છે તથા ગુનાહોના પ્રદૂષણને ફેંદીને નેક અમલોની સુવાસ ફેલાવવા તનતોડ કોશિશમાં લાગેલ છે.

## ★ સુન્ની મુજાહિદોને વિનંતિ ! ★

દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે નવા ગ્રાહકો બનાવીને તેમનાં લવાજમો અમને રવાના કરતા રહો. આ રીતે દીને હક્કની કલમી જંગને મજબૂત કરવામાં સહભાગી બની દીનના સિપાહીની હરોળમાં નામ નોંધાવી દો ! જેનો મહાન બદલો અલ્લાહ તઆલા તરફથી તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મળશે.

## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૫/– |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/– |
| ★ વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/– |
| ★ આજીવન | રૂા. | ૪,૦૦૦/– |
| ★ વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| ★ વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |

–લિ. **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા)*
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧, ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧